પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

**સુવિચાર**

કડવું સત્ય બોલનારા
લોકો ખોટા દિલાસા
દેવાંવાળા લોકો કરતાં
લાખ ગણાં સારા હોય છે...

ગ્રામ્ય આવૃત્તિ પાના: ૧૨
તા. ૨૫-૩-૨૦૨૬, બુધવાર
વર્ષ: ૧૫, અંક : ૧૫

# અબતક ®

સાંધ્ય દૈનિક
મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

અપ્પુ જથ્થાબંધ ખરીદો જથ્થાબંધ ફાયદો
સૌરાષ્ટ્રની પ્રખ્યાત
ચણાદાળ
વ્યાપારિક પૂછપરછ આવકાર્ય
98242 00970
હેલ્પર જોઈએ છે

Price Rs.:4 ABATAK-RAJKOT 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia


### અબ આયા ઊંટ પહાડ કે નીચે!

# ટ્રમ્પે ઈસ્લામાબાદમાં બેઠક યોજતા પહેલા મોદીની ‘સલાહ’ લીધી

## સ્ટ્રેટ ઓફ હોર્મુઝ ખુલ્લો રહેવો એ માત્ર ભારત માટે જ નહીં, પણ સમગ્ર વિશ્વની આર્થિક સ્થિરતા માટે અનિવાર્ય: મોદીની કૂટનીતિ

**અબતક, નવી દિલ્હી**


પશ્ચિમ એશિયામાં સર્જાયેલા યુદ્ધના માહોલ વચ્ચે હવે ખરા અર્થમાં ’ઊંટ પહાડ નીચે આવ્યું’ હોય તેવું લાગી રહ્યું છે. ઈરાન સામે સૈન્ય કાર્યવાહીના નગારા વગાડતા અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે અચાનક પીછેહઠ કરી છે અને હવે તેઓ શાંતિ વાટાઘાટોના મૂડમાં દેખાય છે. આ આખી રમત પાછળ ભારતનો પ્રભાવ કેટલો છે, તેનો પુરાવો



મંગળવારે મળ્યો જ્યારે ટ્રમ્પે પાકિસ્તાન દ્વારા પ્રસ્તાવિત શાંતિ મંત્રણામાં ભાગ લેતા પહેલા સીધો વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ફોન લગાવ્યો હતો.

ટ્રમ્પ પ્રશાસન હવે ઈરાન સાથે વાતચીત કરવા માટે ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સને પાકિસ્તાન મોકલવાનું વિચારી રહ્યું છે. પરંતુ, ઈસ્લામાબાદમાં થનારી આ મહત્વની મીટિંગ અને સંભવિત મધ્યસ્થી પહેલા ટ્રમ્પે પીએમ મોદી સાથે ’યુઝફુલ એક્સચેન્જ ઓફ વ્યુઝ’ (ઉપયોગી વિચારોનું આદાનપ્રદાન) કર્યું હતું. જાણકારોનું માનવું છે કે, ટ્રમ્પ જાણતા હતા કે આ વિસ્તારમાં ભારતનો દબદબો અને ઈરાન સાથેના

(અનુ. આઠમા પાને)



### ૨.૩ લાખ ટન રાંધણગેસના પાંચ જહાજો સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં ફસાયા

ભારત સરકાર દ્વારા મંગળવારે પુષ્ટિ કરવામાં આવી છે કે આશરે ૨.૩ લાખ ટન રાંધણગેસ (એલપીજી)લઈને આવી રહેલા ભારતીય ધ્વજ ધરાવતા પાંચ ટેન્કરો હાલમાં સ્ટ્રેટ ઓફ હોર્મુઝની પશ્ચિમ દિશામાં રોકાયેલા છે. શિપિંગ મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ પાંચ પૈકી બે મુખ્ય જહાજો, ’પાઈન ગેસ’ અને ’જગ વસંત’, ચાલુ અઠવાડિયે જ ભારતના ન્યૂ મેંગલોર અને કંડલા બંદરે પહોંચવાની અપેક્ષા છે. મંત્રાલયના વિશેષ સચિવ રાજેશ કુમાર સિંહાએ સ્પષ્ટતા કરી હતી કે હોર્મુઝ એ એક આંતરરાષ્ટ્રીય જળમાર્ગ હોવાથી ત્યાંથી પસાર થવા માટે કોઈ પણ દેશની ખાસ પરવાનગીની જરૂર નથી અને આંતરરાષ્ટ્રીય નિયમો મુજબ દરેક દેશને ત્યાંથી અવરજવર કરવાનો અધિકાર છે. જોકે, વર્તમાન ભૌગોલિક-રાજકીય તણાવને જોતા જહાજોની સુરક્ષા આકારણી અને યોગ્ય સમયની પસંદગી કરવી અનિવાર્ય છે. હાલમાં આ વિસ્તારમાં કુલ ૨૦ જેટલા ભારતીય જહાજો હોવાનું મંત્રાલયે જણાવ્યું છે.

### ઈરાન મચક નહીં આપે તેવી ટ્રમ્પને ભીતિ

## 3000 એરબોર્ન સ્પેશ્યલ ટાસ્ક ફોર્સ તૈનાત કરતું અમેરિકા



અમેરિકા અને ઈરાન વચ્ચેના સંબંધો ફરી એકવાર ગંભીર વળાંક પર આવી ગયા છે. તાજેતરના અહેવાલો મુજબ, ટ્રમ્પ પ્રશાસને મધ્ય પૂર્વમાં પોતાની પકડ મજબૂત કરવા માટે તેની સૌથી ઝડપી સ્ટ્રાઈક ફોર્સ ગણાતી ૮૨ક્ષમ એરબોર્ન ડિવિઝન ના આશરે ૩,૦૦૦ સ્પેશ્યલ પેરાટ્રૂપર્સને રવાના કર્યાં છે.રાજકીય વિશ્લેષકોનું માનવું છે કે ડોનાલ્ડ ટ્રમ્પને ભીતિ છે કે ઈરાન નરમ વલણ અપનાવવાને બદલે વળતો પ્રહાર કરી શકે છે. ઈરાન મચક આપવા તૈયાર નથી તેવા સંકેતો મળતા જ અમેરિકાએ પોતાની ’રેડી-ટુ-ફાઈટ’ ગણાતી ફોર્સને એલર્ટ મોડ પર મૂકી દીધી છે. આ તૈનાતી માત્ર પ્રદર્શન નથી, પરંતુ કોઈ પણ કટોકટીમાં ગણતરીના કલાકોમાં કાર્યવાહી કરવાની તૈયારી છે. આ ફોર્સ દુનિયાના કોઈપણ ખૂણે માત્ર ૧૮ કલાકમાં પહોંચીને મોરચો સંભાળવાની ક્ષમતા ધરાવે છે.આ એ જ યુનિટ છે જેણે બીજા વિશ્વયુદ્ધમાં નાઝી શાસિત ફ્રાન્સમાં પેરાશૂટ દ્વારા ઉતરીને જર્મન સેનાના છક્કા છોડાવ્યા હતા.આ સૈનિકો એરપોર્ટ કબજે કરવા, મહત્વના બ્રિજ સુરક્ષિત કરવા અને દુશ્મનની પાછળ જઈને ગેરિલા યુદ્ધ લડવામાં માહેર ગણાય છે.

### યુદ્ધના વાદળો વિખેરાયા

# સોના-ચાંદી સાથે શેરબજાર પણ ખીલ્યું: સેન્સેક્સમાં ૧૫૦૦ પોઈન્ટનો ઉછાળો

## એમસીએક્સ પર ચાંદીના ભાવમાં રૂ.૧૨૭૫૦ અને સોનાના ભાવમાં રૂ.૫૪૫૦નો ઉછાળો: ડોલર સામે રૂપીયો થોડો નરમ

**અબતક, રાજકોટ**

ઈરાન અને અમેરિકા-ઈઝરાયેલ વચ્ચે છેલ્લા ૨૪ દિવસથી ચાલી રહેલુ ભિષણ યુધ્ધ હવે પૂર્ણ થાય તેવી આશા ઉભી થતા ભારતીય શેર બજાર અને બુલિયન બજારમાં તેજીનો સુર્યોદય થયો છે. આજે સોના-ચાંદીના ભાવમાં જોરદાર ઉછાળા જોવા મળ્યા હતા. જયારે સેન્સેક્સ અને નિફટી પણ ઉછળ્યા હતા. અમેરિકી ડોલર સામે ભારતીય રૂપીયો થોડો નરમ દેખાતો હતો.

ઈરાન અને અમેરિકા હવે યુધ્ધથી થાકયા હોય તેવું લાગી રહ્યું છે. બંને દેશોએ યુધ્ધ વિરામ



માટે વાતચીત કરવા તૈયાર થઈ રહ્યા છે. જે ભારત સહિત વિશ્વભરના દેશો માટે ખૂબ જ સારી નિશાની છે. યુધ્ધના વાદળો વિખેરાવાની શકયતા દેખાવા લાગતા શેર બજાર અને બુલિયન બજારમાં જોરદાર તેજી જોવા મળી હતી.

આજે ઈન્ટ્રા ડેમાં સેન્સેકસે ૭૫ હજારની સપાટી કુદાવી હતી. સેન્સેકસે ૭૫૩૩૨.૯૯ની સપાટી હાંસલ કરી હતી જયારે સરકીને ૭૪૫૫૦.૪૭ સુધી સરકી ગયો હતો. જયારે નિફટીએ પણ ૨૩ હજારની સપાટી કુદાવી હતી. અને ૨૩૩૨૪.૯૫ની દિવસ દરમિયાનની ઉપલી સપાટી હાંસલ કરી હતી. નીચલી સપાટી ૨૩૦૬૩.૨૦ રહેવા પામી હતી.

બેંક નિફટીમાં ૧૧૦૦ પોઈન્ટ અને નિફટી મીડકેપ ૧૦૦મા ૧૨૭૫ પોઈન્ટનો ઉછાળો જોવા મળ્યો હતો. આજે સન્માન કેપીટલ, કયાંન્સ ટેક, પીઆઈ ઈન્ડસ્ટ્રીઝ, સોલાર ઈન્ડસ્ટ્રીઝ, એચડીએફસી બેંક, લાર્સન, આઈસીઆઈસીઆઈ બેંક, ભારતી એરટેલ, વોડાફોન આઈડીયા, યશ બેંક, સુઝલોન એનર્જી, સીસીએલ પ્રોડકટસ, એમ શ્યોર ફાર્મર્સ સહિતની કંપનીના શેરોના ભાવમાં ઉછાળો નોંધાયો હતો. જયારે ઓઈલ ઈન્ડીયા, યુનાઈટેડ સ્પીરીટ ટેક મહિન્દ્રા, સહિતની કંપનીના શેરોના ભાવ તુટયા હતા.

બુલીયન બજારમાં ફરી તેજીનો સૂર્યોદય થયો છે. આજે સોનાના ભાવમાં રૂ. ૫૪૦૦નો ઉછાળો જોવા મળ્યો હતો. હાલ એમસીએકસ પર પ્રતિ ૧૦ ગ્રામ સોનાનો ભાવ રૂ.૧,૪૪,૩૦૦ ચાલી રહ્યા છે. આજે સોનું વાયદા બજારમાં રૂ. ૧,૪૪,૭૫૦ સુધી ઉંચકાયો હતો. જયારે નીચલી સપાટી રૂ.૧૪૩૦૭૯ રહેવા પામી હતી. જયારે ચાંદીના ભાવમા રૂ.૧૨૦૦૦થી વધુનો ઉછાળો રહ્યો હતો. વાયદા બજારમાં એક કિલો ચાંદીના ભાવ રૂ.૨,૩૭,૧૬૮ સુધી ગયા હતા. જયારે નીચલી સપાટી રૂ.૨૩૨૯૦૦ રહ્યા હતા. અમેરિકી ડોલર સામે ભારતીય રૂપીયો ૬ પૈસા નરમ દેખાતો હતો.

આ લખાય રહ્યું છે ત્યારે સેન્સેક્સ ૧૪૨૪ પોઈન્ટના ઉછાળા સાથે ૭૫૪૯૨ અને નિફટી ૪૫૪ પોઈન્ટના ઉછાળા સાથે ૨૩૩૬૪, બેંક નિફટી ૧૨૪૭ પોઈન્ટના ઉછાળા સાથે ૫૩૮૫૨ પોઈન્ટ પર અને નિફટી મીડકેપ ૧૦૦ ૧૩૬૮ પોઈન્ટના ઉછાળા સાથે ૫૫૪૫૫ પર કામકાજ કરી રહ્યા છે.

ડોલર સામે રૂપીયો ૬ પૈસાની નરમાશ સાથે ૯૩.૯૩ પર ટ્રેડ કરી રહ્યો છે.

# સંકટની સ્થિતિમાં તમામ પક્ષોને સાથે રાખવા સરકારે બેઠક યોજી

## પશ્ચિમ એશિયા સંઘર્ષથી ઊર્જા પુરવઠા પર અસર અને અખાતી દેશોમાં વસતા ભારતીયો અંગે ચિંતા: સરકારે એકજૂથતાનો સંદેશ આપવા કવાયત હાથ ધરી

**અબતક, નવી દિલ્હી**

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા ગંભીર સંકટ અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંસદના બંને ગૃહોમાં નિવેદન આપ્યા બાદ, કેન્દ્ર સરકારે આજે એક મહત્વપૂર્ણ સર્વપક્ષીય બેઠક યોજી છે. આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય વિવિધ રાજકીય પક્ષો દ્વારા ઉઠાવવામાં આવેલા પ્રશ્નોનું નિરાકરણ લાવવાનો અને આ વધતા જતા વૈશ્વિક સંકટ સામે ભારતનો એકજૂથ ચહેરો રજૂ કરવાનો છે.

આ સર્વપક્ષીય બેઠકમાં સરકારના વરિષ્ઠ મંત્રીઓ અને નેતાઓ હાજર રહ્યા હતા. જેમાં સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ, ગૃહ મંત્રી અમિત શાહ અને વિદેશ મંત્રી એસ જયશંકર ખાસ ઉપસ્થિત રહ્યા હતા. પશ્ચિમ એશિયાના મુદ્દે સરકારના પ્રતિભાવ અને વલણ અંગે વિપક્ષની ટીકાઓ બાદ બોલાવવામાં આવેલી આ પ્રથમ મહત્વની બેઠક હતી.

લોકસભા અને રાજ્યસભામાં પોતાના સંબોધન દરમિયાન નરેન્દ્ર મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે પશ્ચિમ એશિયાનો આ સંઘર્ષ ભારત માટે પણ એક સીધો પડકાર ઉભો

(અનુ. આઠમા પાને)

### સોનિયા ગાંધીને હોસ્પિટલમાં દાખલ કરાયા



કોંગ્રેસ સંસદીય દળના પ્રમુખ અને રાજ્યસભા સાંસદ સોનિયા ગાંધીની મોડી રાત્રે અચાનક તબિયત બગડતા તેમને દિલ્હીની સર ગંગારામ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે. લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી અને સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રા પણ હોસ્પિટલમાં માતાની દેખરેખ માટે આવ્યા છે. હાલમાં ડોક્ટરોની ટીમ તેમના સ્વાસ્થ્યનું સતત ચેકઅપ કરી રહી છે. હોસ્પિટલ તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર હેલ્થ બુલેટિન જાહેર કરવામાં આવ્યું નથી. સોનિયા ગાંધીની તબિયત બે મહિના પહેલા જાન્યુઆરી ૨૦૨૬માં પણ લથડી હતી. તે સમયે તેમને છ દિવસ સુધી સર ગંગારામ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. હોસ્પિટલમાંથી રજા મળ્યા બાદ પણ તેમના નિવાસસ્થાને તેમની સારવાર સતત ચાલતી હતી.

### ‘આયાતી’ રાંધણ ગેસનું ભારણ ઘટાડવા સરકાર સજ્જ

# દેશના ખૂણે-ખૂણે નેચરલ ગેસ પહોંચાડી દેવા સરકારે પાઈપલાઈન બિછાવવાનું અભિયાન શરૂ કર્યું

## એસેન્શિયલ કોમોડિટીઝ એક્ટ હેઠળ લાગુ કરાયેલા નવા સમયબદ્ધ માળખાથી પીએનજી નેટવર્ક અને સ્વચ્છ ઊર્જાનો વ્યાપ વધારાશે

**અબતક, નવી દિલ્હી**

અત્યારે યુદ્ધની સ્થિતિમાં આયાતી રાંધણ ગેસ



ઉપરની નિર્ભરતાની ગંભીર અસર જોવા મળી રહી છે. ત્યારે આ આયાતી ગેસનું ભારણ ઘટાડવા સરકાર સજ્જ બની છે.

દેશના ખૂણે ખૂણે નેચરલ ગેસ પહોંચાડી દેવા સરકારે પાઈપલાઈન બિછાવવાનું અભિયાન શરૂ કર્યું છે.

કેન્દ્ર સરકારે મંગળવારે એસેન્શિયલ કોમોડિટીઝ એક્ટ હેઠળ એક મહત્વપૂર્ણ આદેશ પ્રસિદ્ધ કર્યો છે. આ આદેશ સમગ્ર દેશમાં ગેસ પાઈપલાઈન નાખવા અને તેના વિસ્તરણ માટે એક સરળ અને સમયબદ્ધ માળખું પૂરું પાડે છે. આ નિર્ણયથી ભારતમાં નેચરલ ગેસ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો ઝડપી અને સુવ્યવસ્થિત વિકાસ શક્ય બનશે.સરકારના જણાવ્યા અનુસાર, આ આદેશ તાત્કાલિક

(અનુ. આઠમા પાને)

### અવકાશી ખેતી માટે ગુજરાત સજ્જ


# ગીર સોમનાથમાં સ્થપાશે ભારતનું ત્રીજું સેટેલાઈટ લોન્ચ સેન્ટર: સાણંદ બનશે સ્પેસ હબ

## ૫૦૦ કરોડના ખર્ચે દેશનો પ્રથમ ખાનગી સેટેલાઈટ પ્લાન્ટ ૧૦૦ એકરમાં ભવ્ય ‘સ્પેસ પાર્ક’ આકાર લેશે

**અબતક, ગાંધીનગર**

ગુજરાત હવે માત્ર ઉદ્યોગોમાં જ નહીં,ભારતના અંતરિક્ષ ક્ષેત્રે ગુજરાત એક મોટી છલાંગ લગાવવા જઈ રહ્યું છે. શ્રીહરિકોટા અને તમિલનાડુના કુલશેખરપટ્ટિનમ બાદ, હવે ગુજરાતના ગીર સોમનાથ જિલ્લામાં ભારતનું ત્રીજું સેટેલાઈટ લોન્ચ સેન્ટર (સ્પેસપોર્ટ) સ્થાપવાની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે.

ગીર સોમનાથ જિલ્લામાં દીવ અને કોડિનારની વચ્ચે અરબી સમુદ્રના કિનારે આ લોન્ચપેડ સ્થાપવામાં આવશે. ઈન-સ્પેસ સંસ્થા દ્વારા આ જગ્યાને લોન્ચિંગ માટે સુરક્ષિત અને યોગ્ય જાહેર કરવામાં આવી છે. શ્રીહરિકોટા (આંધ્રપ્રદેશ) અને કુલશેખરપટ્ટિનમ (તમિલનાડુ) બાદ ગુજરાત ભારતનું ત્રીજું ગેટવે ટુ સ્પેસ (અંતરિક્ષનું દ્વાર) બનશે.ઈન-સ્પેસના હેડકવાર્ટર અમદાવાદમાં હોવાથી ગુજરાતને ખાનગી



રોકેટ લોન્ચિંગ કંપનીઓ માટે પહેલી પસંદ બનાવવામાં સરળતા રહેશે તેમજ સાથે સાથે રાજ્ય સરકાર અમદાવાદ નજીક સાણંદ ખાતે ૧૦૦ એકર જમીનમાં અત્યાધુનિક ’ગુજરાત સ્પેસ પાર્ક’ સ્થાપી રહી છે. આ પાર્ક ભારતના ખાનગી સ્પેસ સેક્ટર માટે માઈલસ્ટોન સાબિત થશે.

સાણંદના ખોરજ ખાતે ’એઝિસ્ટા એરોસ્પેસ’ દ્વારા ૫૦૦ કરોડ રૂપિયાના જંગી રોકાણ સાથે ભારતનો પ્રથમ સંકલિત ખાનગી સેટેલાઈટ પ્લાન્ટ સ્થાપવામાં આવશે. આ પ્લાન્ટનું નામ ’પામનારો’ રાખવામાં આવ્યું છે.આ સુવિધા માત્ર સ્પેરપાર્ટ્સ પૂરતી સીમિત નહીં રહે, પરંતુ અહીં સેટેલાઈટનું ડિઝાઈનિંગ, એન્જિનિયરિંગ, એસેમ્બલી અને ફાઈનલ ટેસ્ટિંગ એમ તમામ પ્રક્રિયાઓ એક જ છત નીચે કરવામાં આવશે.અહીં વાર્ષિક ૫૦ થી વધુ નાના ઉપગ્રહો બનાવવાની ક્ષમતા વિકસાવવામાં આવશે, જેને ભવિષ્યમાં ૨૫૦ સુધી લઈ જવાનું લક્ષ્ય છે.

આ પ્રોજેક્ટ દ્વારા ઈલેક્ટ્રોનિક્સ, મિકેનિકલ એન્જિનિયરિંગ અને રિમોટ સેન્સિંગ ક્ષેત્રના નિષ્ણાતો માટે હજારોની સંખ્યામાં ઉચ્ચ સ્તરીય રોજગારીની તકો ઊભી થશે. આ બંને પ્રોજેક્ટ્સ દ્વારા ગુજરાત સરકાર અંતરિક્ષ વિજ્ઞાનના માધ્યમથી રાજ્યના આર્થિક વિકાસને નવી ઊંચાઈઓ પર લઈ જવા માટે સજ્જ છે.

## શરીરના અદ્રશ્ય સંદેશવાહકો

# હોર્મોન્સ: આરોગ્ય, વૃદ્ધિ અને ભાવનાઓના માસ્ટર કંટ્રોલર

### હોર્મોન્સ એટલે આપણા શરીરની અંતઃસ્ત્રાવી ગ્રંથીઓ દ્વારા ઉત્પન થતાં અતિ સુક્ષ્મ તત્વો: શરીરની દરેક ક્રિયાઓ-પ્રક્રિયાઓની દોરવણી સાથે શરીરના અનેક અવયવોના કાર્ય તથા વિકાસમાં અતિ મહત્વપૂર્ણ ભાગ ભજવે છે: જીવનથી મૃત્યુ સુધી જીવંત પ્રાણીના દરેક તબક્કામાં હોર્મોન્સ આવશ્યક છે

**નોલેજ કોર્નર**




**ડો.અરૂણ દવે**
મો.૯૮૨૫૦૭૮૦૦૦

માનવ શરીરના હોર્મોન્સ એ શરીરની અંદર બનતા નાના રાસાયણિક સંદેશવાહક હોય છે, જે લોહીમાં તરી વિવિધ અવયવો અને પેશીઓ સુધી પહોંચી તેમની ક્રિયાઓ નિયંત્રિત કરે છે. તેઓ વૃદ્ધિ, ચયાપચય, ભૂખ, ઊંઘ, રક્તપ્રેશર, જાતીય કાર્યો, પ્રજનન અને મૂડ જેવી મોટી શારીરિક માનસિક પ્રક્રિયાઓને સંતુલિત રાખવામાં મહત્વનો ભાગ ભજવે છે. જ્યારે હોર્મોન્સનું સંતુલન જળવાયેલું હોય ત્યારે શરીર સામાન્યપણે સ્વસ્થ રહે છે, પરંતુ તેમનો ઓછાપણો કે વધારો થાય તો ઉંઘ, તણાવ, થાક, વજનમાં ફેરફાર વગેરે સમસ્યાઓ ઉભી થઈ શકે છે. તે જીવનની દરેક પ્રક્રિયાનું સૂક્ષ્મ નિયંત્રણ કરે અને શરીરના સંતુલન અને વિકાસના શિલ્પકાર ની ભૂમિકા ભજવે છે. તે શરીરના અંદર ચાલતી શાંત ક્રાંતિ છે.

હોર્મોન્સ વગર જીવ ઉત્પતિ શક્ય જ નથી, જીવનો વિકાસ શક્ય નથી અને જીવન શક્ય નથી. તે આપણાં શરીરમાં ઓછું કે વધારે હોય તો પણ મુશ્કેલી સર્જી શકે છે. યોગ્ય માત્રામાં આપણાં શરીરમાં તેનું બેલેન્સ નોર્મલ જીવન જીવવા માટે અનિવાર્ય છે. હોર્મોન્સ એટલે શરીરની અંતઃસ્ત્રાવ ગ્રંથીઓ દ્વારા ઉત્પન થતાં અતી સુક્ષ્મ તત્વો છે. શરીરની દરેક ક્રિયાઓ-પ્રક્રિયાઓની દોરવણી સાથે શરીરના અનેક અવયવોના કાર્યો તથા તેના વિકાસમાં અતિ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આપણા જીવનથી મૃત્યુ સુધીની સફરમાં દરેક તબક્કામાં હોર્મોન્સ આવશ્યક છે. શરીરના વિવિધ ભાગોમાં તેને ઉત્પન કરતી ગ્રંથીઓ આવેલી છે. હોર્મોન્સને બે પ્રકારમાં વર્ગીકૃત કરી શકાય જેમાં પેટટાઈડ હોર્મોન અને સ્ટીરોઈડ હોર્મોન્સ છે.

શરીરના વિવિધ ભાગોમાં હોર્મોન્સ ઉત્પન કરતી ગ્રંથીઓને અંતઃસ્ત્રાવી કે એન્ડોક્રાઈન ગ્લેન્ડ્સ કહેવાય છે. આ ગ્રંથીઓ ખૂબ જ નાની હોય છે અને અતી સુક્ષ્મ પ્રમાણમાં અમુક તત્વો બનાવે છે. આ તત્વો લોહીમાં ભળીને શરીરના વિવિધ અવયવો સુધી પહોંચે છે અને તે અવયવોના વિકાસ અને કાર્યમાં મદદરૂપ થાય છે. આ તત્વો કે રસાયણોને 'હોર્મોન્સ' કહેવાય છે. આપણાં શરીરમાં અગત્યની સાત અંતઃસ્ત્રાવી ગ્રંથીઓ આવેલી છે જે વિવિધ પ્રકારના હોર્મોન્સ બનાવે છે અને આ દરેક હોર્મોન વિશિષ્ટ પ્રકારની અસર અને ઉપયોગીતા ધરાવે છે. શરીરનાં વિવિધ અવયવો ઉપર 'રિસેટર' આવેલા હોય છે. હોર્મોન્સ રીસેટર સાથે જોડાઈને તેને ઉત્તેજીત કરે છે અને તે અવયવોને કાર્યાન્વિત કરે છે. પિચ્યુટરી ગ્રંથી, થાઈરોઈડ ગ્રંથી, પેરાથાયરોઈડ ગ્રંથી, એડ્રિનલ ગ્રંથી, શુક્રપિંડ, અંડપિંડ, પેન્ક્રિઆસ જેવી વિવિધ સાત ગ્રંથીઓ મહત્વની છે. આપણા શરીરમાં સ્થિત અંતઃસ્ત્રાવી ગ્રંથીઓનું વજન ૧૦૦ ગ્રામ જેટલું હોય છે, અને તેઓ જે હોર્મોન્સ બનાવે તે મિલિ. અથવા નેનો ગ્રામમાં હોય છે. હોર્મોન્સનો દુર ઉપયોગ શરીરને નુકશાન પહોંચાડી શકે છે. તેનો યોગ્ય ઉપયોગ અનેક બિમારીઓને મટાડવામાં અને અમુકવાર નવજીવન આપવામાં મદદ કરે છે. હોર્મોન્સ અંગે ઘણી પાયા વગરની ગેર માન્યતાઓ પણ પ્રવર્તે છે. 'હોર્મોન્સ'નું નામ સાંભળતા ઘણા ડરી જતાં હોય છે. શરીરમાં કંઈ ખરાબ કે અણગમતું થાય તો તે હોર્મોન્સને લીધે થાય છે, એવું સૌ માને છે. અમુક ગેરમાન્યતાઓ સાંભળીને હસવું આવે કે તેને કારણે શરીર ફૂલી જાય, લાંબા ટૂંકા થઈ જવાય, પુરૂષ-સ્ત્રી બની જાય કે સ્ત્રી-પુરૂષ બની જાય જેવી અનેક સાચી-ખોટી માન્યતાઓ દિમાગમાં છવાઈ ગઈ છે. આ બધી માન્યતા પાછળ અધકચરૂ જ્ઞાન જવાબદાર છે. શરીરની દરેક અંતઃસ્ત્રાવી ગ્રંથીઓનું ચોક્કસ કામ હોય છે, જગ્યા હોય છે.




પિચ્યુટરી ગ્રંથીમાંથી ઉત્પન થતો હોર્મોન્સ સૌથી અગત્યનો છે. જેનું નામ છે. 'ગ્રોથ હોર્મોન્સ'. આ હોર્મોન્સ શરીરનાં હાડકામાં આવેલી ગ્રોથ પ્લેટ કે જ્યાંથી વ્યક્તિ ઉંચાઈ વધે છે ત્યાં અસર કરતો હોય છે. જો વ્યક્તિમાં આ હોર્મોન્સની ઉણપ હોય તો તેની હાઈટ વધતી નથી. આ ગ્રંથી બીજા અનેક હોર્મોન્સ જેમ કે TSH, LH, FSH, ACTH અને પ્રોસેકિટન બનાવે છે. આ હોર્મોન્સનું કામ થાયરોઈડ, અંડપિંડ, શુક્રપિંડ, એડ્રિનલ ગ્રંથી વિગેરેને કાર્યાન્વિત કરે છે.

કિડની ઉપર આવેલી ત્રિકોણ આકારમાં આવેલી એડ્રિનલ ગ્રંથી અનેક જાતના હોર્મોન્સ બનાવે છે. આ તમામ હોર્મોન્સ વ્યકિતનું બ્લડપ્રેશર નોર્મલ રાખવા લોહીમાં સોડિયમ, પોટેશિયમનું પ્રમાણ જાળવી રાખવા અને ઈમર્જન્સી વખતે શરીરને જરૂરી ઉર્જા શકિત ઉત્પન કરવામાં મહત્વનો ભાગ ભજવે છે. શુક્રપિંડ પુરૂષના પ્રજનન તંત્રનું મહત્વનું અંગ છે. તે શુક્રાણું સિવાય ટેસ્ટોસ્ટેરોના નામના હોર્મોન્સ બનાવે છે, આ સ્નાયુઓનો વિકાસ, ઊંચાઈ વધવી, દાઢી-મૂંછ આવવી જેવી પ્રક્રિયામાં મદદરૂપ થાય છે. પ્રજનન કાર્યમાં ટેસ્ટોસ્ટેરોન અતિ આવશ્યક હોર્મોન છે.

અંડપિંડ સ્ત્રીઓના પ્રજનન તંત્રનું મહત્વનું અંગ છે. અંડપિંડ, અંડકોષ સિવાય ઈસ્ટ્રોજન, પ્રોજેસ્ટેરોન જેવા હોર્મોન બનાવે છે. જે સ્ત્રીઓના અંગોના વિકાસમાં અને પ્રજનન કાર્યમાં મહત્વનો ભાગ ભજવે છે. પેન્ક્રિઆસમાં આવેલી અંતઃસ્ત્રાવી ગ્રંથી ઈન્સ્યુલિન અને ગ્લુકાગોન નામના હોર્મોન્સ બનાવે છે, જે કાર્બોહાઈડ્રેટ, પ્રોટીન તથા ચરબીના મેટાબોલિઝમમાં મહત્વની ભૂમિકા ભજવે છે. ઈન્સ્યુલિનની અછતને કારણે ડાયાબિટીસ જેવી બિમારીઓ થાય છે. સ્પોર્ટ્સમાં ઘણા રમતવીરો જીતવા માટે હોર્મોન્સનો દુર ઉપયોગ કરતાં હોય છે. ૧૯૮૮માં સિઓલ ઓલમ્પિકમાં દોડવીર બેન જોન્સને વર્લ્ડ રેકોર્ડ જીત્યો હતો બાદમાં ટેસ્ટમાં પોઝીટીવ આવતા સુવર્ણચંદ્રક પાછો લઈ લીધો હતો. હોર્મોન્સના સંતુલનમાં થોડીક ખલેલ પહોંચે કે તેની અસર તુરંત આપણાં ભૂખ, ઊંઘ અને સ્ટ્રેસ લેવલ પર થવા લાગે છે. આ અસંતુલનનો અર્થ હોર્મોન્સ શરીરમાં વધારે છે કે ઓછા છે.

### આપણા માનવ શરીરમાં ૨૩૦ હોર્મોન્સ હોય

કાર્ટિસોલ નામથી ઓળખાતા આપણા શરીરમાં એક સ્ટ્રેસ હોર્મોન હોય છે, જે આપણાં શરીરને સંકટની પરિસ્થિતિમાંથી બચવાના સંકેત મગજ સુધી પહોંચાડે છે. આજ હોર્મોનને કારણે હાર્ટબીટ, બ્લડપ્રેશર અને બ્લડ શુગરનું પ્રમાણ વધે છે. એક સંશોધનમાં વૈજ્ઞાનિકોએ મોબાઈલ ફોનના ઉપયોગના કારણે કાર્ટિસોલના વધેલા સ્તર પર ચિંતા વ્યકત કરી હતી. આને કારણે મગજના પ્રિફ્રેન્ટલ કોર્ટેક્સ પ્રભાવિત થતા અને અસર સ્વરૂપે વ્યક્તિની નિર્ણય લેવાની અને લોજીકલ ક્ષમતાને અસર થાય છે. આપણા માનવ શરીરમાં ૨૩૦ હોર્મોન્સ હોય છે, જે પૈકી કેટલાક તો બીજા હોર્મોન્સની રચના અને સ્ત્રાવને પણ નિયંત્રિત કરે છે. તેનામાં વધતી ઊંમર, તાણ, સેવન, વધારે વજનને કારણે હોર્મોનના લેવલમાં ખલેલ પડે છે.

### હોર્મોન્સ વગર જીવ ઉત્પતિ શક્ય નથી: તેની અછત અને અતિરેક વિવિધ સમસ્યાઓ સર્જી શકે: શરીરના વિવિધ ભાગોમાં હોર્મોન્સ ઉત્પન કરતી ગ્રંથીઓ આવેલી છે: તેને પેટટાઈડ અને સ્ટીરોઈડ એમ બે પ્રકારમાં વર્ગીકૃત કરી શકાય

# પ્રયત્ન અને પરિશ્રમ સંભવનાના મજબૂત પાયા છે

**ચિંતનની પાંખે**



**વિઠ્ઠલભાઈ વઘાસિયા**
Vdvaghasia@gmail.com.

માનવજીવનમાં 'સંભવ' અને 'અસંભવ' બે એવા દ્વંદ્વ છે, જે આપણા વિચાર, શ્રદ્ધા અને પ્રયત્નોની દિશા નક્કી કરે છે. જીવનના દરેક તબક્કે માણસ સામે અનેક પરિસ્થિતિઓ ઊભી થાય છે - કેટલીક સરળ લાગે છે, તો કેટલીક અશકય જેવી. પરંતુ ખરેખર શું કંઈ અસંભવ છે? કે પછી અસંભવ એ માત્ર માનવીય મર્યાદિત વિચારનો પડછાયો છે? આ પ્રશ્નો માનવ ઈતિહાસથી આજ સુધી ચર્ચાના કેન્દ્રમાં રહ્યા છે. સંભવ એટલે જે કરી શકાય તેવું, જે પ્રાપ્ત કરી શકાય, જે માનવીની ક્ષમતા અને પ્રયત્નની પરિધિમાં આવે. જ્યારે અસંભવ એટલે જે શક્ય ન લાગે, જેની કલ્પના પણ કરવી મુશ્કેલ લાગે. પરંતુ સમય, જ્ઞાન અને આત્મવિશ્વાસ સાથે અસંભવ પણ સંભવ બનતું જોવા મળે છે. એક સમયે પૃથ્વી ગોળ છે એવી માન્યતા અસંભવ લાગતી હતી, આજે તે વૈજ્ઞાનિક સત્ય છે. આકાશમાં ઉડાન ભરવી, ચંદ્ર પર માનવ પગ મૂકવો, કે એકબીજા સાથે ક્ષણમાં સંવાદ કરવો-આ બધું ક્યારેક અસંભવ ગણાતું હતું.અસંભવનું મૂળ માનવીના મનમાં છુપાયેલું હોય છે. માણસ પોતાની ક્ષમતાનું મૂલ્યાંકન ઘણી વખત ભય, નિષ્ફળતાના અનુભવ અને સમાજની મર્યાદાઓના આધારે કરે છે. 'આ મારી શકિત બહાર છે', 'આ મારા માટે નથી', 'આ તો થઈ જ ન શકે'-આવી માન્યતાઓ માણસને આગળ વધતો અટકાવે છે. અસંભવ શબ્દ ઘણી વખત પ્રયત્ન પહેલાં જ હાર સ્વીકારવાનું સાધન બની જાય છે. જ્યારે સંભવમાં વિશ્વાસથી માણસને ઊભા થવાની, પ્રયાસ કરવાની અને સતત આગળ વધવાની પ્રેરણા આપે છે.

સંભવ બનાવવા માટે પ્રથમ આવશ્યક છે દૃઢ સંકલ્પ. સંકલ્પ એ એવી આંતરિક શક્તિ છે, જે માણસને અનેક અવરોધો સામે પણ અડગ રાખે છે. જે વ્યક્તિ પોતાના લક્ષ્યને સ્પષ્ટ જોઈ શકે છે, તે માટે માર્ગ ધીમે ધીમે ખુલતો જાય છે. ઈતિહાસ સાક્ષી છે કે મહાન વૈજ્ઞાનિકો, સમાજ સુધારકો, કવિઓ અને નેતાઓએ શરૂઆતમાં અશક્ય લાગતાં સપનાં જોયાં હતાં, પરંતુ તેમના અડગ વિશ્વાસે તેને સંભવ બનાવ્યા. પ્રયત્ન અને પરિશ્રમ સંભવના મજબૂત પાયા છે. કોઈ પણ સફળતા એક દિવસમાં મળતી નથી. સતત પ્રયાસ, શીખવાની તૈયારી અને ભૂલોમાંથી પાઠ લેવાની ભાવના માણસને આગળ ધપાવે છે. ઘણી વખત માણસ એકાદ નિષ્ફળ પ્રયાસ પછી અસંભવનો નિર્ણય કરી લે છે, જ્યારે વાસ્તવમાં તે તો સફળતાની નજીક જ હોય છે. પરંતુ તેમનામાં ધીરજ નથી હોતી. અસંભવ દેખાતી પરિસ્થિતિઓ ધીરજ અને શ્રમથી ધીમે ધીમે સરળ બનતી જાય છે.

### અસંભવનું મૂળ માનવીનાં મનમાં છુપાયેલું હોય છે


શિક્ષણ અને જ્ઞાન પણ સંભવને વિસ્તૃત કરે છે. અજ્ઞાન માણસ માટે અનેક બાબતો અસંભવ લાગે છે, જ્યારે જ્ઞાન મળતાં જ તે સંભવ બની જાય છે. વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસે માનવજીવનમાં અસંભવની સીમાઓ સતત નાની કરી છે. આજે જે અશક્ય લાગે છે, તે આવતીકાલે સામાન્ય બની શકે છે. આથી જ કહેવાય છે કે જ્ઞાન માનવને શક્તિશાળી બનાવે છે.

પરંતુ અહીં એક મહત્વનો મુદ્દો એ છે કે સંભવ અને અસંભવ વચ્ચે સંતુલન જરૂરી છે. દરેક ઈચ્છા તાત્કાલિક પૂરી થાય એ શક્ય નથી. સમય, સંજોગો અને ક્ષમતાનું યોગ્ય મૂલ્યાંકન જરૂરી છે. અંધ આત્મવિશ્વાસ માણસને ખોટી દિશામાં લઈ જઈ શકે છે. સમજદારી એમાં છે કે માણસ પોતાના સપનાંને વાસ્તવિક આયોજન અને મહેનત સાથે જોડે, ત્યારે જ સપનાં સાકાર થાય છે.



સમાજમાં પણ સંભવ-અસંભવનો વિચાર મહત્વનો છે. સમાજ સુધારણા, સમાનતા, ન્યાય અને શાંતિ જેવા લક્ષ્યો ક્યારેક અસંભવ લાગતાં હોય છે. પરંતુ ઈતિહાસ બતાવે છે કે નાના પ્રયત્નો, જાગૃતિ અને સમર્પણથી મોટાં પરિવર્તનો શક્ય બને છે. એક વ્યકિતનો વિચાર, એક નાનું પગલું પણ મોટાં પરિવર્તનની શરૂઆત બની શકે છે. વ્યક્તિગત જીવનમાં સંભવ માણસને આશાવાદી બનાવે છે. આશા એ જીવનની પ્રેરક શકિત છે. જે માણસ આશા રાખે છે, તે સંઘર્ષમાં પણ રસ્તો શોધી લે છે. અસંભવની ભાવના નિરાશા, ભય અને નિષ્ક્રિયતાને જન્મ આપે છે. તેથી જીવનમાં આગળ વધવા માટે સંભવનો દૃષ્ટિકોણ અપનાવવો અત્યંત આવશ્યક છે. અંતમાં કહી શકાય કે સંભવ અને અસંભવ કોઈ સ્થિર પરિભાષા નથી. તે માનવીના વિચાર, પ્રયત્ન અને સમય સાથે બદલાતી રહે છે. જે આજે અસંભવ લાગે છે, તે કાલે સંભવ બની શકે છે - જો તેમાં વિશ્વાસ, જ્ઞાન અને અડગ પ્રયત્ન જોડાય. જીવનનો સાચો સાર એમાં છે કે માણસ 'અસંભવ' શબ્દને પડકાર માને, અંત નહીં. કારણ કે માનવની ઈચ્છાશક્તિ અને સંકલ્પશક્તિ પાસે એવી તાકાત છે કે તે અશક્યને પણ શક્ય બનાવી શકે. 'અસંભવ એ માત્ર ત્યાં સુધી જ રહે છે, જ્યાં સુધી માણસ પ્રયાસ કરવાનું સાહસ નથી કરતો.'.

# કંડલા બંદરે પ્રથમ વખત 'ટ્રિપલ બેન્કિંગ શિપ-ટુ-શિપ' ઓપરેશન સફળતાપૂર્વક પૂર્ણ



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

દીનદયાળ પોર્ટ ઓથોરિટી સંચાલિત કંડલા બંદર ખાતે સમુદ્રમાં પ્રથમ વખત ઉચ્ચ ટેકનિકલ કુશળતા અને ચોકસાઈ માગતું 'ટ્રિપલ બેન્કિંગ શિપ-ટુ-શિપ' (એસટીએસ) ઓપરેશન સફળતાપૂર્વક પાર પાડવામાં આવ્યું છે. આ ઐતિહાસિક સિદ્ધિ અંતર્ગત એક વિશાળ કેપસાઈઝ વેસલમાંથી આશરે ૧,૧૭,૦૦૦ ટન માલ ટ્રાન્સશિપ્પર જહાજમાં ઉતારવામાં આવ્યો હતો અને ત્યારબાદ ટેન્ડમ ટ્રાન્સફર પ્રક્રિયા દ્વારા તેમાંથી ૭૭,૦૦૦ ટન માલ પેનામેક્સ વેસલમાં ટ્રાન્સફર કરાયો હતો. એક સાથે ત્રણ જહાજોને સમાંતર બાજુમાં રાખીને માલની હેરફેર કરવાની આ જટિલ પ્રક્રિયા, ખાસ કરીને મજબૂત જવારભાટા ધરાવતા બંદર પર પૂર્ણ કરવી એ કંડલા બંદર માટે એક મોટી તકનીકી સફળતા ગણાય છે, જે બંદરની કાર્યક્ષમતામાં નવો અધ્યાય ઉમેરે છે.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૨૫-૦૩-૨૦૨૬ બુધવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (કારખાનું)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (પારસ પાંધી)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (થેપલા કેસડીયા)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.દેવાંગી ઓઝા)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (નમી ગયા એ ગમી ગયા)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૨૬-૦૩-૨૦૨૬ ગુરુવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા (પુ.દિપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

### તા.૨૬-૩ -૨૦૨૬ ગુરૂવાર

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** ચૈત્ર શુદ આઠમ દુર્ગાષ્ટમી રામનવમી
**નક્ષત્ર** આર્દ્રા
**યોગ** શોભન **કરણ:** બાલવ
**સુર્યોદય** ૬.૪૬ **સુર્યાસ્ત:** ૭
**ચંદ્ર રાશી** મિથુન
**રાશિ અક્ષર** ક.છ.ઘ.
**દિશાશૂળ** દક્ષિણ દિશા તરફ
**રાહુકાળ** બપોરે ૧.૩૦ થી ૩
**દિવસનાચોઘડીયા** શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ
**રાત્રીનાચોઘડીયા** અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૩૨ થી ૧.૨૦

**શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭**

## સૂડોકુ -૯૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ | ૯ | | | | | | |
| | ૨ | ૮ | ૭ | | | ૩ | | |
| | ૩ | | | ૫ | | ૭ | | ૯ |
| | ૬ | ૪ | | | ૨ | | | |
| ૮ | | | | | ૭ | | ૨ | |
| ૩ | | | | | | | | |
| | | | | | | | | ૪ |
| | | | ૫ | ૬ | | ૯ | | |
| | | ૫ | | | ૧ | | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૮૯ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૬ | ૯ | ૧ | ૮ | ૪ | ૭ | ૨ | ૩ |
| ૪ | ૨ | ૭ | ૩ | ૬ | ૯ | ૧ | ૫ | ૮ |
| ૮ | ૩ | ૧ | ૭ | ૨ | ૫ | ૪ | ૯ | ૬ |
| ૬ | ૧ | ૨ | ૯ | ૫ | ૮ | ૩ | ૭ | ૪ |
| ૯ | ૫ | ૮ | ૪ | ૩ | ૭ | ૨ | ૬ | ૧ |
| ૭ | ૪ | ૩ | ૨ | ૧ | ૬ | ૫ | ૮ | ૯ |
| ૧ | ૭ | ૫ | ૮ | ૯ | ૩ | ૬ | ૪ | ૨ |
| ૨ | ૯ | ૬ | ૫ | ૪ | ૧ | ૮ | ૩ | ૭ |
| ૩ | ૮ | ૪ | ૬ | ૭ | ૨ | ૯ | ૧ | ૫ |

## આવતીકાલનું રાશિફળ

**તા.૨૬.૩.૨૦૨૬ ગુરુવાર, સંવંત ૨૦૮૨, ચૈત્ર સુદ આઠમ, આર્દ્રા નક્ષત્ર, શોભન યોગ, બવ કરણ આજ જન્મેલાંની ચંદ્ર રાશિ મિથુન (ક,છ,ઘ) રહેશે**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ) :** તમારા રસ-રુચિમાં આગળ વધી શકો, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.

**વૃષભ (બ,વ,ઉ) :** પરિવાર માટે વિચારવાનો સમય મળે, સામાજિક કૌટિમ્બિક કાર્ય કરી શકો, દિવસ પ્રગતિકારક રહે.

**મિથુન (ક,છ,ઘ) :** તમારા વ્યક્તિત્વને નિખાર આપી શકો, અંગત વ્યક્તિઓ સાથે મતભેદ નિવારી શકો, આનંદ દાયક દિવસ.

**કર્ક (ડ,હ) :** માનસિક વ્યગ્રતાનો અનુભવ થાય, નેગેટિવ વિચારો ટાળવા સલાહ છે, દિવસ એકંદરે સારો રહે.

**સિંહ (મ,ટ) :** નજીક ના સ્થળોએ જવા આવવાનું થાય, નવા લોકો સાથે મળવાનું બને, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.

**કન્યા (પ,ઠ,ણ) :** કામકાજ સારી રીતે પૂર્ણ કરી શકો, પરિવાર સાથે સમય વિતાવી શકો, આનંદ માણી શકો, શુભ દિન.

**તુલા (ર,ત) :** લાંબા સમયથી અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો, તમારા કાર્ય માં ઈશ્વરી સહાય પ્રાપ્ત થાય, કામમાં સફળતા મળે.

**વૃશ્ચિક (ન,ય) :** જીવનમાં પરિવર્તન ની શરૂઆત થતી જોવા મળે, મનોમંથન કરી શકો,પોઝિટિવ વિચારોથી લાભ થાય.

**ધન (ધ,ભ,ફ,ઢ) :** જુના પ્રશ્નોનો હલ કરી શકો, તમારા અંદરૂની મામલા નિપટાવી શકો,દિવસ સફળ રહે.

**મકર (ખ,જ) :** વિશ્વાસપાત્ર વ્યક્તિ સાથે સમય વિતાવવો, કુસંગત અને વ્યસન થી દૂર રહેવા સલાહ છે,વાણી માં સંયમ રાખવો.

**કુંભ (ગ,સ,શ) :** વિદેશ જવા ઈચ્છતા મિત્રોને સારું રહે, વિદ્યાર્થીવર્ગને સારું રહે, ઉચ્ચ અભ્યાસમાં સારું કામ કરી શકો.

**મીન (દ,ચ,ઝ,થ) :** શત્રુઓ પર વિજય મેળવી શકો, કોર્ટ કચેરીમાં રાહત મળે, અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો.

# દિવ્યધામ વલારડીમાં ભકિતનો મહાસાગર: શિવકથામાં દ્વાદશ જયોતિર્લીંગ - ગંગાઆરતી દર્શનનો લ્હાવો

## ગિરીબાપુ શિવકથાનું રસપાન કરાવી રહ્યા છે, ભકિત, ભોજન અને ભજનનો ત્રિવેણી સંગમ





**અબતક, રાજકોટ**

રાજકોટ, દિવ્યધામ વલારડી ખાતે સુરાપુરા દાદાની પ્રેરણાથી પૂજ્ય ગિરિબાપુ દ્વારા શકિતના સાનિધ્યમાં ચાલી રહેલી શિવકથા ભક્તિ, શ્રદ્ધા અને આધ્યાત્મિક ઊર્જાનો વિરાટ મહામેળો બની રહી છે. હર હર મહાદેવના ગુંજતા જયઘોષ વચ્ચે દરરોજ હજારો ભક્તો ઉપસ્થિત રહી ભગવાન શિવના મહિમાનું શ્રવણ કરી રહ્યા છે. ગિરિબાપુ પોતાના પ્રભાવશાળી અને સરળ વક્તવ્ય દ્વારા ભગવાન શિવના ત્યાગ, તપ અને કરુણાના તત્વોને જીવન સાથે જોડીને રજૂ કરી રહ્યા છે, જેના કારણે ભક્તોમાં આધ્યાત્મિક જાગૃતિનો માહોલ સર્જાયો છે.કથાના મુખ્ય આકર્ષણરૂપે પટાંગણમાં ભવ્ય ૧૨ જ્યોતિર્લિંગ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે, જ્યાં ભક્તો દ્વાદશ જ્યોતિર્લિંગના દર્શન કરી આધ્યાત્મિક આનંદ અનુભવી રહ્યા છે. દિવ્યધામ પટાંગણમાં છેલ્લા ૨ વર્ષથી સતત યજ્ઞશાળા ચાલી રહી છે, જે સ્થળની ધાર્મિક મહત્તાને વધુ ઉજાગર કરે છે.

કથા દરમિયાન દરરોજ સાંજે પટાંગણમાં ભવ્ય ગંગા આરતીનું આયોજન કરવામાં આવે છે, જેમાં હરિદ્વારનાં પરંપરાગત બ્રાહ્મણો દ્વારા દીપોની ઝળહળાટ અને ભક્તિભાવથી સમગ્ર વાતાવરણ દિવ્ય બની જાય છે. આ પ્રસંગે ઉપસ્થિત માનનીય મહેમાનોનું પરંપરાગત રીતે ગંગાજળથી સન્માન કરવામાં આવે છે, જે કાર્યક્રમને વિશેષ ધાર્મિક ગૌરવ આપે છે. દરરોજ ભક્તો માટે ભોજન પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવે છે, જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ભાવપૂર્વક પ્રસાદ ગ્રહણ કરી રહ્યા છે. રાત્રિના સમયે ભક્તો માટે વિશેષ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે, જેમાં લોકપ્રિય લોકડાયરો મુખ્ય આકર્ષણ બની રહ્યો છે. દિવ્યધામના નિર્માણ અર્થે ભક્તો યથાશકિત દાન આપી પોતાનું યોગદાન આપી રહ્યા છે, જેના કારણે આ પવિત્ર કાર્યમાં સર્વજન સહભાગી બની રહ્યા છે. આ સમગ્ર આયોજનને કારણે દિવ્યધામ ધાર્મિક સાથે સાથે સામાજિક અને સાંસ્કૃતિક એકતાનું કેન્દ્ર બની રહ્યું છે.

---

### માત્ર દ્રષ્ટી નહીં પણ દીર્ઘદ્રષ્ટી

# ગ્રાહકોના વિશ્વાસની અખૂટ મૂડી ધરાવતી દ્રષ્ટી એડવર્ટાઈઝિંગ એજન્સીનો ૪૮માં વર્ષમાં પ્રવેશ

## જાહેરખબરની દુનિયામાં પાયોનિયર હોવાનું ગૌરવ

## આજની બદલાયેલા સમયની સાથે ચાલતી અડગ અને અટલ એડ. એજન્સી

**અબતક, રાજકોટ**

રાજકોટ સ્થિત દ્રષ્ટી એડવર્ટાઈઝીંગ એજન્સી



ગિરધર ઘાડીયા
(ફાઉન્ડર-ચેરમેન)

આવતીકાલે રામનવમીના પવિત્ર દિવસે સ્થાપનાના ૪૭ વર્ષ પુરા કરીને ૪૮માં વર્ષમાં પ્રવેશ કરી રહી છે.

દ્રષ્ટી એડવર્ટાઈઝિંગ એજન્સીના સ્થાપક ગીરધરભાઈ ઘાડિયાએ પાયાથી જ વિશ્વાસનું ઘડતર કર્યું હતું. તેમના સાથીદાર તરીકે ગિરીશભાઈ ત્રિવેદીએ પણ ખભેખભા મિલાવીને મીડિયા અને ગ્રાહકો વચ્ચે સંબંધનો સેતુ બાંધ્યો.. સમય જતા ગીરધરભાઈ ઘાડિયા પરિવાર સાથે વિદેશ શિફ્ટ થતા દ્રષ્ટી એડવર્ટાઈઝિંગ એજન્સીની જવાબદારી ગિરીશભાઈ ત્રિવેદી ઉપર આવી અને મેનેજિંગ ડીરેક્ટર તરીકે તેમણે આ જવાબદારી બખૂબી નિભાવી છે.

ગિરીશભાઈ ત્રિવેદીએ પોતાના ક્રિએટીવ સ્ટાફ, ટીમવર્ક, આધુનિક ટેકનોલોજી, વ્યવસાયી દ્રષ્ટિકોણ અને સૌથી મહત્વનું વિચારોની પરિપકવતા રાખીને સફળતાના શિખરો સર કર્યા છે. ગીરધરભાઈ ઘાડિયાએ સ્થાપેલા મુલ્યોને જાળવી રાખીને ગિરીશભાઈ ત્રિવેદી દ્રષ્ટી એડવર્ટાઈઝિંગ એજન્સીને અગ્રસ્થાને લઈ ગયા છે.

ગિરીશભાઈ પોતે માને છે કે, આજના સોશિયલ મીડીયાના જમાનામાં પણ પ્રિન્ટ મીડિયા

WE SELL IDEAS
Drishty
COMMUNICATIONS PVT. LTD.
E :drishtyrajkot@gmail.com
M. : 98250 74392

અને ઈલેકટ્રોનિક મીડિયામાં જાહેરખબરનું મહત્વ યથાવત રહ્યુ છે અને અમારી સફળતા અમારા બહોળા કલાયન્ટને જ આભારી છે. અમને ખુશી છે કે, માર્કેટમાં બદલાતા જતા ટ્રેન્ડ, કલાયન્ટની બદલાતી અપેક્ષા અને જરૂરિયાત, વ્યવસાયિક હરીફાઈ, બજેટ, કિંમત અને ક્વોલિટી જેવા મુદ્દે અમે સંતુલન જાળવી શક્યા છીએ.

ઘણી જગ્યાએ આફ્ટરસેલ સર્વિસમાં સમસ્યા હોય છે પણ દ્રષ્ટી એડવર્ટાઈઝિંગ એજન્સી આમાં પણ જુદી તરી આવે છે. કલાયન્ટ એક વખત દ્રષ્ટી એડવર્ટાઈઝિંગ એજન્સીના પગથીયા ચડે પછી તે કાયમી સંબંધ બાંધી લ્યે છે. આજે દ્રષ્ટી એડવર્ટાઈઝિંગ એજન્સી પાસે દાયકાઓ જુના કલાયન્ટ છે.

ગિરીશભાઈ ત્રિવેદીએ આ સફળતાનો યશ કલાયન્ટના ભરોસા ઉપરાંત દ્રષ્ટી એડવર્ટાઈઝિંગ એજન્સીના પરિવાર જેવા સ્ટાફ મેમ્બર્સને



ગિરીશ ત્રિવેદી
(એમ.ડી.)

પણ આપ્યો છે. આર્ટીફીશિયલ ઈન્ટેલીજન્સ જેવા આજના મુખ્ય પરિબળ સાથે પણ કદમ મિલાવીને દ્રષ્ટી એડવર્ટાઈઝિંગ એજન્સી જમાનાની સાથે ચાલી રહી છે. જાહેરખબરનો આકર્ષક લે-આઉટ, વાંચકોને સ્પર્શી જાય તેવો શબ્દભંડોળ અને ઝડપી સર્વીસ એ આગવી વિશેષતા છે.

**ચેરમેન ગીરધરભાઈ ઘાડિયાના વિદેશગમન પછી એમ.ડી. ગિરીશભાઈ ત્રિવેદીએ સફળતાના શિખરો સર કર્યા**

---

# ઈંધણની અછતની અફવા ફેલાવનારા વિરૂધ્ધ કડક કાર્યવાહી થશે: જૂનાગઢ કલેકટર રાણાવસીયા

## જૂનાગઢ જીલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસિયા સહિતના અધિકારીઓએ પેટ્રોલ પંપની મુલાકાત લીધી



**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસિયા સહિત મામલતદાર સહિતના અધિકારીઓએ જિલ્લાના વિવિધ પેટ્રોલ પંપોની રૂબરૂ મુલાકાત લીધી હતી. આ તપાસ દરમિયાન અધિકારીઓએ પંપ પર ઉપલબ્ધ જથ્થાની ચકાસણી કરી હતી, તથા જિલ્લામાં પેટ્રોલ અને ડીઝલનો પૂરતો જથ્થો ઉપલબ્ધ હોવાથી નાગરિકોએ ખોટી અફવાઓથી દોરવાઈને પેટ્રોલ પંપો પર ભીડ ન કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

તે સાથે સોશિયલ મીડિયા કે અન્ય માધ્યમો દ્વારા ભ્રામક માહિતી ફેલાવનાર તત્વ અને સંગ્રહખોરી કરનાર સામે કડક કાર્યવાહી કરવા પણ સ્પષ્ટ નિર્દેશ આપ્યા છે.

જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસિયાના નિર્દેશ મુજબ તંત્ર દ્વારા જિલ્લા સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. અને કલેકટર સહિત મામલતદાર સહિતના અધિકારીઓએ જિલ્લાના વિવિધ પેટ્રોલ પંપોની રૂબરૂ મુલાકાત લીધી હતી.

આ સાથે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે, જૂનાગઢવાસીઓએ ગભરાવાની જરૂર નથી, જિલ્લામાં ૮.૨૦ લાખ લિટર પેટ્રોલ અને ૧૧.૭૧ લાખ લિટર ડીઝલનો જથ્થો ઉપલબ્ધ છે, જેથી અફવાઓ અને ભ્રામક માહિતીઓથી દૂર રહેવા જણાવાયું હતું.

---


રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ -રાજકોટ
ચીમનભાઈ પટેલ વિકાસ ભવન,પ્રભાત હોસ્પીટલ સામે,જામનગર રોડ, રાજકોટ-૩૬૦૦૦૧
ફોન નં.-૦૨૮૧-૨૪૭૬૮૭૪, ૨૪૭૬૭૯૯, ફેક્સ-૦૨૮૧-૨૪૫૦૫૨૩
Email- info@rajkotuda.com, web site: www.rajkotuda.com

ધ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧(૧) અને નિયમો-૧૯૭૯ના નિયમ-૧૬
જાહેર નોટીસ/અધિસૂચના
સૂચિત મુસદારૂપ નગર રચના યોજના નં.૩૯/૨(બેડી)બનાવવાના ઈરાદાની જાહેર પ્રસિધ્ધી

ન.રૂડા/સૂચિત મુસદારૂપ નગર રચના યોજના ન. ૩૯/૨(બેડી)જા. તા. -૦૩-૨૦૨૬

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૨૨(૧) હેઠળ સરકારશ્રી દ્વારા રચાયેલ રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ-(રૂડા) દ્વારા તા.૧૬/૦૩/૨૦૨૬ની બોર્ડ બેઠક નં.૧૮૧ના ઠરાવ નં.૨૦૭૪થી અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧(૧) હેઠળ તથા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ના નિયમ-૧૬ હેઠળ સૂચિત મુસદારૂપ નગર રચના યોજના નં.૩૯/૨(બેડી)રૂડા બનાવવાનો ઈરાદો જાહેર કરેલ છે. સદરહુ અધિનિયમની કલમ-૪૧(૨)ની જોગવાઈ અનુસાર સદર યોજનાનો ઈરાદો આથી પ્રસિધ્ધ કરી, અધિનિયમની કલમ-૪૧(૩)ની જોગવાઈ અનુસાર યોજનાનો વિસ્તાર દર્શાવતો નકશો રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળની ઉપર દર્શાવેલ સરનામાંવાળી કચેરીમાં રજાના દિવસો સિવાયના અને કચેરીના સમય દરમ્યાન જાહેર જનતાને જોવા માટે ખુલ્લી રાખી અને સમજાવવાની વ્યવસ્થા કરેલ છે.

સૂચિત મુસદારૂપ નગર રચના યોજના નં. ૩૯/૨(બેડી)માં આવરી લેવાયેલ જમીનોના સર્વે નંબરોની વિગત:
મોજે:બેડી ૧૪૮, ૧૪૯, ૧૫૦/૧, ૧૫૦/૨, ૧૫૧, ૧૫૬, ૧૫૭, ૧૫૮, ૧૫૯પૈકી ૧/પૈકી ૧, ૧૫૯પૈકી ૧/પૈકી ૨, ૧૬૦, ૧૬૧, ૧૯૧, ૧૯૨, ૧૯૫, ૧૯૬/૧પૈકી ૧,૧૯૬/૧/પૈકી ૨, ૧૯૬/૨, ૧૯૭/૧, ૧૯૭/૨, ૧૯૮, ૧૯૯, ૨૦૦, ૨૦૧, ૨૦૨, ૨૦૩, ૨૦૪, ૨૦૫, ૨૦૬પૈકી, ૨૦૭, ૨૦૮પૈકી, ૨૦૯, ૨૧૦, ૨૧૧/૧, ૨૧૧/૨, ૨૧૨, ૨૧૩, ૨૧૪, ૨૧૫, ૨૧૬, ૨૧૭/૧/૧, ૨૧૭/૧/૨, ૨૧૭/૨, ૨૧૮, ૨૧૯/૧, ૨૧૯/૨, ૨૨૦, ૨૨૧, ૨૨૨/૧, ૨૨૨/૨, ૨૨૩, ૨૧૬, ૨૨૪પૈકી, ૨૨૫/૧, ૨૨૫/૨, ૨૨૫/૩, ૨૨૫/૪, ૨૨૫/૫, ૨૨૫/૬, ૨૨૫/૭, ૨૨૫/૮, ૨૨૫/૯, ૨૨૬, ૨૨૭પૈકી, ૨૨૮પૈકી, ૨૨૯, ૨૩૦/૧પૈકી,૨૩૦/૨, ૨૩૧, ૨૩૨/૧, ૨૩૨/૨, ૨૩૩, ૨૩૪, ૨૩૫, ૨૩૮પૈકી, ૨૬૧/૧ પૈકી તથા સરકારશ્રીની માલિકીના રે.સર્વે નં.૨૬૧પૈકી ખરાબાની જમીનનો સમાવેશ થાય છે.

રૂડા બોર્ડ બેઠક ન.૧૭૮નો ઠરાવ નં.૨૦૪૦, તા.૨૩/૦૯/૨૦૨૫
રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળની તા.૨૩/૦૯/૨૦૨૫ની બોર્ડ બેઠક નં.૧૭૮ના ઠરાવ નં.૨૦૪૦ થી મોજે: બેડી વિસ્તારમાં સૂચિત મુસદારૂપ નગર રચના યોજના નં.૩૯/૨(બેડી)બનાવવાનું નક્કી કરાયેલ છે. જેનું ક્ષેત્રફળ ૨૦૨.૬૯.૩૬ હેક્ટર છે અને ખાનગી એજન્સી પાસે તેની માપણી કરાવ્યા બાદ સદરહુ સ્કીમ માટે ડી.આઈ.એલ.આરશ્રીની કચેરીના તા. ૧૪/૧૧/૨૦૨૫ના પત્રથી નીમતાણું મેળવેલ છે તથા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧(૧)ની જોગવાઈઓ મુજબ મુખ્ય નગર નિયોજકશ્રી,ગુજરાત રાજ્ય,ગાંધીનગરનો જરૂરી પરામર્શ તેઓશ્રીના પત્ર નં.ન.ર.યો.નં.૩૯/૨(બેડી)/કલમ-૪૧(૧)/સૌ/૪૧૧,તા.૦૫/૦૨/૨૦૨૬થી આવેલ છે.

સત્તામંડળના વિકસીત વિસ્તાર પૈકી મોજે-પાળ અને મોજે:કાંગશીયાળી ગામમાં ખુબજ ઝડપથી વિકાસ પામી રહેલ હોવાથી ત્યાં મુસદારૂપ નગર રચના યોજના બનાવવાની થાય છે.સદરહુ યોજના અન્વયે મુખ્ય નગર નિયોજકશ્રી દ્વારા આપવામાં આવેલ પરામર્શ મુજબની હદ નકશામાં ગુલાબી રંગની ઘેરી લીટીથી દર્શાવેલ છે અને આ સૂચિત મુસદારૂપ નગર રચના યોજના નં.૩૯/૨(બેડી)ની ચર્તુ: સીમા-હદ નીચે મુજબ છે.

ઉત્તરે : મોજે:ગવરીદડ ગામના અન્ય રે.સર્વે નંબરો તથા મોજે:મનહરપુર ગામના અન્ય રે.સર્વે નંબરો આવેલ છે.
દક્ષિણે : સૂચિત મુસદારૂપ નગર રચના યોજના નં.૩૯/૧(બેડી)ની હદ આવેલ છે.
પૂર્વ : મોજે:બેડી ગામના અન્ય રે.સર્વે નંબરો આવેલ છે.
પશ્ચિમ : આજી નદી આવેલ છે.

આમ, સદરહુ સૂચિત મુસદારૂપ નગર રચના યોજના નં.૩૯/૨(બેડી)ની હદ અનુસારનો ઈરાદો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧(૧)હેઠળ જાહેર કરવા અને તે અંગેની આગળની આનુસંગિક કાર્યવાહી હાથ ધરવા અંગે મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સત્તા આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવેલ છે.

-Sd-
મુખ્ય કારોબારી અધિકારી
રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ
રાજકોટ.

માહિતી -રાજ-૨૦૨૨-૨૫-૨૬



જાહેર ખબર

તા.૨૪-૦૩-૨૬

આ ઉપરથી સર્વે લોકોને ખબર આપવામાં આવે છે. કે જામકંડોરણા ગ્રામપંચાયતની હદની ખુલ્લી જગ્યામાં શાકભાજી, કટલેરી, ઠંડાપીણા, વીગેરે ફેરી, રેકડી દ્વવારા વેચાણ કરતાં આસામીઓ પાસેથી પંચાયતની રોકેલ જમીનનું ભાડું વસુલ કરવા અંગેનો તા. ૧/૪/૨૬થી ૩૧/૩/૨૭ સુધીનો વર્ષ એક નો ઈજારો બંધ કવરમાં ભાવ મંગાવી માંગણીઓ લઈ આપવાનો છે. આ જમીન (શાકમાર્કેટનાં સ્ટોલનો સમાવેશ થતો નથી.) ભાડું પંચાયતે નક્કી કરેલા દર મુજબ વસુલ લેવાનું છે, તો આ ઈજારો રાખવા માંગતા હોય તેઓએ તા. ૩૦/૩/૨૬નાં રોજ સોમવારે સમય :૩:૦૦ કલાક સુધીમાં પહોચે તે રીતે બંધ કવરમાં પોતાનો ભાવ મોકલવાનો રહેશે અને તા.૩૦/૦૩/૨૬નાં રોજ સાંજે ૪:૦૦ કલાકે આવેલા કવર સરપંચશ્રી, રૂબરૂ ખોલવામાં આવશે તો જે આસામીઓ એ બંધ કવરમાં મોકલેલ છે તેઓ સાંજે ૪:૦૦ કલાકે ગ્રામપંચાયત ભવન,જામકંડોરણા ખાતે હાજર રહેવા વિનંતી.

ઈજારાની શરતો

(૧) ઈજારો રાખવા માંગતા આસામીઓએ રૂ.૩૦૨૫૦૦/-થી ઓછી ભાવ ભરવાનો નથી એટલે કે રૂ. ૩૦૨૫૦૦/-ને અપસેટ પ્રાઈઝ ગણી તેનાથી વધુ રકમનો ભાવ લેવામાં આવશે.
(૨) છેવટની માંગણી માન્ય રાખવી કે નહીં તે જામકંડોરણા ગ્રામપચાયતનાં સરપંચશ્રીની ઈચ્છાને આધીન રહેશે. કારણકે ભાવની માંગણી ઓછી હશે અથવા પંચાયતનાં હીતમાં નહી જણાય તો ઈજારાની તારીખમાં ફેરફાર કરવામાં આવશે અંગરતો ઈજારો કેન્સલ કરવામાં આવશે.
(૩) ઈજારાની કુલ માંગણીનાં ૫૫ હપ્તા કરી દરેક હપ્તાની રકમ દરસોમવારે સાંજે ૪:૦૦ સુધીમાં એડવાન્સ પંચાયતમાં ભરી જવાનો રહેશે તેમાં પ્રથમ હપ્તો ૦૬/૦૪/૨૬ સુધીમાં ભરી આપવાનો રહેશે.
(૪) માંગણી જેની મંજુર થયેલી હશે તે હપ્તાની રકમ સમયસર ભરવાનું ચુકશે તો ઈજારો તેનાં નામે થી રદ કરી ફેરઈજારો પંચાયત બીજાને સોપી દેશે અગરતો ડીપાર્ટમેન્ટલી વસુલાતનું કામ શરૂ કરી દેશે અને તેમાં જે ખોટ જશે.તે ઈજારદાર પાસેથી વસુલ લેવામાં આવશે અને ભરેલી ડીપોઝિટ ની રકમ ખાલસા કરવામાં આવશે.
(૫) જે આસામીનો ભાવ મંજુર થશે તે આસામીએ ઈજારાની ૧૦% રકમ એડવાન્સમાં પંચાયતમાં જમા કરાવવાની રહેશે અને તે રકમ વાંતે મજુરી આપવામાં આવશે.

આ સિવાયની બીજી શરતો ઈજારાનાં કવર ખોલતી વખતે રૂબરૂ વાંચી સંભળાવવામાં આવશે.

ગીતાબેન બી બગડા
સરપંચ
જામકંડોરણા ગ્રામ પંચાયત

જામકંડોરણા – ૩૬૦૪૦૫ બસ સ્ટેશન પાછળ. જી.રાજકોટ



પશ્ચિમ રેલવે - રાજકોટ મંડળ

વિવિધ એન્જિનિયરિંગ કાર્યો

ઈ-ટેન્ડર સૂચના નં.: 49 of 2025-26 તારીખ: 23/03/2026

| ક્ર. સં | ટેન્ડર નં | કામનું નામ | અંદાજિત NIT કિંમત (રૂ.માં) | અર્નેસ્ટ મની (રૂ.માં) |
|---|---|---|---|---|
| 1 | DRM-RJT-2025-26-E-98 | દ્વારકા ખાતે અધિકારી રેસ્ટ હાઉસ બિલ્ડિંગ અને ટાવર વેગન શેડની મરમ્મત. | 7551865.38 | 151000.00 |
| 2 | DRM-RJT-2025-26-E-99 | અમૃત ભારત યોજના અંતર્ગત દ્વારકા બેલેન્સ વર્ક સ્ટેશનોમાં સુધાર. | 95064823.95 | 625300.00 |

ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે ટેન્ડર ખોલવાની તારીખ અને સમય: 15/04/2026 @ 15.00 કલાકે કાર્યાલયનું સરનામું: ડિવિઝનલ રેલવે મેનેજર (એન્જિનિયરિંગ),પશ્ચિમ રેલવે,કોઠી કમ્પાઉન્ડ,રાજકોટ,ગુજરાત - 360001 વેબસાઈટ: www.ireps.gov.in RJT 217

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly



પશ્ચિમ રેલવે - રાજકોટ મંડળ

EIM વેઈબ્રિજની ખરીદી અને સ્થાપના, એલસી ના જગ્યાએ એલએચએસ પૂરું પાડવું તથા ટાવર વેગન શેડ સંબંધિત ઈલેક્ટ્રિકલ કામ

ટેન્ડર સૂચના નં.: DRM/RJT/E-Tender/2025-2026/52, 53 & 54 (EL) તા. 23.03.2026

| ક્ર. સં | ટેન્ડર નં | કામનું નામ | અંદાજિત NIT કિંમત (રૂ.માં) | અર્નેસ્ટ મની (રૂ.માં) |
|---|---|---|---|---|
| 1 | DRM/RJT/EL/2025-2026/52 | રાજકોટ મંડળ: M & P પ્રોગ્રામ હેઠળ રિપ્લેસમેન્ટ આધાર પર NLK ખાતે 01 નંબર EIM વેઈબ્રિજની ખરીદી અને સ્થાપના. | 6,46,028.82/- | 12,900/- |
| 2 | DRM/RJT/EL/2025-2026/53 | રાજકોટ મંડળ - લુનસેરિયા - વાંકાનેર વચ્ચે કિમી 698/1-2 પર એલસી નંબર 92 ની જગ્યાએ એલએચએસ પૂરું પાડવું. | 2,74,385/- | 5,500/- |
| 3 | DRM/RJT/EL/2025-2026/54 | રાજકોટ મંડળ – મોરબી ખાતે ટાવર વેગન શેડ સંબંધિત ઈલેક્ટ્રિકલ કામ. | 7,85,759/- | 15,700/- |

ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે ટેન્ડર ખોલવાની તારીખ અને સમય: 14.04.2026 @ 15.00 કલાકે કાર્યાલયનું સરનામું: ડિવિઝનલ રેલવે મેનેજર (એન્જિનિયરિંગ),પશ્ચિમ રેલવે,કોઠી કમ્પાઉન્ડ,રાજકોટ,ગુજરાત - 360001 વેબસાઈટ: www.ireps.gov.in RJT 216

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly



રાજકોટ મહાનગરપાલિકા

વેરા વસુલાત શાખા

"વ્યાજ માફી યોજના"

રાજકોટ મહાનગરપાલિકા ખાતે નોંધાયેલ મિલકતો પૈકી જે મિલકતોનો મિલકતવેરો તથા પાણીવેરો ભરપાઇ કરવાનો બાકી હોય તેવા બાકીદારો માટે નીચે મુજબ વ્યાજ માફી યોજના અમલમાં છે :

- મિલકતવેરા પર ચડત વ્યાજમાં રૂ.૫,૦૦૦/- સુધી માફી
- પાણીવેરા પર ચડત વ્યાજમાં રૂ.૫,૦૦૦/- સુધી માફી
- મિલકતધારકને કુલ રૂ.૧૦,૦૦૦/- સુધી વ્યાજ માફી
- વ્યાજ માફી યોજના ની છેલ્લી તારીખ : ૩૧/૦૩/૨૦૨૬

"વ્યાજ માફી યોજના" નો અવશ્ય લાભ લો.

બાકી વેરો ઓનલાઇન ભરવા માટે નીચેનો QR CODE સ્કેન કરો

બાકી વેરો રૂબરૂ ભરવા માટે નજીકની વોર્ડ ઓફિસ/ સિવિક સેન્ટરનો સંપર્ક કરો.

તંત્રી લેખ

# અફવાઓની આંધીને હવા ન આપો

ખાડી યુદધના કારણે હાલ વિશ્વભરના દેશોમાં અનેક સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. આવી વિકટ વેળાએ એક જુટ બની સમસ્યા કે પડકારનો સામાનો કરવો જોઈએ યુદ્ધ ધાર્યા કરતા લાંબુ ચાલ્યું છે. બીજી તરફ સ્ટ્રેટ હાર્મુસમાંથી જહાજો પ્રસાર થવા દેવામાં આવતા ન હોવાના કારણે ઈંધણની અછત ચોકકસ ઉભી થવા પામી છે પણ હવે ઈંધણ નહી જ મળે તેવી કોઈ સંભાવના નથી આફતના સમયમાં અફવાઓની આંધીને પવન ન આવવી જોઈએ.

રાજયમાં પેટ્રોલ-ડીઝલનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે.નાગરિકોને અફવાઓથી દૂર રહેવા અપીલ કરવામાં આવી રહી છે.પેટ્રોલ પંપ પર લાંબી લાઈનો લગાવવાની જરૂર નથી.રાજ્ય પાસે પૂરતો બફર સ્ટોક ઉપલબ્ધ છે.પેટ્રોલ અને ડીઝલની અછત હોવાની ફેલાયેલી અફવાઓના કારણે લોકો મુશ્કેલમાં મુકાય ગયા છે.જયારે સરકાર ખાતરી આપતી હોય ત્યારે તેના પર વિશ્વાસ રાખવો જોઈએ કારણે આપડા કરતાં સરકારને વધુ ચિંતા હોય છે. પેટ્રોલ અને ડીઝલની અછત હોવાના સમાચાર માત્ર અફવા છે. આ ઉપરાંત જો કોઈ ડીલર પાસે જથ્થો હોવા છતાં જાણીજોઈને પંપ બંધ રાખશે અથવા જનતાને હેરાન કરશે, તો તેની સામે સખત કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેવી પણ સરકારે ચીમકી આપી છે.ગમે ત્યારે જોઈએ તેટલું ઈંધણ મળી રહેશે તેવી ખાતરી પણ આપવામાં આવી છે. ઓઈલ કંપનીઓએ સપ્લાયના કલાકો વધાર્યા છે અને જથ્થામાં પણ વધારો કર્યો છે. વધુમાં, સોશિયલ મીડિયામાં આવતા ખોટા મેસેજ કે અફવાઓથી દોરાઈને પંપ પર ભીડ ન કરવી જોઈએ. ગુજરાતમાં ઈંધણની કોઈ જ તકલીફ નથી અને ભવિષ્યમાં પણ રહેશે નહીં.અફવાઓને અવગણી હવે અન્યને પણ જાગૃત કરવાની ઘડી છે.

# અમરેલીમાં મિશન લાઈફ અંતર્ગત યોગ શિબિર અને ફૂટબોલ ૫૦૦ લોકોએ લીધો ભાગ

**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**

અમરેલી ખાતે મિશન લાઈફ અભિયાન અંતર્ગત યોગ શિબિર અને ફૂટબોલ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ચિત્તલ રોડ પર આવેલા સરદાર પટેલ સંકુલ ખાતે યોજાયેલ યોગ શિબિરમાં એનજીઓના પ્રતિનિધિઓ તેમજ યોગ બોર્ડના સભ્યો સહિત આશરે ૨૫૦ નાગરિકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.યોગ દ્વારા સ્વસ્થ જીવનશૈલી અપનાવવા સાથે પર્યાવરણ પ્રત્યે જવાબદારીનું બોધ પણ આપવામાં આવ્યું હતું. સાથેજ ચિતલ રોડ પર સરદાર પટેલ સંકુલ ખાતે ફૂટબોલ રમતનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રમતોત્સવમાં પ્રાથમિક અને માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ સાથે કુલ મળી અંદાજે ૧૫૦ જેટલા ખેલાડીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો, મિશન લાઈફ દ્વારા યુવાઓમાં રમતગમત પ્રત્યે રુચિ વધારવા અને પર્યાવરણ જાગૃતિનો સંદેશ ફેલાવવા પ્રયાસ કરવામાં આવ્યો હતો.

# ગાંધીધામમાં વિશ્વ ટીબી દિવસની ઉજવણી: દર્દીઓને પોષણકીટનું વિતરણ કરાયું

## જનજાગૃતિ માટેની રેલી મુખ્યમાર્ગો પર ફરી, અધિકારી-આગેવાનો જોડાયા

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**





ગાંધીધામ મ્યુનિસિપલ કમિશનર મનીષ ગુરવાણી,મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.મિતેશ ભંડેરી અને જિલ્લા ક્ષય અધિકારી ડો.મનોજ દવેના માર્ગદર્શન હેઠળ મહાનગરપાલિકા વિસ્તારમા વિશ્વ ટીબી દિવસની ઉજવણી કરવામા આવી.જેમા ડીવાઈન હોસ્પિટલ આદિપુર થી રામબાગ હોસ્પિટલ સુધી જનજાગૃતિ રેલીનુ પ્રસ્થાન જિલ્લા ક્ષય અધિકારી ડો.મનોજ દવે,તાલુકા હેલ્થ ઓફિસર અને એમઓએચ મહાનગરપાલિકા ગાંધીધામ ડો.દિનેશ એસ.સુતરીયા,સાગર શુક્લા,ડો.આદિત્ય પંડ્યા,ડો.પ્રવિણ બગડિયા,ડો.વેંકટા કૃષ્ણ ભારદ્વાજ અને ડો.કૃષ્ણકુમાર વિરડા, જિલ્લા કક્ષાએથી એસએચએ વિનોદ ગેલોતર,કિરીટ ભટ્ટ, આ ઉપરાંત આર્ય નર્સિંગ કોલેજના પ્રિન્સીપાલ લીજી જ્યોર્જ અને મૈત્રી સ્કૂલના પ્રિન્સિપાલ તથા વિદ્યાર્થીઓએ તેમજ તાલુકા હેલ્થ ઓફીસ ગાંધીધામનો તમામ સ્ટાફ જોડાયેલ

ત્યારપછી રેલી પૂર્ણ થયા બાદ રામબાગ જિલ્લા હોસ્પિટલ ખાતે ટીબીના દર્દીઓને ડો.મનોજ દવે,ડો.કિશોર રોય,ડો.દિનેશ એસ.સુતરીયા, ડો.આદિત્ય પંડ્યા,ડો હરેશ મટાણી વગેરે દ્વારા ઝઈને લગતી તમામ માહિતી તેમજ આરોગ્ય શિક્ષણ, સમજ અને ૨૦૦ દર્દીઓ ને પોષણ કીટ નીક્ષય મિત્ર શ્રી કિરીટભાઈ ભટ્ટ દ્વારા આપવામા આવી.

તાલુકા હેલ્થ ઓૅફિસર અને ખધઈ મહાનગરપાલિકા ડો.દિનેશ સુતરીયા દ્વારા ટીબીના લક્ષણો અઠવાડિયાથી વધુ ઉધરસ, વજન ઘટવુ, સાંજે તાવ આવવો, રાત્રે પરસેવો, ગળફામા લોહી વગેરે ટીબીના લક્ષણો છે. આવા લક્ષણો દેખાય એટલે નજીકના સેન્ટર પર જઈને તપાસ કરાવવી જોઈએ. વહેલુ નિદાન, વહેલી અને નિયમિત સારવારથી ટીબીનો ફેલાવો અટકાવી અને મટાડી શકાય તેમ છે. વિદ્યાર્થીઓ પહેલુ સુખ તે જાતે નર્યા એ સૂત્ર થી પોતે સારી આદતો કેળવે, સોશિયલ મીડીયાના માધ્યથી અને સમાજની વચ્ચે રહીને સંદેશ લોકો સુધી ફેલાવે અને સામાજિક જવાબદારી માટે આગળ આવે તેવી અપીલ તાલુકા હેલ્થ ઓૅફિસર ગાંધીધામ દ્વારા કરવામા આવી. અને નજીકના સરકારી દવાખાના પર જઈ નિદાન અને સારવાર કરાવી શકાય છે. કાર્યક્રમને સફળ બનાવવા અશોક હિરાણી, જિલ્લા કક્ષાએથી જઈએ વિનોદ ગેલોતર,દિપક રાજગોર,અનામિકા સાધુ,દિનેશ ખરાડી,પાયલ પટેલ અને જગદીશ ભંડેરી એ સહયોગ આપ્યો, રેલીમા તાલુકા હેલ્થ ઓફીસ સ્ટાફ, ડીવાઈન હોસ્પિટલ સ્ટાફ, ગજવાણી અને આર્યા નર્સિંગ સ્કૂલના સ્ટુડન્ટસ સહયોગ આપ્યો.તાલુકાના આરોગ્ય સેન્ટર દ્વારા પણ પોત પોતાના વિસ્તાર મા જનજાગૃતિ રેલીનુ આયોજન કરવામા આવેલ હતી.

# ગોંડલ શહેર યુવા ભાજપ દ્વારા તિરંગાયાત્રા-બાઈક રેલી યોજાઈ

**અબતક,જીતેન્દ્ર આચાર્ય,ગોંડલ**



શહીદ દિવસ નિમિત્તે ગોંડલ શહેર યુવા ભાજપ દ્વારા દેશના વીર સપૂતો. ભગતસિંહ. સુખદેવજી. રાજ્યગુરુ ની યાદમાં તિરંગા યાત્રા નું આયોજન કરવામાં આવ્યું હતુ શહીદ ભગતસિંહની પ્રતિમાને પુષ્પાંજલિ કરી યાત્રાને પ્રસ્થાન કરાવવામાં આવી હતી બાદ માં ડો.આંબેડકર ની પ્રતિમાને પુષ્પાંજલિ કરી મુખ્ય રાજમાર્ગો ઉપર યાત્રા ફરી હતી બસ સ્ટેન્ડ રોડ ત્રિકોણીયા ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ કરી યાત્રા પૂર્ણ થઈ હતી આ યાત્રામાં પૂર્વ નગરપતિ અશોકભાઈ પીપળીયા. શહેર ભાજપ પ્રમુખ સમીરભાઈ કોટડીયા. શહેર ભાજપ મહામંત્રીઓ જેકીભાઈ પરમાર. બીપીનભાઈ નિમાવત. શહેર ભાજપ પુર્વ પ્રમુખ ઉપેન્દ્રસિંહ ચુડાસમા. ભાજપના તમામ મોરચાના પ્રમુખ, મહામંત્રી તથા કારોબારી સભ્યો સહિતના મોટી સંખ્યામાં ભાજપના કાર્યકર્તાઓ જોડાયા હતા આ યાત્રાને સફળ બનાવવા શહેર યુવા ભાજપ પ્રમુખ સચિનભાઈ વ્યાસ. મહામંત્રી કાર્તિકભાઈ સાવલિયા. વિશ્વરાજસિંહ જાડેજા. તથા યુવા મોરચાના તમામ હોદ્દેદારો તથા કારોબારી સભ્યોએ જેહમત ઉઠાવી હતી

# જસદણમાં આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ અને રાષ્ટ્રીય બજરંગ દળ દ્વારા કાલે રામનવમીની શોભાયાત્રા

**અબતક, હિતેશ ગોસાઈ, જસદણ**

પવિત્ર 'રામનવમી'ના પર્વને લઈને સમગ્ર ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે, ત્યારે જસદણ શહેરમાં પણ મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રી રામના જન્મોત્સવને વધાવવા માટે આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ (AHP) અને રાષ્ટ્રીય બજરંગ દળ દ્વારા ભવ્ય શોભાયાત્રા નીકળશે જસદણ ખાતે આ વર્ષે ઐતિહાસિક અને ભવ્ય શોભાયાત્રા નીકળે તે માટે સંગઠનના હોદ્દેદારો અને કાર્યકરો દ્વારા તડામાર તૈયારીઓને આખરી ઓપ અપાયો છે.શોભાયાત્રાને સફળ બનાવવા માટે કાર્યકરો દ્વારા રાત-દિવસ મહેનત કરવામાં આવી હતી શહેરના મુખ્ય માર્ગો પર ભગવા ધ્વજ અને બેનરો લગાવવાની કામગીરી પૂરી થઈ છે આ શોભાયાત્રામાં: ભગવાન શ્રી રામની મનમોહક ઝાંખીઓ.પરંપરાગત રાસ-ગરબા અને ઢોલ-નગારાના ગુંજારવ.હિન્દુ ધર્મની સંસ્કૃતિને ઉજાગર કરતા વિવિધ પ્રતિકો.

હજારોની સંખ્યામાં ઉમટી પડનારા રામભક્તો માટે વ્યવસ્થા ગોઠવવામાં આવી છે આ શોભાયાત્રા શહેરના નિર્ધારિત મુખ્ય માર્ગો પરથી પસાર થશે, જ્યાં ઠેર-ઠેર પુષ્પવર્ષા દ્વારા સ્વાગત કરવામાં આવશે. દરમિયાન જસદણ શહેર ભાજપ પ્રમુખ વિજયભાઈ રાઠોડએ ગુરુવારે જે રામનવમી છે તે નિમિતે જસદણના દરેક શહેરીજનોને શુભેચ્છા પાઠવી હતી તેઓએ જણાવ્યું હતું કે ભગવાન શ્રીરામનું જીવન વિશ્વભરમાં ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે આવા મહામાનવ આદર્શ મર્યાદા પુરષોત્તમ શ્રી રામના જન્મદિનની આયોજકો આવનાર સાધુ સંતો અને મહાનુભવો સહિત શહેરીજનોને શુભેચ્છા અને શુભકામના પાઠવુ છું.



### અછત અફવાઓથી દૂર રહી સારા નાગરિક બનીએ: જસદણ ભાજપ પ્રમુખ વિજયભાઈ રાઠોડ

**અબતક,હિતેશ ગોસાઈ જસદણ**

પેટ્રોલ ડીઝલ હવે નહી મળે આવી અફવા વચ્ચે પેટ્રોલ પંપ પર લાઈન લાગી ગઈ છે પણ આવી અફવાઓથી દૂર રહેવા જસદણ શહેર ભાજપ પ્રમુખ વિજયભાઈ રાઠોડએ નાગરિકોને ખાસ અપીલ કરી છે તેમણે જણાવ્યું હતું કે હાલ યુદ્ધની પરિસ્થિતિ છે સ્વાભાવિક છે કે તેની અસર વિશ્વમાં થાય આપણે પણ થઈ શકે છે ત્યારે ગેસ પેટ્રોલ ડીઝલ જેવું ઈંધણ પર બ્રેક લાગે પણ અફવાને પગલે જો નાગરિકો દ્વારા અફડાતફડી મચે તો કોઈ કારણ વગર રૂટિન પ્રક્રિયાની ચેન તૂટી જાય લોકોને પૂરતું ઈંધણ મળે તે માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે માટે સરકારની ગાઈડ લાઈન પ્રમાણે ચાલીએ તો દરેકને પૂરવઠો આસાનીથી મળી શકે આ માટે કેન્દ્ર અને રાજ્ય સરકારની ગાઈડ લાઈન મુજબ અનુસરીએ.

# સિહોરમાં પેનલ એડવોકેટ્સને ફી બાબતે અન્યાય: કામગીરીનો બહિષ્કાર

## ડી.એસ.એલ.એસ.એ શિડ્યુલ મુજબ ફી ન ચુકવાતા વકીલોમાં રોષ

**અબતક, આનંદ રાણા, સિહોર**



સિહોર બારના લીગલના પેનલ એડવોકેટો તરફથી તારીખ ૨૦/ ૦૩ /૨૦૨૬ ના રોજ લીગલના પેનલ એડવોકેટને નિયત કરેલી ફી કરતા ઓછી ફી ચૂકવતી હોવાની તેમજ કેસ પૂરો થયા બાદ લીગલ ફી કાયદાથી નિર્ધારિત કરેલ શિડ્યુલ કરતાં ઓછી મળતી હોવાની હકીકત પેનલ એડવોકેટ્સના ધ્યાને આવેલ,જે બાબતની શિહોર વકીલ મંડળને ફરિયાદ મળેલ છે. ત્યારબાદ તારીખ ૨૦/ ૦૩/ ૨૦૨૬ ના રોજ ચેરમેન જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ભાવનગરને કાયદાથી નિયત કરેલ દરો કરતાં ઓછી ફી મળતી હોવાની હકીકત જણાવેલ.

ત્યારબાદ ભાવનગર કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા જુના નોટિફિકેશન ટાંકી પત્ર મોકલવામાં આવેલ જેમાં ૨૦૧૭ના નોટિફિકેશન અંગેનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. સદરપત્રમાં જણાવેલ હકીકત પેનલ એડવોકેટ્સને અન્યાય કરતા છે અને ભાવનગર કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા ડી.એસ.એલ.એસ.એ. શિડયુલ ૨૦૨૫માં જણાવેલ દરો કરતાં ઓછા દરે ફી આકારવામાં આવેલ છે.

હકીકત એવી છે કે સિહોર તાલુકા કાનૂની સેવા સમિતિના ચેરમેન દ્વારા કેસ પૂર્ણ થયા બાદ ઈફેક્ટિવ નોન ઈફેક્ટિવ પત્રકો તૈયાર કરવામાં આવે છે અને તેના આધારે ડી.એસ.એલ.એસ.એ.શિડયુલ ૨૦૨૫ મુજબ ગણતરી કરી વકીલ ફી ચૂકવવાની હોય છે,પરંતુ ભાવનગર ડી.એસ.એલ.એસ.એ. દ્વારા મનઘડત રીતે, શેડ્યુલથી નિયત કરેલ ફી કરતાં ઓછી ફી ચૂકવી વકીલોને અન્યાય કરેલ હોય અને ખોટી હકીકત જણાવવામાં આવેલ છે.

આથી વકીલોને ધોરણ મુજબની નક્કી થયેલી ફી મળતી નથી. તેથી સિહોર મંડળના લીગલના પેનલ એડવોકેટ દ્વારા લીગલની કામગીરી નો સંપૂર્ણ બહિષ્કાર કરેલો છે. આથી લીગલની કોઈ કાર્યવાહીમાં હાજર પણ રહેશે નહીં કે વકીલો લીગલના કોઈ કેસ સ્વીકારશે નહીં. આમ શિહોર બારના લીગલના પેનલ એડવોકેટ્સ દ્વારા લીગલની સંપૂર્ણ કાર્યવાહીનો બહિષ્કાર કરેલ છે.

# બોટાદ: જાળીલા ગામ દાતાઓના સહયોગથી બન્યું આધુનિક સુવિધાઓથી સજ્જ

## બીએપીએસના સંતો અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં પ્રવેશદ્વાર, જ્ઞાનવિદ્યા મંદિર હાઈસ્કૂલના આધુનિક વર્ગખંડો અને રાણપુર-બરવાળા રોડને જોડતા પુલનો ભવ્ય લોકાર્પણ સમારોહ યોજાયો

**અબતક, વિપુલ લુહાર, બોટાદ**



બોટાદ જિલ્લાના રાણપુર તાલુકાનું જાળીલા ગામ આજે પોતાની એકતા અને ''એક જાળીલા શ્રેષ્ઠ જાળીલા'' અભિયાન દ્વારા સમગ્ર પંથકમાં આદર્શ બન્યું છે. તાજેતરમાં ગામમાં દાતાઓના સહયોગથી નવનિર્મિત પ્રવેશદ્વાર, જ્ઞાનવિદ્યા મંદિર હાઈસ્કૂલના આધુનિક વર્ગખંડો અને રાણપુર-બરવાળા રોડને જોડતા પુલનો ભવ્ય લોકાર્પણ સમારોહ યોજાયો હતો. આ કાર્યક્રમ સાળંગપુર બીએપીએસ મંદિરના કોઠારી જ્ઞાનેશ્વરદાસ સ્વામી તથા સંતગણના આશીર્વચન અને પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ભરતભાઈ પંડ્યા, ધારાસભ્ય કાળુભાઈ ડાભી તેમજ જિલ્લાના ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. આ પ્રોજેક્ટ્સમાં સુતરીયા પરિવાર (ભીમજીભાઈ જીવરાજભાઈ પરિવાર), લાલજીભાઈ નાવડીયા, દિપસંગભાઈ પરમાર અને જાળીલા પટેલ પ્રગતિ મંડળ-સુરત જેવા અનેક દાતાઓએ લાખો રૂપિયાનું માતબર અનુદાન આપી ગ્રામીણ વિકાસમાં પાયાની ભૂમિકા ભજવી છે.

આ પ્રસંગે અમેરિકા સ્થિત દાતા પ્રવીણભાઈ સુતરીયાએ વતન પ્રેમ વ્યક્ત કરતા જાળીલા ગામના વિદ્યાર્થીઓ માટે ધોરણ ૧૨ પછીના ઉચ્ચ શિક્ષણનો તમામ ખર્ચ 'જાળીલા કોમ્યુનિટી ફાઉન્ડેશન ટ્રસ્ટ યુએસએ' દ્વારા ઉઠાવવાની મહત્વની જાહેરાત કરી હતી. આ પ્રેરણાદાયી પહેલથી પ્રેરાઈને ટેક્ષસ્પીન કંપનીના ડાયરેકટર ભુપેન્દ્રભાઈ મકવાણાએ રૂ. ૫ લાખ અને દિયોરા પરિવાર દ્વારા રૂ. ૧ લાખના દાનની સરવાણી વહેવડાવી હતી. ધારાસભ્ય કાળુભાઈ ડાભી અને કોઠારી સ્વામીએ દાતાઓની સામાજિક જવાબદારી અને નિષ્ઠાને બિરદાવી હતી. આ કાર્યક્રમમાં સરપંચ મહાવીરભાઈ ખાચર સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો અને રાજકીય-સામાજિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા, જે જાળીલા ગામની એકતા અને સર્વાંગી પ્રગતિનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે.

# બાળકોને સર્વાંગી વિકાસ સાથે ભવિષ્ય માટે તૈયાર કરશે 'જ્ઞાનમંજરી સ્કુલ': ધારા પટેલ

## ભાવનગરની પ્રસિદ્ધ 'જ્ઞાનમંજરી પબ્લિક સ્કૂલ'નું વેરાવળ ખાતે ભવ્ય ઉદ્ઘાટન




**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**

ભાવનગરની પ્રસિદ્ધ જ્ઞાનમંજરી સંસ્થા હવે વેરાવળ સોમનાથ મહાદેવ ના સાંનિધ્ય માં જ્ઞાનમંજરી પબ્લિક સ્કૂલ ના નામ સાથે ઓપનિંગ સેરેમની નો ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો.

વેરાવળ તાલુકાના ડારી ગામે શરુ થયેલ જ્ઞાનમંજરી પ્રાઈમરી સેકશન ગુજરાતમાં મહુવા, બાલાસિનોર, સુરત,મોડાસા,અને રાજસ્થાનમાં ગંગાનગરમાં કાર્યરત છે. અને હવે વેરાવળ ખાતે જ્ઞાનમંજરી પબ્લિક સ્કૂલ તરીકે કાર્યરત થઈ છે. આ કાર્યક્રમમાં શહેરના શિક્ષણ વિદો, વાલીઓ, શહેરના મહાનુભાવો તથા સંસ્થાના ટ્રસ્ટી બીન્દુબેન ચંદ્રાણી અને મયુરભાઈ ગઢિયા હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં જ્ઞાનમંજરીના મેનેજિંગ ડાયરેકટર ધારાબેન પટેલએ જ્ઞાનમંજરીનું વિઝન અને મિશનની વાત કરતા તેમણે જણાવ્યું દરેક બાળકને વાસ્તવિક જીવનની પરિસ્થિતિઓમાં આત્મવિશ્વાસુ અને બાળકોના સર્વાંગી વિકાસ સાથે ભવિષ્ય માટે તૈયાર કરવા. આ સાથે જ્ઞાનમંજરી કેરિયર ઈન્સ્ટિટયૂટના ચીફ ઓપરેશનલ ઓફિસર હરેશભાઈ ખોખાણી, એકેડમી ડાયરેક્ટર રામાણી પ્રકાશ, માર્કેટિંગ હેડ યશ ચુડાસમા અને વિશ્વરાજસિંહ જાડેજા તથા સંસ્થાના શિક્ષક ગણ અને સ્ટાફે કાર્યક્રમને સફળ બનાવવા માટે જેહમત ઉઠાવી હતી.

# ભેડાપીપળીયા ગામે આણંદબાપાનો ૪૯મો તિથિ મહોત્સવ ઉજવાશે

## ૩૧ માર્ચ ખ્યાતનામ કલાકારોનો ભવ્ય સંતવાણી: ૧ એપ્રિલ યજ્ઞ, શોભાયાત્રા, મહાપ્રસાદ સહિતના કાર્યક્રમ

**અબતક, રાજકોટ**

### 'અબતક'ની શુભેચ્છા મુલાકાતમાં સંજયભાઈ જોટંગીયાએ આપી માહિતી



રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકાના ભેડાપીપળિયા ગામે આવેલ સમસ્ત જોટંગીયા પરિવારના સુરાપુરા પૂ.આણંદબાપા આશ્રમ ખાતે આગામી ૦૧ એપ્રિલ, ૨૦૨૬ ના રોજ ભવ્ય તિથિ મહોત્સવ-૨૦૨૬'નું આયોજન કરવામાં આવ્યું છે. આ ધાર્મિક મહોત્સવમાં આશ્રમ કમિટી અને મહિલા મંડળ દ્વારા વિવિધ ધાર્મિક અને સામાજિક કાર્યક્રમોની વણઝાર યોજાશે.

આ ૪૯મો તિથી મહોત્સવમાં આમંત્રિત મહેમાનોમાં જેતપુર જામકંડોરણાના લોકલાડિલા યુવા ધારાસભ્ય જયેશભાઈ રાદડીયા, જેન્તીરામબાપા (શ્રી દેવરામ આશ્રમ-ભેડાપીપળીયા) ધવલ ભુવાજી (કામઢીયાની સરકાર-શ્રી મામાદેવના ભુવાજી) સુરેશભાઈ સખરેલીયા સહિત ઉપસ્થિત રહેશે.

તિથી મહોત્સવમાં જે ભૂમિદાન પેટે પ્લોટ (જમીન) દાદાને અર્પણ કરેલો હતો તે જગ્યા ઉપર બે માળનું નવું બાંધકામ આધુનિક સુવિધાયુક્ત હોલ-૧ તથા હોલ-૨ બનાવવાનું કમિટી દ્વારા સર્વાનુમતે ઠરાવવામાં આવેલ છે. ૧ વર્ષ બાદ ૭૦ લાખના ખર્ચે આ આશ્રમનું કાર્ય પુર્ણ થશે.

મહોત્સવની પૂર્વ સંધ્યાએ એટલે કે ૩૧ માર્ચ, ૨૦૨૯, મંગળવારના રોજ રાત્રે ૯:૩૦ કલાકે ભવ્ય 'સંતવાણી' કાર્યક્રમ યોજાશે. જેમાં ગુજરાતના ખ્યાતનામ લોકગાયક ઉમેશ બારોટ, રાજદાન ગઢવી અને કચ્છના જાણીતા લોકગાયિકા પુનમબેન ગઢવી ભજન અને લોકસાહિત્યની રમઝટ બોલાવશે. આ કાર્યક્રમનું સંચાલન હાસ્ય કલાકાર પિયુષ મહારાજ દ્વારા કરવામાં આવશે.

તિથિ મહોત્સવના મુખ્ય દિવસે એટલે કે બુધવારે સવારે ૬:૦૦ કલાકે પવિત્ર યજ્ઞનો પ્રારંભ થશે. જેનું બીડું બપોરે ૧૨:૧૫ કલાકે હોમવામાં આવશે. આ ઉપરાંત સવારે ૯:૩૦ કલાકે નિવેદ, ધ્વજારોહણ અને ગામમાં ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવશે. બપોરે ૧૧:૩૦ કલાકે બટુક ભોજન અને ત્યારબાદ ૧૨:૩૦ કલાકે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. શૈક્ષણિક પ્રોત્સાહન અને પરિવાર ગોષ્ઠીમહોત્સવ અંતર્ગત જોટંગીયા પરિવારના તેજસ્વી તારલાઓ માટે ઈનામ વિતરણ કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો છે. વર્ષ ૨૦૨૫માં ધોરણ ૧૦થી પોસ્ટ ગ્રેજ્યુએશન સુધીના અભ્યાસમાં પ્રથમ ત્રણ ક્રમે ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને શિલ્ડ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરાશે.

દર વર્ષે સમસ્ત જોટંગિયા પરિવાર દ્વારા સમાજનો વિકાસ તેમજ ઉત્થાન કરનાર વ્યકિત વિશેષનું પરિવાર રત્ન એવોર્ડ આપી સન્માન કરવામાં આવે છે એવી જ રીતે આ વર્ષે પણ સુરાપુરા શ્રી આણંદબાપા આશ્રમ કમિટી દ્વારા પરમધામવાસી પ્રવીણભાઈ લલ્લુભાઈ જોટંગીયાને આણંદબાપા આશ્રમ કમીટી મરણોતર સન્માન - ૨૦૨૬ અર્પણ કરવામાં આવશે.

# શાપરમાં પણ વ્યાજખોરનો ત્રાસ: યુવાનને ૧૦% વ્યાજે પૈસા આપી પઠાણી ઉઘરાણી કરી

**અબતક, રાજકોટ**

શાપરમાં રહી મજૂરી કરતો યુવાન વ્યાજના વિષચક્રમાં ફસાયો હતો. ચા-પાણીનો ધંધો શરૂ કરવા રૂપિયાની જરૂરિયાત ઉભી થતાં યુવકે વ્યાજખોર પાસેથી રૂ. ૧૫ હજાર ૧૦% વ્યાજે લીધા હતા. બાદમાં છ હજાર ચૂકવ્યા છતાં વ્યાજખોરે વ્યાજ અને મૂડીની ઉઘરાણી શરૂ રાખી ધમકી આપતાં યુવાને ફરિયાદ નોંધાવી હતી.

મામલામાં મૂળ જૂનાગઢના ડુબલી પ્લોટના રહેવાસી અને હાલ શાપર(વે.)માં શિવ હોટેલ નજીક રહેતા ૨૦ વર્ષીય યુવાન પાર્થભાઈ મુકેશભાઈ પરમારે નોંધાવેલી ફરિયાદમાં વ્યાજખોર તરીકે યોગેશ રામભાઈ ઓઢવિયા(રહે. વેરાવળ શાપર)નું નામ આપતાં શાપર પોલિસેં મની લેન્ડ એક્ટની કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો.

યુવાને જણાવ્યું હતું કે, શાપર(વે.) જી.આઈ.ડી.સી. માં છુટક મજુરી કરુ છુ. છ મહીના પહેલા મારે ધંધો કરવો હોય જેથી મારે રૂ.૧૫ હજારની જરૂરિયાત ઉભી થઈ હતી. હુ નવરાસના સમયે શીવ હોટલે બેશતો હોય ત્યા મારે યોગેશભાઈ ઓઢવીયા સાથે ઓળખાણ થયેલ હતી. જેથી મેં તેને પૈસાની જરૂરીયાત બાબતે વાત કરતા તેણે મને માસિક ૧૦% લેખે ૧૫૦૦ વ્યાજ ચૂકવવું પડશે તેમ જણાવ્યું હતું. જેથી મેં ચા-પાણીનો ધંધો ચાલુ કરવાં યોગેશભાઈ રામભાઈ ઓઢવીયા પાસે રૂ. ૧૫ હજાર ૧૦% વ્યાજે લીધેલ હતા. બાદ મેં બે મહિના સુધી રૂ. ૧૫૦૦ વ્યાજ પેટે ચૂકવ્યા હતા. બાદ મારો ધંધો ન ચાલતા હું યોગેશભાઈને વ્યાજ આપી શકતો ન હતો. જેથી તે મારી પાસે આવી બળજબરીપુર્વક પૈસા માંગતો અને પૈસા નહી આપે તો તને શાપરના રહેવા નહી દઉં તેવી ધમકીઓ આપતો હતો. જેથી હું કંટાળીને શાપરથી મારા વતન જતો રહેલ હતો. ત્યા મારે મજુરી કામ ચાલતુ ન હોય જેથી હુ શાપર(વે) ખાતે પાછો આવતા યોગેશભાઈ સાથે વાત કરી રૂ.૧૫ હજારના રૂ.૧૨ હજાર પરત આપવાના અને દર મહિને રૂ.૧૫૦૦ નો હપ્તો આપવાનું નક્કી કરી સમાધાન કરેલ હતુ. જેને મે રૂ.૧૫૦૦ ના બે હપ્તા એમ કુલ રૂ.૩ હજાર આપેલ હતા. તેમ છતાં હજુ તેં મારી પાસે રૂ.૧૫ હજારની ઉઘરાણી કરે છે. બાદ મેં વ્યાજ માફ કરી મૂડી લઈ લેવાનું કહેતા મને ધમકી આપેલ કે, રૂપીયા તો તારે વ્યાજ સાથે પુરા આપવા પડશે નહીતર તને શાપરમાં આવવુ બંધ કરાવી દઈશ. બાદ તેણે મારી પાસે પૈસાની બળજબરીપુર્વક માંગણી શરૂ રાખી હતી. જેથી અંતે યુવકે કંટાળી વ્યાજખોર વિરુદ્ધ શાપર(વે.) પોલિસ મથકે જઈ ફરિયાદ નોંધાવી હતી.

## શાપર (વે.) પોલીસે લોન મેળો યોજ્યો: ત્રણ લાભાર્થીઓને રૂ.૧.૦૭ કરોડના ચેક અપાયા

નાયબ પોલીસ મહાનિરીક્ષક નિર્લિપ્ત રાય અને રાજકોટ જિલ્લા પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જર દ્વારા હાલના સમયમાં બાળકોના શિક્ષણ, ખેત પેદાશમાં નુકસાન, ઘર ખર્ચ તેમજ અન્ય આર્થિક જરૂરિયાતના લીધે સામાન્ય લોકો ગેરકાયદે વ્યાજખોરીનો ધંધો કરતા શખ્સો લોકો પાસેને નાણાં ધીરી ઉંચું વ્યાજ વસુલી શિકાર બનાવતા હોય છે. જેના લીધે જરૂરિયાતમંદો આર્થિક સંકડામણ માંથી બહાર નીકળવાને બદલે વધુને વધુ વ્યાજણી માયાજાળમાં ફસાતા હોય છે. જેના કારણે પોતાના ઘર, જમીન, વાહન તેમજ અન્ય મિલકતો ગુમાવવાનો વારો આવતો હોય છે. ઘણીવાર લોકો વ્યાજના વિષચક્રમાં ફસાઈ આપઘાત સુધીના પગલાં ભરી લેતા હોય જેથી લોકોને



વ્યાજખોરોના ચુનાલમાં ફસાતા બચાવી શકાય અને આર્થિક સહાય આપી શકાય તેવા ઉદ્દેશ સાથે બેંકો પાસેથી સરળતાથી લોન મેળવી શકાય તે માટે શાપર વેરાવળ પોલીસ મથક ખાતે લોન મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જે લોન મેળા અનુસંધાને ગોંડલ વિભાગના ડીવાયએસપી કે જી ઝાલાના સીધા માર્ગદર્શન હેઠળ શાપર વેરાવળ પોલીસ મથકના પીઆઈ આર બી રાણા દ્વારા ગત તા. ૨૪-૦૩-૨૬ ના રોજ પોલીસ મથક ખાતે લોન મેળાનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં એચડીએફસી બેન્ક, આઈડીએફસી બેંક, આઈઆઈએફએલ બેંક, એસબીઆઈ બેન્ક, આઈસીઆઈસીઆઈ બેન્ક, સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડિયા, એક્સિસ બેન્ક, બજાજ ફાઈનાન્સ, કેનેરા બેન્ક, કેપરી લોન, યુનિયન બેન્ક, ઈન્ડિયન બેંક સહિતની બેન્કના અધિકારી - કર્મચારીઓ હાજર રહ્યા હતા. શાપર વેરાવળ પોલીસ મથક વિસ્તારમાં રહેતા તથા ઔદ્યોગિક વિસ્તારમાં કામ કરતા શ્રમિકો તથા આગેવાનો સહિત ૧૫૦ જેટલા સામાન્ય નાગરિકો લોન મેળામાં હાજર રહ્યા હતા. દરમિયાન બેંકના અધિકારીઓ દ્વારા વિવિધ પ્રકારની બેંક લોન, યોજનાઓ, લોન મેળવવાની પ્રક્રિયા, જરૂરી દસ્તાવેજો અંગે વિગતવાર માહિતી આપી લોકોને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન યુનિયન બેન્ક ઓફ ઈન્ડિયા તરફથી અલગ અલગ પ્રકારની લોન પ્રાપ્ત થયેલ ત્રણ લાભાર્થીઓને કુલ રૂ. ૧.૦૭ કરોડના ચેક ડીવાયએસપી કે જી ઝાલાના હસ્તે વિતરણ કરવામાં આવેલ હતા. ઉપરાંત અન્ય જરૂરિયાતમંદ લોકોને સંબંધિત બેંકમાં રૂબરૂ જઈ અરજી કરવાની પ્રક્રિયા અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વધુમાં ગેરકાયદે વ્યાજખોરીનો ધંધો કરતા શખ્સોની ચુંગાલમાં ફસાયેલા લોકોને તાત્કાલિક પોલીસ મથકનો સંપર્ક કરવા અપીલ કરવામાં આવી હતી.

**ચા-પાણીનો ધંધો શરૂ કરવા યુવકે રૂ.૧૫ હજાર વ્યાજે લીધા'તા: ચાર મહિના સુધી હપ્તા ભર્યા છતાં વધુ વ્યાજ અને મૂડી નહિ આપે તો શાપરમાં રહેવા નહિ દઉં કહી ધમકી આપી, ગુનો નોંધાયો**

# વિંછીયાના મોઢુકા ગામે સરકારી ખરાબામાં મકાન ખડકી દબાણ: લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ગુનો

## સરકારી ખરાબાના સ.નં.૧૫૫ પૈકી ૪૪/ પૈકી ૧ ની ૧૨૫ ચો.મી. જમીન પર અડિંગો જમાવનાર રમેશ તાવિયા વિરૂદ્ધ વિંછીયા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાઈ

**અબતક, રાજકોટ**

વિંછીયા તાલુકાના મોઢુકા ગામે સરકારી ખરાબાની જમીન પર મકાન ખડકી દઈ ગેરકાયદે દબાણ કરવામાં આવ્યું હતું. જે દબાણકર્તા વિરુદ્ધ મામલતદારે ફરિયાદી બની સરકાર તરફે દબાણકર્તા વિરુદ્ધ એન્ટી લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ફરિયાદ નોંધાવી હતી.

મામલામાં વિંછીયાના મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ યુ.વી.કાનાણીએ સરકાર તરફે ફરિયાદી બની નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે રમેશ જગશીભાઈ તાવિયા(રહે. મોઢુકા, વિંછીયા, રાજકોટ) નું નામ આપતાં વિંછીયા પોલિસેં ગુજરાત એન્ટી લેન્ડ ગ્રેબિંગ એક્ટની કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો.

મામલતદારે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યું હતું કે, હું વિંછીયા મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ તરીકે તા.૦૧/૧૨/૨૦૨૫ થી ફરજ બજાવું છું. મોઢુકા ગામના સરકારી ખરાબાના સ.નં.૧૫૫ પૈકી ૪૪/ પૈકી ૧ મોઢુકા-વિંછીયા રોડ કાંઠાની જમીનમાં રમેશભાઈ જગશીભાઈ તાવિયાએ બિનઅધિકૃત કબજો કરી રહેણાંક હેતુ માટેનું બાંધકામ કરી લીધાનું અમારા ધ્યાને આવેલ હતું. જે દબાણ ધ્યાને આવતાં સર્કલ ઓફીસરે જમીન મહેસુલ કાયદાની કલમ-૬૧ હેઠળ કાર્યવાહી કરવા વિગતવાર દરખાસ્ત તૈયાર કરી મોકલાવતાં દબાણદારની સામે લે.રે.કો.ક.૬૧ હેઠળ કાર્યવાહી હાથ ધરી રૂબરૂ સાંભળવા માટે નોટીસ આપી દબાણદારોને રૂબરૂ સાંભળવામાં આવેલ હતા.

બાદમાં બોર્ડમાં કેસ ચાલી જતાં પેશકદમી કેસ નં.૫૬/૨૦૨૫ ના કામે તા.૨૧/૦૧/૨૦૨૬ થી દબાણ ખુલ્લુ કરવા અને રૂ.૬૨૫/- દંડ વસુલ કરવા હુકમ કરવામાં આવેલ હતો પરંતુ દબાણદારએ દબાણ ખુલ્લુ કરવાનો હુકમ કર્યા બાદ પણ હુકમ મુજબ સરકારી જમીન ઉપરનું દબાણ ખુલ્લુ કરેલ ન હતું. જે અમારા ધ્યાને નાયબ કલેકટર, જસદણને દબાણદારની સામે સુઓમોટો ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ) અધિનિયમ-૨૦૨૦ હેઠળ કાર્યવાહી કરવા દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે દરખાસ્ત અનુસંધાને જીલ્લા કક્ષાની નિયત કમીટીની તા. ૨૦/૦૨/૨૦૨૬ ની બેઠકમાં દબાણદારની સામે જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ અધિનિયમ હેઠળ પોલીસ ફરીયાદ નોંધાવવા નિર્ણય કરવામાં આવેલ હતો. જે બાદ અમને તા.૧૦/૦૩/૨૦૨૬ ના પત્રથી ફરીયાદ દાખલ કરવા હુકમ કરવામાં આવેલ હતો.

જેથી મોઢુકા ગામની સરકારી સર્વે નંબર ૧૫૫ પૈકી ૪૪/ પૈકી ૧ પૈકીની અંદાજિત ૧૨૫ ચો.મી. જેટલી મોઢુકા-વિંછીયા રોડ કાંઠાની જંત્રી દર મુજબ રૂ. ૬૨,૫૦૦ ની કિંમતી સરકારી જમીનમાં અનઅધિકૃત કબજો કરી તેમાં રહેણાંક હેતુ માટેનું મકાન બનાવી દબાણ કરી લેનાર રમેશભાઈ જગશીભાઈ તાવિયા (રહે.મોઢુકા, વિંછીયા) વિરુદ્ધ ગુજરાત જમીન પચાવી પાડવા પર(પ્રતિબંધ) અધિનિયમ-૨૦૨૦ ની કલમો હેઠળ મામલતદારે વિંછીયા પોલિસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

# અમરેલીમાં ઘરેણા બનાવવાના બહાને યુવાન સાથે રૂ.૧.૪૩ લાખની ઠગાઈ

## જ્વેલર્સે ઓનલાઈન અને રોકડ રકમ તફડાવી ગ્રાહકને ઠેંગો બતાવ્યો

**અબતક**
**હર્ષ ઠાકર, અમરેલી**

અમરેલીમાં દોઢ વર્ષ પહેલા સોનાની ચેઈન બનાવી આપવાના બહાને વ્યક્તિ પાસેથી રૂ. ૧.૪૩ લઈ છેતરપીંડી કરી ધમકી આપી હોવાની ઘટના સામે આવી છે.

અમરેલીના હનુમાનપરા વિસ્તારમાં રહેતા ભાવીનભાઈ ગીરીશભાઈ વાઘેલા (ઉ.વ.૩૪) એ ફરિયાદ નોંધાવી છે કે, આજથી દોઢ વર્ષ પહેલા જવેલર્સ હીરેન પ્રવિણભાઈ ચાંપાનેરીએ તેમને વિશ્વાસમાં લઈ સોનાની બે ચેઈન બનાવી આપવા જણાવ્યું હતું. જેના રૂપિયા ઓનલાઈન રૂ.૫૦ હજાર ટ્રાન્સફર કર્યા હતા તેમજ બાકીના રૂપિયા ૮૩ હજાર રોકડા આપ્યા હતા. આમ કુલ રૂ. ૧.૪૩ આપ્યા છતાં ચેઈન બનાવી નહીં આપતા ભાવિનભાઈએ અનેક વખત પોતાની ચેઈન લેવા દુકાને જતા ત્યાં તેઓને અપશબ્દો બોલી મારી નાખવાની ધમકી આપી હતી

આ અંગે જવેલર્સ હિરેન ચાંપાનેરી વિરુદ્ધ ફરિયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.


# લાઠીમાં યુવકે ઝેરી દવા પી જીવન ટૂંકાવ્યું

**અબતક, હર્ષ ઠાકર, અમરેલી:** લાઠી શહેરના અસ્તાપીરની શેરી વિસ્તારમાં એક યુવકે ઝેરી દવા પી લેતાં મોત નીપજ્યાની ઘટના સામે આવતા યુવકે કયા કારણોસર આ પગલું ભર્યું તે અંગે હજી સુધી સ્પષ્ટતા થઈ નથી અને પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.લાઠી શહેરના અસ્તાપીરની શેરીમાં રહેતા ચીંતન ઉર્ફે દિવ્યેશ દિનેશભાઈ ગળથીયા (ઉ.વ.૨૫) એ ગત ૧૯ માર્ચે બપોરે આશરે સવા ચાર વાગ્યે પોતાના રહેણાંક મકાને કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી લીધી હતી. જેના કારણે તેની તબિયત બગડતા મોત નીપજ્યું હતું. આ અંગે સુરત રહેતા મૃતકના પિતા દિનેશભાઈ કરશનભાઈ ગળથીયા (ઉ.વ.૫૪) એ જાણ કરતા લાઠી પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# ધારીના મીઠાપુર નકકી ગામે દંપતી પર હુમલો

## જમીન અમારી છે તેમ કહી સિધ્ધરાજ ખુમાણ અને નરેશ સોલંકીએ ખેડુતને માર માર્યો

**અબતક, મેહુલ ત્રિવેદી, ધારી**



ધારી તાલુકાના મીઠાપુર નક્કી ગામે જમીનમાં સાઠિયુ ભેગી કરવા મુદ્દે વિવાદમાં બે શખ્સોએ કારમાં આવી પથ્થરમારો કરતા મહિલા સહિત બે લોકો ઈજાગ્રસ્ત થયાની ઘટના સામે આવી છે. ધારીના મીઠાપુર નક્કી ગામે બોરડી ગામના લાલજીભાઈ ઉર્ફે લલીતભાઈ હરજીભાઈ શીરોયા (ઉ.વ.૫૫) પોતાના પરિવારજનો અને સાક્ષીઓ સાથે મીઠાપુર નક્કી ગામે આવેલા પોતાના ખેતરમાં સાઠિયું ભેગી કરવાની કામગીરી કરી રહ્યા હતા. તે સમયે સિદ્ધરાજ નટુભાઈ ખુમાણ અને નરેશ અરજણભાઈ સોલંકી કાર લઈને ત્યાં આવી પહોંચ્યા હત, અને ખેતર પોતાની હોવાનું કહી લાલજીભાઈ તથા તેમના પરિવારજનોને ત્યાંથી જતા રહેવા કહ્યું હતું. ત્યારબાદ બંનેએ અપશબ્દો બોલી છૂટા પથ્થરો ફેંકી હુમલો કર્યો હતો. જેમાં તેઓની પત્ની વર્ષાબેનને અને તેઓના ભાઈ નારણભાઈને ઈજા પહોંચાડી મારી નાખવાની ધમકી પણ આપી હતી. જે અંગે સિદ્ધરાજ નટુભાઈ ખુમાણ અને નરેશ અરજણભાઈ સોલંકી વિરુદ્ધ ગુન્હો નોંધી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# તું અમારા શ્વાનને કેમ મારતો હતો? કહી ગોંડલના ગુંદાળામાં યુવક પર જીવલેણ હુમલો

## સવારે ધમકી આપ્યા બાદ કાનાણી બંધુઓ રાત્રિના છરી વડે તૂટી પડ્યા : બચાવવા પડેલા ભાઈને પણ ઘા ઝીંક્યો, ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

ગોંડલના ગુંદાળા ગામે શ્વાનને મારવા બાબતે માથાકૂટ કરી યુવાન પર છરી વડે જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. યુવાન પર અહીં ગામમાં જ રહેતા કાનાણી બંધુઓએ છરી વડે ખૂની હુમલો કર્યો હતો.યુવાનને બચાવવા વચ્ચે પડેલા તેના પીતરાઈ ભાઈને પણ છરી ઝીંકી દીધી હતી. હુમલામાં ઘવાયેલા યુવાનને સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. શેરીમાં બાળકો રમતા હોય દરમિયાન બે શ્વાન ઝઘડતા યુવાને તેને છૂટા પડાવ્યા હતા. બાદમાં આરોપીએ તે મારા પાલતુ શ્વાનને કેમ માર્યું તેમ કહી ધમકી આપ્યા બાદ રાત્રીના યુવાનના ઘરે જઈ ખુની હુમલો કર્યો હતો. બનાવ અંગે ગોંડલ તાલુકા પોલીસે ત્રણેય આરોપીઓ સામે હત્યાના પ્રયાસની કલમ હેઠળ ગુનો નોંધી તેને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.

બનાવની જાણવા મળતી વિગતો મુજબ, ગોંડલ તાલુકાના ગુંદાળા ગામે પાટીદડ રોડ પર સંજીવની આવાસમાં રહેતા અને મજૂરીકામ કરી પરિવારનું ગુજરાન ચલાવનાર રવિ કિશોરભાઈ ઉદેશ (ઉ.વ.૨૪) નામના યુવાને નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે અહીં સંજીવની આવાસમાં જ રહેતા રાહુલ નરેશભાઈ કાનાણી, રોહિતભાઈ નરેશભાઈ કાનાણી અને રાજ નરેશભાઈ કાનાણીના નામ આપ્યા છે.

યુવાને ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગઈકાલ રાત્રીના નવેક વાગ્યે આસપાસ તે ઘરે હતો ત્યારે આ ત્રણેય ભાઈઓ અહીં ઘરે છરી સાથે ધસી આવ્યા હતા તેણે દરવાજાને પાટા મારતા યુવાન ઘર બહાર ગયો હતો. દરમિયાન રાહુલે યુવાનને છરી મારવા જતા તેણે હાથ આડો રાખતા ડાબા હાથમાં ઈજા પહોંચી હતી. બાદમાં રોહિતે છરીથી હુમલો કરતા યુવાનને જમણા હાથમાં ઈજા પહોંચતી હતી દરમિયાન રાજ કાનાણીએ યુવાનને પડખાનાભાગે મારી નાખવાના ઈરાદે છરીના ઘા ઝીંકી દીધા હતા. જેથી દેકારો થતાં અહીં લોકો એકત્ર થઈ ગયા હતા. આ સમયે યુવાનનો મામાનો પુત્ર કાનો જીવણભાઈ પરમાર અહીં આવી જતા અને તે યુવાનને બચાવવા જતા તેને પણ છરીનો ઘા ઝીંકી ઈજા પહોંચાડી હતી. બાદમાં આ ત્રણેય શખસો અહીંથી નાસી ગયા હતા. હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા યુવાનને સારવાર માટે રાજકોટ સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

યુવાને ફરિયાદમાં વધુમાં જણાવ્યું હતું કે, આજથી ત્રણેક દિવસ પૂર્વે તેના ઘર પાસે કુતરા ઝઘડતા હોય જેથી તેણે અલગ પાડ્યા હતા. જેમાં એક પાલતું શ્વાન રોહિતનું હોય જેથી રોહિતને આ વાત પસંદ ન પડી ન હતી. યુવાન ગામ પાસે હોટેલ હતો ત્યારે અહીં આવી કહ્યું હતું કે તું અમારા કૂતરાને કેમ મારતો હતો. હું તને જોઈ લઈશ તેમ કહી ધમકી આપ્યા બાદ રાત્રીના રોહિત તથા તેના બંને ભાઈઓએ અહીં આવી યુવાન પર છરી વડે ખૂની હુમલો કર્યો હતો. યુવકને બચાવવા તેનો પિતરાઈ ભાઈ કાનો જીવણભાઈ પરમાર વચ્ચે પડતા તેને પણ છરી મારી દીધી હતી. ગોંડલ તાલુકા પોલીસે ત્રણેય આરોપીઓ સામે બીએનએસ ૧૦૯(૧), ૧૧૮(૧), ૫૪ તથા જીપીએક્ટ કલમ ૧૩૫ મુજબ ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી. આ અંગે વધુ તપાસ પીએસઆઈ આર.આર.સોલંકી ચલાવી રહ્યા છે.

# ગોંડલના બિટ્ટુ જાડેજા વિરૂદ્ધ ફરિયાદોનો ધોધ: મિલકત પડાવી લેવા મામલે ચોથો ગુનો નોંધાયો

## ખડવંથલી ગામના પ્રૌઢને ખુલ્લા પ્લોટમાં મોબાઈલ ટાવર ઉભો કરવાં જગ્યા ભાડે લઈ છ વર્ષથી કોઈ ભાડું ન ચૂકવ્યું, સબ રજિસ્ટ્રાર ઓફિસમાં માર મારી સાટા ખત પણ કરાવી લીધું

## બીટ્ટુ જાડેજા સામે એસપી વિજયસિંહ ગુર્જર એક્સનમાં, અનેક લોકોને મિલકત વિહોણા કરનાર સામે ગુના વધવાની શક્યતાઓ

**અબતક,રાજકોટ**

ગોંડલના કુખ્યાત ભુ માફિયા બીટ્ટુ જાડેજા સામે પોલીસ મેદાને આવી છે અને ચોથો ગુનો નોંધી કડક કાર્યવાહી કરતાં અન્ય ભુ માફિયામાં પણ ભયનો માહોલ સર્જાયો છે. ખડવંથલી ગામના પ્રૌઢને ખુલ્લા પ્લોટમાં મોબાઈલ ટાવર ઉભો કરવાં જગ્યા ભાડે લઈ છ વર્ષથી કોઈ ભાડું ન ચૂકવી સબ રજિસ્ટ્રાર ઓફિસમાં માર મારી સાટા ખત પણ કરાવી લેતાં ગોંડલ તાલુકા પોલીસ મથકમાં ગુનો નોંધાયો છે.

બનાવ અંગે ગોંડલના ખડવંથલી ગામે રહેતાં ધનજીભાઈ સ્વજીભાઈ ભુંડીયા (ઉ.વ.૫૭) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે ગોંડલના કુખ્યાત ભર્ગરાજસિંહ ઉર્ફે બિટ્ટુ જાડેજાનું નામ આપી જણાવ્યું હતું કે, તેઓને ગામમાં ખેતીની ૧૫ વિઘા જમીન આવેલ હોય જેમાં ખેતીકામ કરી પરીવારનુ ગુજરાન ચલાવે છે.

ખંડવંથલી ગામના સર્વે નં.૨૪૧ પૈકીની જમીનમાં પ્લોટ નં.૫, એરીયા ૩૬૩-૭૧-૬૧ ચોરસ મીટરનો પ્લોટ તા.૩૦/૦૫/૨૦૦૭ ના ખરીદ કરેલ અને તે પ્લોટની અમુક જગ્યામાં મકાન બનાવેલ અને બાકીનો પ્લોટ ખુલ્લો છે. બાદ વર્ષ ૨૦૧૮ માં ગોંડલનો ભર્ગરાજસિંહ ઉર્ફે બિટ્ટુ જાડેજા આવેલ અને કહેલ કે, અમારે તમારા ગામમાં જીઓ કંપનીનો ટાવર ઉભો કરવો છે, જેના માટે અમારે ખુલ્લા પ્લોટની જરૂરીયાત છે, તમારી પાસે ખુલ્લો પ્લોટ હોય જે અમારે વેચાણ રાખવો છે, જો તમે અમને પ્લોટ વેચાણ આપશો તો હુ તમારા પ્લોટમાં ટાવર ઉભો કરીશ તેમા સીક્યુરીટી તરીકે તમારા ઘરના કોઈ સભ્યને નોકરીએ રખાવી દઈશ તેમ કહેતા પ્લોટ વેચવાની હા પાડેલ હતી.

ફરીયાદીના પ્લોટમાંથી તેમને આશરે ૧૨૫ ચોરસ મીટર જમીનની જરૂરીયાત હોય જેથી ૧૨૫ ચોરસ મીટર જમીનનો ભાવ રૂ.૫૦ હજાર નક્કી કરેલ બાદ ગઈ તા.૨૯/૧૨/૨૦૧૮ ના રોજ ભર્ગરાજસિંહ જાડેજાએ ફોન કરી રૂપીયા લેવા માટે ગોંડલ મામલતદાર ઓફિસે બોલાવતા મામલતદાર ઓફિસની બહાર ભર્ગરાજસિંહ જાડેજા હાજર હોય અને તેણે ધમકી આપેલ કે, તમારા પ્લોટમાંથી અમારે ટાવર માટે જરૂરીયાત મુજબની ૧૨૫-૪૧૫ ચોરસ મીટર જમીનનો કબજા રહિતનો સાટાખત કરવાનો છે, જેમાં તમે કાંઈ વિચાર્યા વગર સબ-રજીસ્ટ્રારને સાટ્ટાખત મુજબ રૂપીયા મળી ગયેલનુ કહી સાટ્ટા ખતમાં સહી કરી આપજો તેમ કહેતા સહિ કરવાની ના પાડતા ભર્ગરાજસિંહે ગાળો આપી ઢીકાપાટુનો માર મારી ધમકી આપેલ કે, જો તમે સાટાખતમાં સહી નહી કરો તો હુ તમને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપતા તે મારી નાખશે તેવાં ભયથી તેને હા પાડી સબ-રજીસ્ટ્રાર સમક્ષ સાટાખત રજીસ્ટર કરાવતી વખતે ભર્ગરાજસિંહની ધમકીના કારણે સબ-રજીસ્ટારને સાટાખતમાં જણાવ્યા મુજબના રૂ.૧૪ હજાર મળી ગયેલનુ જણાવી સાટ્ટાખતમાં સહી કરી આપી હતી. બાદ આ ભર્ગરાજસિંહ જાડેજાએ પ્લોટમાં મોબાઈલ ટાવર ઉભો કરી ટાવર ચાલુ કરી દિધેલ જે ટાવર આજ સુધી તેઓની જમીન ઉપર ઉભેલ છે. આ સાટાખત રજીસ્ટર થયા બાદ ભર્ગરાજસિંહે ધમકી આપેલ હતી કે, જો તે આ વાત કોઈને કરી છે તો હુ તને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપતા તેના ભયના કારણે આ વાત કોઈને કરેલ નથી. આટલા વર્ષથી જમીન પર તેમનો ટાવર ઉભો કરી કોઈ અવેજ ચુકવતા ન હોય જેથી અંતે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ઉલ્લેખનીય છે કે, કુખ્યાત શખ્સ ગોંડલ પંથકમાં જ્યાં નજર પડે તે જગ્યા પર કબ્જો કરી માલિકોને ધમકાવી માર મારતો હતો અને અવેજ કે ભાડું પણ ચૂકવતો ન હતો.

### ભરેલ કબ્જે મિલકત ખરીદી, મૂળ માલિકોને ધમકાવી કબ્જો જમાવી દેવાનો: બેફામ બિટ્ટુની એક જ એમ.ઓ.

ગોંડલના બિટ્ટુ જાડેજા વિરુદ્ધ સતત ચોથો ગુનો નોંધાયો છે. જે તમામ ગુનામાં બિટ્ટુ એક જ મોડસ ઓપરેન્ડીથી લોકોની મિલ્કત પર કબ્જો જમાવી દેતો હોય તેવું સામે આવ્યું છે. પહેલા બિટ્ટુ ભરેલ કબ્જે મિલ્કત ખરીદી લેતો હતો. બાદ મુળ માલિકોને ડરાવી-ધમકાવી યેનકેન પ્રકારે મિલ્કત ખાલી કરી દેવાં મજબૂર કરતો હતો. અગાઉ ગોંડલના મોવૈયા ગામે ગોવિંદનગર માસ્તર સોસાયટીના રહેવાસી અને હાલ રાજકોટ રહેતાં ૭૨ વર્ષીય વૃદ્ધ ખેડૂત વલ્લભભાઈ ગાંડુભાઈ સીદપરાને બે દુકાનો ખાલી કરી દેવા ખૂનની ધમકી આપી હતી.જયારે ગોંડલમાં સ્ટેશન પ્લોટ નગરપાલિકા પાસે રહેતાં રાજેન્દ્રકુમાર જયાનંદભાઈ જોષી (ઉ.વ.૬૬) ને આયુષી રવીદર્શન વ્યાસ અને બીટ્ટુ જાડેજા ઉર્ફે ભાર્ગવરાજસિંહ જાડેજાએ મકાન ખાલી કરી નાખવાનુ છે, નહિતર મારી નાખીશ તેમ ભય બતાવી દિવાળીના તહેવાર દરમ્યાન મકાનનુ વિજળીનું તેમજ નળનુ કનેકશન કપાવી નાંખી મકાનની ગટર, નળના પાઈપો તોડી નાખી નુકશાન કરેલ હતું.તેમજ ગોંડલના વધુ એક વૃદ્ધને તેમનું મકાન ખાલી કરી કોર્ટ કેસ પાછો ખેંચી લેજો નહીંતર ઉપર પહોંચાડી દઈશ કહી ધમકી આપી હતી. જે અંગેના ગુના ગોંડલ સીટી પોલીસ મથકમાં નોંધાયા છે.

# હળવદમાં છેડતીના પ્રશ્ને બે જૂથ વચ્ચે ખેલાયું ધીંગાણું: પ્રોઢની હત્યા

## ભાણેજની છેડતીનો ખાર રાખી કુહાડી અને પાઈપ વડે દંપતી સહિત ત્રણ ગંભીર

**અબતક રાજકોટ**

હળવદ શહેરના બસ સ્ટેન્ડ પાછળ આવેલી કુચી શાળા વાળી શેરીમાં ભાણેજની છેડતી ના પ્રશ્ન ચાલતી અદાવતનો ખાર રાખી બે પરિવારો વચ્ચે થયેલી લોહિયાળ અથડામણે ગંભીર સ્વરૂપ ધારણ કર્યું છે. આ હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા કાળુભાઈ મોહનભાઈ પરમાર (ઉં.વ. ૪૪) નું રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર દરમિયાન મોત નિપજતા સમગ્ર બનાવ હત્યામાં પરિણમ્યો છે. પોલીસે આ મામલે સામસામી ત્રણ મહિલા સહિત નવ શખ્સો સામે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ મૃતક કાળુભાઈના પત્ની રતનબેન પરમારે જણાવ્યું હતું કે ગત ૭ માર્ચના તેમની ભાણેજ ડિમ્પલ કિશોર મકવાણાનો પાડોશમાં રહેતા નટુભાઈના ભત્રીજા વિશાલે હાથ પકડી હેરાન કરી હતી, જે બાબતે બોલાચાલી થઈ હતી. જેની અદાવત રાખી ગઈકાલે આ હુમલો કરવામાં આવ્યો છે. રતનબેનની નોંધાવેલી ફરિયાદ મુજબ, ગત સાંજે જ્યારે કાળુભાઈ ઘરે હતા, ત્યારે નટુભાઈ નાનજીભાઈ પરમાર, તેમનો પુત્ર આશિષ કુહાડી અને લાકડાના ધોકા સાથે ધસી આવ્યા હતા. આરોપીઓએ 'તમારા કારણે મારા દીકરાની નોકરી છૂટી ગઈ છે' તેમ કહી ગાળાગાળી કરી કાળુભાઈના માથામાં કુહાડીનો ઘા ઝીંકી દીધો હતો. પતિને બચાવવા વચ્ચે પડેલા રતનબેનને પણ ઢોર માર મારવામાં આવ્યો હતો. ત્યારબાદ શેરીમાં અન્ય આરોપીઓ



રવિ, દીપક, હંસાબેન અને લતાબેને ભેગા મળી લોખંડના પાઈપ અને લાતો વડે હુમલો કર્યો હતો. ગંભીર હાલતમાં દંપતીને

## પોલીસે સામ સામે ત્રણ મહિલા સહિત નવ શખ્સો સામે નોંધ્યો ગુનો

પ્રથમ હળવદ અને ત્યારબાદ રાજકોટ ખસેડાયા હતા, જ્યાં ટૂંકી સારવાર બાદ કાળુભાઈએ દમ તોડ્યો હતો.

બીજી તરફ, નટુભાઈ નાનજીભાઈ પરમારે પણ બિછાનેથી સામી ફરિયાદ નોંધાવી છે. તેમણે ફરિયાદમાં જણાવ્યું છે કે તેઓ જ્યારે બાઈક લઈને નીકળ્યા ત્યારે જયેશ કાળુભાઈ અને કાળુભાઈ મોહનભાઈએ રસ્તા પર પથ્થરમારો કર્યો હતો. નટુભાઈના જણાવ્યા મુજબ, જયેશે તેમને લાકડાના ધોકા વડે માર મારી માથું ફોડી નાખ્યું હતું અને તેમના બાઈક પર કેમિકલ છાંટી સળગાવી દઈ રૂ. ૮,૦૦૦નું નુકસાન કર્યું હતું. નટુભાઈ હાલ સુરેન્દ્રનગરની સી.યુ. શાહ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક કાળુભાઈ પોતાના ઘરે પાન-ફાકી, દૂધ અને પડીકા વેચતા હતા, સાથે સેન્ટિંગ કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. તેમને સંતાનમાં પાંચ દીકરી થતા બે દીકરા છે.

બનાવમાં એક વ્યક્તિનું મોત થતા હળવદ પોલીસે હત્યાની કલમો હેઠળ ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. આ બનાવને પગલે પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે

# જિલ્લા સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા લગ્નજીવનના ૫૦ વર્ષ પૂર્ણ કરનાર દંપતીઓ-વડિલોનું કરાશે સન્માન

**અબતક, ઋષિ મહેતા**

મોરબી જીલ્લા સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા અનેરૂ આયોજન કરવામાં આવ્યું છે.જેમાં લગ્નજીવનને ૫૦ વર્ષ પૂર્ણ થયા હોય તેવા દંપતિઓ તેમજ જીલ્લાના વિપ્ર વિધવા કે વિધુર હોય અને પંચોતેર વર્ષના હોય તેવા વડીલોના સન્માનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.

આ અંગે મોરબી જીલ્લા સમસ્ત બ્રહ્મ સમાજના પ્રમુખ ડો. બી.કે.લહેરૂ દ્વારા જણાવવામાં આવેલ છે કે, મોરબી જીલ્લાના મોરબી શહેર-તાલુકા, હળવદ, વાંકાનેર, ટંકારા અને માળિયા એમ પાંચેય તાલુકામાં વસતા બ્રહ્મ સમાજના બંધુ-ભગીનીઓ કે જે વિધવા હોય કે વિધુર હોય અને તેઓના ૭૫ વર્ષ તા.૧-૪-૨૬ સુધીમાં પૂર્ણ થયા હોય તેમજ જેઓએ લગ્ન જીવનને ૫૦ વર્ષ પૂર્ણ કર્યા હોય તેવા દંપતિઓના સન્માનનો કાર્યક્રમ યોજવામાં આવશે.જેમા ભાગ લેવા માટે નીચે આપેલા નંબર ઉપર જાણ કરવા અપીલ કરવામાં આવેલી છે. તો આધાર કાર્ડ સાથે આગામી તા.૧-૪-૨૬ સુધીમાં ઉપરોક્ત સન્માન કાર્યક્રમમાં જોડાવા ઈચ્છતા બ્રહ્મ ભાઈઓ બહેનોએ સંસ્થાના પ્રમુખ ડો.બી.કે. લહેરૂ (મો.૯૯૧૩૨ ૨૨૨૮૩), ડો.રાજુભાઈ ભટ્ટ (મો.૭૬૦૦૦ ૦૬૭૨૦), ભુપતભાઈ પંડ્યા (મો.૯૮૨૫૬ ૭૧૬૯૮), એન.એન.ભટ્ટ (મો.૯૮૨૫૭ ૫૬૦૩૯), અજયભાઈ રાવલ (મો.૯૯૭૮૪ ૮૯૫૨૫), આર.કે.ભટ્ટ (મો.૯૯૦૯૯ ૫૮૧૮૮), લહેરૂભાઈ-વાંકાનેર (મો.૯૪૨૮૨ ૮૧૧૧૭), તેમજ ટંકારા માટે મોબાઈલ નંબર ૯૯૦૯૯ ૧૬૦૩૮ ઉપર સંપર્ક કરવા યાદીમાં જણાવ્યું છે.

## વાંકાનેર: ફેક્ટરીની કોલોનીના ધાબા પરથી પટકાયેલા શ્રમિકનું મોત

**અબતક, ઋષિ મહેતા**

વાંકાનેર તાલુકાના વઘાસીયા ગામ નજીક આવેલી દુરેજા સિરામિક ફેક્ટરીની લેબર કોલોનીમાં રહેતા સંદીપભાઈ ઉંમર વર્ષ અંદાજે ૨૨ વર્ષ, જેઓ ગત તા. ૨૩ માર્ચની રાત્રે ધાબા પરથી કોઈ કારણસર નીચે પટકાયો હતો. ત્યારે ઘટનામાં ગંભીર ઈજાગ્રસ્ત બનેલા શ્રમિકને સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં, સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતું.

આ બનાવ અંગે વાંકાનેર સીટી પોલીસે અ.મોતની નોંધ કરી આગળની વધુ તપાસ ચલાવી છે.

# વોર્ડ નં.૬માં પીવાનું પાણી દુર્ગંધયુકત આવતા રહીશોમાં રોષ

**અબતક, ઋષીમહેતા**

મોરબીના વોર્ડ નં. ૬ વિસ્તારમાં પીવાના પાણીમાં ગટર જેવી દુર્ગંધ તેમજ અતિશય દૂષિત આવતાં રહીશોમાં ભય અને રોષ ફેલાયો છે. સ્થાનિક આગેવાનો દ્વારા તંત્રને રજૂઆત કરી તાત્કાલિક કાર્યવાહી નહીં થાય તો આંદોલનની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

મોરબી શહેરના વોર્ડ નં. ૬માં છેલ્લા ઘણા સમયથી પીવાનું પાણી પીળા કલરનું તેમજ પાણીમાં ગટર જેવી દુર્ગંધ આવતી હોવાનો ગંભીર મુદ્દો સામે આવ્યો છે. વિવિધ



વિસ્તારોમાં આવતું દુષિત પાણી પીવાને અયોગ્ય બનતાં રહીશોમાં ભયનો માહોલ સર્જાયો છે. ખાસ કરીને નાના બાળકો અને વડીલોના આરોગ્ય પર ખતરો ઊભો થયો હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે. આ સમસ્યાને લઈ સ્થાનિક રહીશો તેમજ સામાજિક આગેવાનો રાજુભાઈ દવે, જગદીશભાઈ બાંભણીયા, ગીરશભાઈ કોટેચા અને દેવેશભાઈ રાણેવાડીયા દ્વારા જીલ્લા કલેકટર અને મહાનગરપાલિકા કમિશ્નરને લેખિત રજૂઆત કરવામાં આવી છે. રજૂઆતમાં જણાવાયું છે કે

સાથે જ તાત્કાલિક પાણી અને ગટર લાઈનોની તપાસ કરી જરૂરી રિપેરિંગ કરીને શુદ્ધ પાણીની સુવિધા ઉપલબ્ધ કરાવવા માંગ કરવામાં આવી છે. જો સમસ્યાનો ઉકેલ નહીં આવે તો ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ સ્થાનિકોએ ઉચ્ચારી છે.

# શહીદ જવાનના પરિવારને રૂ.૧ લાખનો ચેક અર્પણ

**અબતક, ઋષીમહેતા**

મોરબીમાં શહીદ દિવસ નિમિતે સેવા એ જ સંપત્તિ ફાઉન્ડેશન દ્વારા મોરબીના શહીદ જવાન ગણેશ પરમારના પરિવારને રૂ.૧ લાખનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. ભાજપ કાર્યાલય 'કમલમ' ખાતે યોજાયેલા કાર્યક્રમમાં અન્ય દેશભક્તિના લાઈવ કાર્યક્રમો પણ યોજાયા હતા.




મોરબી શહેરમાં શહીદ દિવસ નિમિતે એક ભાવસભર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. મોરબી જીલ્લા ભાજપ કાર્યાલય 'કમલમ' ખાતે યોજાયેલા આ કાર્યક્રમ દરમિયાન શહીદ જવાન ગણેશ પરમારના પરિવારને આર્થિક સહાયરૂપે રૂ.૧ લાખનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. આ સહાય અજય લોરીયા સંચાલિત 'સેવા એ જ સંપત્તિ ફાઉન્ડેશન' દ્વારા આપવામાં આવી હતી. કાર્યક્રમમાં જીલ્લા ભાજપ પ્રમુખ જયંતીભાઈ રાજકોટીયા, પૂર્વ જીલ્લા પ્રમુખ રાઘવજીભાઈ ગડારા તથા મહામંત્રી ચતુરભાઈ મકવાણાની હાજરીમાં આ ચેક પરિવારને સોંપવામાં આવ્યો હતો. કાર્યક્રમ દરમિયાન કમલમ ખાતે દેશભક્તિનો લાઈવ કાર્યક્રમ પણ યોજાયો હતો, જેમાં દેશપ્રેમના ભાવથી ઓતપ્રોત વાતાવરણ સર્જાયું હતું. હાજર આગેવાનો અને કાર્યકરોએ શહીદોને શ્રદ્ધાંજલિ અર્પી તેમના બલિદાનને નમન કર્યું હતું.

## હળવદનાં ભવાનીનગરમાં યુવકનો આતંક, ઘરમાં ધારીયા સાથે ઘુસી પરિવારને ધમકી આપી

**અબતક, ઋષિ મહેતા**

હળવદના ભવાનીનગર ઢોરા વિસ્તારમાં યુવક દ્વારા ધારીયા સાથે આતંક મચાવ્યાનો બનાવ સામે આવ્યો છે. આરોપીએ ફળીયામાં ઘૂસી પરિવારના સભ્યોની ગેરહાજરીમાં ધમકી આપ્યા બાદ, પરિવારના સભ્યો ભેગા થઈ સમજાવવા ગયા ત્યારે આરોપીએ હુમલો કરી એકને ઈજા પહોંચાડી હતી.

હળવદના ભવાનીનગર ઢોરા વિસ્તારમાં રહેતા તુલશીબેન ઉર્ફે મનીષાબેન નંદેસરીયાએ પોલીસમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, આરોપી સુનીલ ઉર્ફે ભોલો ઝીંઝુવાડીયા રહે. ભવાનીનગર ઢોરો હળવદ વાળો ગત તા.૨૩/૦૩ના રોજ ધારીયું લઈને તેમના ઘરના ફળીયામાં ઘૂસી આવ્યો હતો અને તેમના પતિ તથા અન્ય સગાઓ અંગે પૂછપરછ કરી ઝગડો કરવાની વાત કરી ચાલ્યો ગયો હતો.

આ અંગે પરિવારજનોને જાણ કર્યા બાદ તુલશીબેન, તેમના પતિ અને અન્ય સગાઓ આરોપીના ઘરે સમજાવવા ગયા હતા. તે સમયે આરોપીએ પોતાના હાથમાં રહેલા ધારીયાના હાથાથી તુલશીબેનના પતિ કિશનભાઈના ડાબા હાથના કાંડાના ભાગે માર મારી ઈજા પહોંચાડી હતી. આ ઉપરાંત આરોપીએ ગાળો આપી કહ્યું કે, 'ફરી આવી રીતે સમજાવવા આવશો' તો જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી.

# મનપા દ્વારા ૭ દિવસમાં મિલકતવેરા ભરવા તાકીદ

**અબતક, ઋષીમહેતા**

મોરબી મહાનગરપાલિકાએ વર્ષ ૨૦૨૫-૨૬ના બાકી મિલકતવેરા ભરવા માટે નાગરિકોને સૂચના આપી છે. માત્ર ૭ દિવસની મુદત બાકી રહી હોવાથી વહેલી તકે ટેક્સ ભરવા અપીલ કરવામાં આવી છે, નહીં તો બાદમાં ૧૮% વ્યાજ વસૂલવામાં આવશે તેમ તમામ મોરબીવાસીઓને તાકીદ કરવામાં આવી છે.મોરબી મહાનગરપાલિકા દ્વારા શહેરના તમામ મિલકતધારકોને વર્ષ ૨૦૨૫-૨૬ના બાકી મિલકતવેરા ભરવા અંગે મહત્વપૂર્ણ સૂચના આપવામાં આવી છે. હાલ ટેક્સ ભરવાની અંતિમ તારીખ માટે માત્ર ૭ દિવસ બાકી રહ્યા છે, જેથી નાગરિકોને સમયસર ભરપાઈ કરવા અનુરોધ કરવામાં આવ્યો છે. મહાનગરપાલિકાના જણાવ્યા મુજબ, જે નાગરિકો આ સમયગાળામાં મિલકતવેરો નહીં ભરે, તેમની પાસેથી બાદમાં ૧૮ ટકા વ્યાજ સાથે વસૂલાત કરવામાં આવશે. નાગરિકો પોતાના ટેક્સની ચુકવણી મહાનગરપાલિકાના કેશ કાઉન્ટર (બારી) પર અથવા ઓનલાઈન પોર્ટલ દ્વારા કરી



શકે છે. અંતિમ દિવસોમાં થતી ભીડ અને વધારાની પેનલ્ટી ટાળવા માટે વહેલી તકે ટેક્સ ભરવા અપીલ કરવામાં આવી છે. આ સાથે હાઉસ ટેક્સ શાખાના અધ્યક્ષ દ્વારા નાગરિકોને જવાબદારીપૂર્વક સમયસર ટેક્સ ભરવા વિનંતી કરવામાં આવી છે.

# હળવદમાં પારકી પરિણીતા સાથે મિત્રતા રાખવી યુવકને ભારે પડી

## ધોકા અને પાઈપથી માર મારી, જાનથી મારી નાખવાની ધમકી આપ્યા અંગે પરિણીતાના પતિ સહિત ચાર સામે ફરિયાદ

**અબતક, ઋષિ મહેતા**

હળવદના ભવાનીનગર ઢોરો વિસ્તારમાં પારકી પરિણીતા સાથે મિત્રતા રાખવાનું યુવકને ભારે પડ્યું હતું. જેમાં પત્ની સાથેની મિત્રતાનો ખાર રાખીને પતિ સહિતના આરોપીઓએ ઘરમાં ઘૂસી યુવકને માર મારી, જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

મળતી માહિતી મુજબ, હળવદના ભવાનીનગર ઢોરો વિસ્તારમાં રહેતા સુનીલભાઈ ઉર્ફે ભોલો ઝીંઝુવાડીયા ઉવ.૨૨ ઉપર હુમલાનો બનાવ સામે આવ્યો છે. ફરિયાદ મુજબ, આરોપી મહેશ ઉર્ફે મયલો કાળુભાઈની પત્ની સાથેની મિત્રતાને લઈને આરોપીઓ દશરથભાઈ નંદેસરીયા, વિશુ કાળુભાઈ, કાનજીભાઈ કાળુભાઈ અને મહેશ ઉર્ફે મયલો કાળુભાઈએ એક સંપ કરી ફરિયાદી સુનિલભાઈ ઉર્ફે ભોલા સાથે બોલાચાલી કરી હતી. આ દરમિયાન ચારેય આરોપીઓએ ફરિયાદીના ફળીયામાં ધોકો અને પાઈપ સાથે ઘુસી આવી યુવકને ધોકા અને પાઈપથી તેમજ ઢીંકાપાટુથી પીઠ તથા માથાના ભાગે માર માર્યો હતો, હુમલા દરમિયાન આસપાસના લોકો દોડી આવતા સુનિલભાઈ ઉર્ફે ભોલાને બચાવવામાં આવ્યો હતો. હુમલાખોરોએ યુવકને જાનથી મારી નાખવાની ધમકી આપી નાસી ગયા હતા. અંગે હળવદ પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમો તેમજ જી.પી.એક્ટ હેઠળ ગુનો નોંધી આરોપીઓને ઝડપી લેવા તજવીજ શરૂ કરી છે.

## જલારામ ધામ ખાતે રામનવમીએ ત્રિવિધ કાર્યક્રમો

**અબતક, ઋષિ મહેતા,**

મોરબી: સનાતન હિન્દુ ધર્મના આરાધ્ય દેવ પ્રભુ શ્રીરામના જન્મોત્સવ (રામ નવમી) નિમિતે વિવિધ પ્રકારની માનવસેવા પ્રદાન કરતા મોરબીના શ્રી જલારામ સેવા મંડળ દ્વારા શહેરના જલારામ ધામ ખાતે ત્રિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે.

જે અંતર્ગત બપોરે ૧૧:૩૦ કલાકે પ્રભુ શ્રીરામનું પૂજન, બપોરે ૧૨ કલાકે મહાઆરતી ત્યાર બાદ બપોરે ૧૨:૩૦ કલાકે ફરાળ મહાપ્રસાદનું અનેરુ આયોજન કરવામાં આવેલ છે. તો શહેરની ધર્મપ્રેમી જનતાને પ્રભુ શ્રીરામના જન્મોત્સવના વધામણા કરવા, મહાઆરતીનો લાભ લેવા તેમજ મહાપ્રસાદ ગ્રહણ કરવા પધારવા શ્રી જલારામ સેવા મંડળ-મોરબી દ્વારા ભાવભર્યુ નિમંત્રણ છે.

# વ્યાજખોરીના જનસંપર્ક કાર્યક્રમમાં પીડિતો ઉમટી પડતા કડક કાર્યવાહીનો પોલીસનો 'વિશ્વાસ'

## વ્યાજ અને મુદ્દલ ચુકવી દીધા બાદ સાટાખાત પરત ન કર્યું અને જમીનના વેંચાણની રકમ ચુકવ્યા છતાં વધુ ૭૫ લાખ પડાવવાની ફરીયાદની કાર્યવાહી ન થતી હોવાની રજુઆતથી ઉચ્ચ પોલીસ ચોકી ઉઠયા







**અબતક, ઋષિ મહેતા**

મોરબી શહેરમાં વ્યાજખોરી વિરુદ્ધ હાથ ધરાયેલી ખાસ મુહિમ અંતર્ગત સીટી એ ડિવિઝન પોલીસ મથકે યોજાયેલા જનસંપર્ક કાર્યક્રમને સારો પ્રતિસાદ મળ્યો હતો. પીડિતોએ પોતાની ફરિયાદો રજૂ કરી હતી અને પોલીસે તમામ કેસોમાં કાયદેસર કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી. સાથે જ 'તેરા તુઝકો અર્પણ' કાર્યક્રમ હેઠળ ખોવાયેલ અને ચોરાયેલ મુદ્દામાલ પણ માલિકોને પરત આપવામાં આવ્યા હતા.

મોરબી જીલ્લામાં વ્યાજખોરી વિરુદ્ધ પોલીસ તંત્ર દ્વારા શરૂ કરાયેલી ખાસ મુહિમ અંતર્ગત આજે મોરબી શહેરના સીટી એ ડિવિઝન પોલીસ મથકે જનસંપર્ક કાર્યક્રમ તથા લોન મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને વ્યાજખોરોના ત્રાસથી પીડિત ઉમટી પડયા હતા., જેમાં અનેક પીડિતોએ ખુલ્લેઆમ પોતાની ફરિયાદો અને તકલીફો રજૂ કરી હતી. જીલ્લા પોલીસ વડા મુકેશકુમાર પટેલે કાર્યક્રમ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, વ્યાજખોરો સામે જનજાગૃતિ લાવવા અને પીડિતોને ન્યાય અપાવવા આ અભિયાન હાથ ધરાયું છે. કાર્યક્રમ દરમિયાન કુલ સાતથી આઠ જેટલા ભોગ બનનારાઓએ રજૂઆતો કરી હતી, જેને પોલીસે સ્વીકારી કાયદેસર કાર્યવાહી કરવાની ખાતરી આપી છે.આ કાર્યક્રમ સાથે 'તેરા તુઝકો અર્પણ' પહેલ અંતર્ગત ખોવાયેલા અને ચોરાયેલા ૧૭થી ૧૮ મોબાઈલ તેમજ રોકડ અને સોનાં સહિતનો મુદ્દામાલ તેમના મૂળ માલિકોને પરત સોંપવામાં આવ્યો હતો, જેને લઈ લાભાર્થીઓએ પોલીસનો આભાર વ્યકત કર્યો હતો. જનસંપર્ક કાર્યક્રમમાં રજૂ થયેલા કેસોમાં ત્રણ કેસ એવા સામે આવ્યા હતા જેમાં ઊંચા વ્યાજે લેવામાં આવેલા રૂપિયાની અવેજીમાં જમીનના દસ્તાવેજો અને સોટાખત કરાવી લેવામાં આવ્યા હતા, પરંતુ બાદમાં વ્યાજ અને મુદ્દલ પરત કરવા છતાં દસ્તાવેજો પરત ન આપવામાં આવતા પીડિતોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. બીજા એક ગંભીર કેસમાં જમીનની સંપૂર્ણ રકમ ચુકવ્યા છતાં વકીલ અને દલાલો દ્વારા મળીને ૭૫ લાખથી વધુની છેતરપિંડી કરાયાની ફરિયાદ નોંધાઈ હતી. આ મામલે એફઆઈઆર નોંધાઈ હોવા છતાં આરોપીઓ સામે કોઈ કાર્યવાહી ન થતી હોવાની પણ પીડિતોએ ફરિયાદ કરી હતી.

આ તમામ રજૂઆતોને ધ્યાનમાં રાખીને મોરબી જીલ્લા પોલીસે તમામ કેસોમાં કાયદેસરની અને ધોરણસર કાર્યવાહી કરવાની બાંહેધરી આપી હતી. પોલીસ દ્વારા આપવામાં આવેલી આ ખાતરી બાદ પીડિત પરિવારોમાં વિશ્વાસ જાગ્યો હતો અને તેમણે પોલીસ તંત્રનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

## મોરબીમાં વૃદ્ધ લારી ધારક વ્યાજના વિષચક્રમાં ફસાયા, ચાર વ્યાજખોરો સામે ગુનો નોંધાયો

### ચામડાતોડ વ્યાજ, પઠાણી ઉઘરાણી અને જાનથી મારી નાખવાની ધમકીઓ, બળજબરીથી ચેક પણ પડાવ્યા.

મોરબીમાં ૬૮ વર્ષીય બુટ ચપ્પલ લારીધારક વ્યાજખોરીના ગંભીર માયાજાળમાં ફસાયા હોવાનો મામલો સામે આવ્યો છે. જેમાં વૃદ્ધે ચાર શખ્સો સામે ઊંચા વ્યાજે રૂપિયા આપી બળજબરીથી લાખો રૂપિયાનું વ્યાજ વસૂલવા, ધમકી આપવા અને સહી કરેલા ચેક પડાવ્યા હોવા અંગે સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા છે.

મળતી વિગતો અનુસાર, મોરબીના ખત્રીવાડ શેરી નં.૫ માં રહેતા દિલીપભાઈ બચુભાઈ ચૌહાણ ઉવ.૬૮ કે જેઓ નગર દરવાજા ચોક ખાતે લારીમાં બુટ ચપ્પલ વેંચતા હોય ત્યારે તેઓએ સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં આરોપી સંજયભાઈ કાનજીભાઈ ચુડાસમા , ઈકબાલ ગનીભાઈ પીંજારા , સબીર કાસમભાઈ પીંજારા તથા હેમંતભાઈ આહીર વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, આરોપી સંજયભાઈ ચુડાસમાએ શરૂઆતમાં રૂ.૩૦,૦૦૦/- ઉંચા વ્યાજે આપીને ત્રણ મહિનામાં રૂ.૩૬,૦૦૦/- વસૂલ્યા હતા. ત્યારબાદ ફરી રૂ.૫૦,૦૦૦/-આપી માસિક રૂ.૧૫,૦૦૦/- પ્રમાણે ૨૯ મહિના સુધી કુલ રૂ.૪.૩૫ લાખ વ્યાજ વસૂલ્યું હતું. વ્યાજ ન ભરતા ફરિયાદી અને તેના દીકરાને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી બળજબરીથી બેંકના ચેક સહી કરાવી લેવામાં આવ્યા હતા. આ સિવાય આરોપી ઈકબાલ પીંજારાએ રૂ.૧ લાખના બદલામાં માત્ર રૂ.૭૫,૦૦૦/- આપી રોજના રૂ.૧૫૦૦/- પ્રમાણે વ્યાજ નક્કી કરી ત્રણ મહિનામાં રૂ.૧.૩૫ લાખ વસૂલ્યા હતા. બાદમાં તેના સાળા આરોપી સબીર પીંજારા પાસેથી રૂ.૨ લાખ અપાવી રોજના રૂ.૨૦૦૦/- પ્રમાણે વ્યાજ વસૂલતા છ મહિનામાં રૂ.૩.૬૦ લાખ સુધીની રકમ ઉઘરાવવામાં આવી હતી. આ સમગ્ર મામલે સીટી એ ડિવિઝન પોલીસે આરોપીઓ વિરુદ્ધ આઈપીસી કલમ ૩૮૬, ૫૦૪, ૫૦૬(૨) તથા નાણા ધીરધાર અધિનિયમ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

# ‘ઈંધણનો જથ્થો ખૂટી ગયો છે’ અફવા ફેલાવનાર પેટ્રોલ-ડીઝલ ડીલર એસો.ના પ્રમુખ સામે ગુનો

## પેટ્રોલપંપ ડ્રાય થઈ ગયાનું મીડિયામાં નિવેદન આપતાં લોકો પેટ્રોલ-ડીઝલ પુરાવવા કતારમાં ઉભા રહી જતાં અરાજકતા ફેલાઈ’તી

**અબતક, રાજકોટ**

ઈરાન-ઈઝરાયલ યુદ્ધને પગલે વિશ્વઆખું ઈંધણની અછતના ઓછાયા તળે આવી ગયું છે. જો કે, ભારતમાં હાલમાં ઈંધણની કોઈ જ અછત નથી તેવા સરકારના દાવા વચ્ચે રાજકોટ જીલ્લા પેટ્રોલ ડીઝલ ડીલર એસોશીયેશનના પ્રમુખ ગોપાલ ચુડાસમાએ પેટ્રોલ-ડીઝલનો જથ્થો ખુટી ગયેલ છે,

પેટ્રોલ પંપ ડ્રાય થયેલ છે તેવી ખોટી અફવા ફેલાવતા આઈઓસી અધિકારી ફરીયાદી બનતા પ્ર. નગર પોલીસે આવશ્યક ચીજ વસ્તુ અધિનિયમ હેઠળ ગુનો નોંધી એસઓજીની ટીમે તપાસનો ધમધમાટ આદર્યો હતો.

બનાવ અંગે રાજકોટમાં શીતલ પાર્કની બાજુમાં રહેતાં ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનના ડિવિઝનલ રીટેલ સેલ્સ હેડ અમીત શીવપ્રસાદ જયસ્વાલ (ઉ.વ.૫૦) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે રાજકોટ જીલ્લા પેટ્રોલ ડીઝલ ડીલર એસોશીયેશનના પ્રમુખ ગોપાલ ચુડાસમાનું નામ આપતાં પ્ર. નગર પોલીસે જરૂરી ચીજ વસ્તુ અધિનિયમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ રેસકોર્સ રીંગરોડ પર આવેલ આઈઓસીએલ ભવનમાં ડીવીઝનલ રીટેલ સેલ્સ હેડ તરીકે નોકરી કરે છે. તેમના અંડરમાં સૌરાષ્ટ્ર કચ્છ પેટ્રોલ ડીઝલનું સપ્લાય અને ડીસ્ટ્રીબ્યુશનનું કામ આવે છે.

ગઈ તા.૨૩ ના તેઓ રાજકોટ જીલ્લા પેટ્રોલ ડીઝલ ડીલર એસોશીયેશનના પ્રમુખ ગોપાલ ચુડાસમા અને આશરે ૪૦ થી ૫૦ પેટ્રોલ ડીઝલનાં ડીલરો તથા પ્રતીનિધીઓ સાથે તેમજ મીડીયા કર્મીઓ સાથે ઓફીસે કોઈ પુર્વ મંજુર વગર આવેલ હતા. તેઓએ પેટ્રોલ ડીઝલનો જથ્થા બાબતે તેમને કંપનીમાં પેટ્રોલ ડીઝલનો પુરતો પુરઠો હોવાની વાત કરેલ અને ખોટી ઓફવાઓથી દુર રહેવા જણાવેલ હતુ. તમોને સમયસર પેટ્રોલ ડીઝલનો જથ્થો મળી રહે તે માટે કંપની કામ કરી રહેલ છે જે બાબતે સંતોષકારક જવા સોશ્યલ મિડીયા તેમજ ન્યુઝ ચેનલોમાં સમાચાર જોવામાં આવેલ કે, પેટ્રોલ પંપમાં પેટ્રોલ ડીઝલનો જથ્થો ન હોય અને પેટ્રોલ પંપ ડ્રાય થઈ ગયેલ છે, કંપની પાસે પેટ્રોલ ડીઝલનો જથ્થો હાલમાં નથી તેવા ન્યુઝ ચાલુ થયેલ હતા.

### આઈઓસીના અધિકારીએ ફરિયાદી બની પ્ર.નગર પોલિસ મથકે આવશ્યક ચીજ વસ્તુ અધિનિયમ હેઠળ ફરિયાદ નોંધાવી : એસઓજી પીએસઆઈ વી વી ધ્રાંગુની ટીમ દ્વારા તપાસનો ધમધમાટ

પુછપરછ કરેલ અને પેટ્રોલ ડીઝલનો જથ્થો મળતો રહેશે કે કેમ ? તે બાબતે પછતા તેઓને જણાવેલ કે, આઈઓસીએલ કંપનીમાં પેટ્રોલ ડીઝલનો જથ્થો પુરતો પુરવઠો છે, તેઓએ એક લેખીતમાં તેમની રજુઆત બાબતે એક લેટર પેડ આપેલ હતુ. બાદ આપેલ હતો. આ વખતે ડીલરોએ પણ સહયોગ આપવાનું આશ્વાસન આપેલ હતુ. બાદ ગોપાલભાઈ ચુડાસમાએ ઓફીસમાંથી બહાર નિકળીને સોશીયલ મીડીયામાં આવી ખોટા નિવેદનો આપેલ કે પેટ્રોલ પંપમાં પેટ્રોલ તથા ડીઝલનો જથ્થો ખુટી ગયેલ છે, બાદ જે સોશ્યલ મીડીયા તથા ન્યુઝમાં આવેલ ખોટી અફવાનાં કારણે પેટ્રોલ ડીઝલનો જથ્થો ખુટી રહેલ હોવાનું માનીને પેટ્રોલ પંપમાં માણસો પેટ્રોલ પંપમાં પેટ્રોલ તથા ડીઝલ લેવા માણસોની લાઈનો લાગેલ હતી અને પેટ્રોલ ડીઝલ લેવા અરાજકતા ફેલાયેલ હોય અને માણસો ખોટી રીતે હેરાન થયેલ છે.

પેટ્રોલ પંપમાં પેટ્રોલ ડીઝલનો જથ્થો ન હોય અને પેટ્રોલ પંપ ડ્રાય થઈ ગયેલ છે અને કંપની પાસે પેટ્રોલ ડીઝલનો જથ્થો હાલમાં નથી જે મીડીયા તથા ન્યુઝમાં આવેલ આવેલ સમાચાર તદ્દન ખોટા છે. હાલમાં પણ આઈઓસીએલ કંપનીના તથા અન્ય કંપનીના પેટ્રોલ પંપમાં પેટ્રોલ ડીઝલનો જથ્થો પુરતો છે અને પેટ્રોલ ડીઝલનો જથ્થો તમામ પેટ્રોલ પંપમાં નિયમીત રીતે પહોચાડવામાં આવેલ છે.જેથી રાજકોટ જીલ્લા પેટ્રોલ ડીઝલ ડીલર એસોશીયેશનના પ્રમુખ ગોપાલ ચુડાસમાએ સોશીયલ મિડીયા તેમજ ન્યુઝ ચેનલોમાં પેટ્રોલ પંપમાં પેટ્રોલ ડીઝલનો પુરતો જથ્થો ન હોય અને પેટ્રોલ પંપ ડ્રાય થઈ ગયેલની ખોટી અફવાનાં કારણે પેટ્રોલ ડીઝલનો જથ્થો ખુટી રહેલ હોવાનું માનીને પેટ્રોલ પંપમાં માણસો પેટ્રોલ પંપમાં પેટ્રોલ તથા ડીઝલ લેવા માણસોની લાઈનો લાગેલ અને અરાજકતા ફેલાવી માણસો ખોટી રીતે હેરાન થયેલ છે.યુધ્ધની પરીસ્થિતી હોવા છતા રાજય સરકાર અને કેન્દ્ર સરકાર તરફથી લોકોને પેટ્રોલ અને ડીઝલનો પુરતો પુરવઠો મળી રહે તે માટે કટીબધ્ધ હોય અને આ માટે વિવિધ પગલાઓ લઈ રહેલ હોય આવી વૈશ્વીક યુધ્ધની પરિસ્થિતીમાં આવશ્યક ચીજવસ્તુઓની ખોટી અફવાઓનાં કારણે વિતરણ વ્યવસ્થામાં અડચણ ઉભી કરી શકે તથા લોકો પણ પેનીક થઈ શકે તેમજ કાયદો અને વ્યવસ્થા ખોરવાઈ જાય અને અરાજકતાનું વાતાવરણ ઉભુ શકે આ બાબતનું રાજકોટ જીલ્લા પેટ્રોલ ડીઝલ ડીલર એસોશીયેશનના પ્રમુખ ગોપાલ ચુડાસમાને જાણ હોવા છતા મીડીયાનાં માધ્યમથી લોકોને ગેરમાર્ગે દોરેલ હોય જેથી લોકોમાં ખોટો મેસેજ જતા મોટાભાગનાં પેટ્રોલ પંપ ઉપર મોટા પ્રમાણમાં લોકો ઉમટી પડેલ હોય અને લોકોને તકલીફ પડેલ છે. જેથી ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી પ્ર. નગર પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી.

# યુનિયન બેંકની નગરપીપળીયા શાખામાં નકલી દાગીના મૂકી રૂ. ૭.૫૦ લાખની લોન મેળવી ઠગાઈ

## અરજદારે ૧૪૩.૭ ગ્રામના દાગીના ગીરો કરી અલગ અલગ બે ગોલ્ડ લોન લઈ લીધી : વેલ્યુઅરે મિલીભગત કરી ખોટા દાગીનાને સોનુ બતાવતો રિપોર્ટ આપ્યો

**અબતક, રાજકોટ**

લોધિકા તાલુકાની નગરપીપળીયા ખાતે આવેલી યુનિયન બેંક ઓફ ઈન્ડિયામાં સોનાના દાગીનાના નામે ૧૪૩.૭ ગ્રામ વજનના ખોટા દાગીના મૂકી રૂ. ૭.૫૦ લાખની લોન મેળવી લેવાઈ હતી. જયારે વેલ્યુઅરે મીલીભગતથી ખોટા દાગીનાને સાચો ઠેરવતો રિપોર્ટ આપી છેતરપિંડીમાં ભૂંડી ભુમિકા ભજવતા લોન લેનાર શખ્સ અને વેલ્યુઅર બંને વિરુદ્ધ ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે રાજકોટ શહેરમાં સ્પીડવેલ પાર્ટી પ્લોટ નજીક સ્પીડવેલ હાઈટ બ્લોક નં. બી-૭૦૪ માં રહેતા અને યુનિયન બેંક ઓફ ઈન્ડિયાની નગરપીપળીયા બ્રાન્ચમાં મેનેજર તરીકે ફરજ બજાવતા હાર્દીકભાઈ અવસરભાઈ ગઢીયા (ઉ.વ.૩૬)એ મેટોડા જીઆઈડીસી પોલિસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં બેંકના વેલ્યુઅર નિલેશ લખમણભાઈ મારવીયા(રહે. નિકાવા, કાલાવડ, જામનગર) અને દિલીપસિંહ હરિસિંહ પરમાર(રહે. નગરપીપળીયા, લોધિકા, રાજકોટ)નું નામ આપતાં પોલિસેં બીએનએસની કલમ ૩૧૮(૩૦,૩૩૬(૨),૩૩૬(૩), ૩૩૮,૩૪૦(૨),૫૪ હેઠળ ગુનો નોંધ્યો હતો.

### બેંકના ત્રિમાસિક ઓડિટમાં ઘરેણાં ડુપ્લીકેટ હોવાનો ભાંડો ફૂટ્યો : મેટોડા જીઆઈડીસી પોલિસ મથકે ગુનો નોંધાયો

બેંક મેનેજરે ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગઈ તા.૦૨/૦૯/૨૦૨૫ ના રોજ બેંક ખાતે દીલીપસિંહ હરીસિંહ પરમારે આવીને મારે ગોલ્ડ લોન કરવી છે તેમ જણાવ્યું હતું. જેથી મે તેને ગોલ્ડ લોનની કંડીશન સમજાવેલ હતી. બાદમાં બેંકના વેલ્યુઅર સોની નીલેશભાઈ લખમણભાઈ મારવીયાને ફોન કરી જાણ કરતા તેઓ બેંક ખાતે આવેલ હતા. બાદ દીલીપસિંહ પરમારે સોનાની બે વીટી, બે ચેઈન, એક લક્કી મળી ૯૧.૮૯ ગ્રામ સોનાના દાગીના આપેલ હતા. જે દાગીનાની ખરાઈ પરખ કરી દાગીના ઉપર હોલમાર્ક ૨૨ સીટી/૯૧૬ જોયને તેના આધારે સોના ઉપર રૂ. ૪.૫૦ લાખ ધીરાણ આપી શકાય તેવુ જણાવેલ હતું. સોનાના દાગીના સાચા હોવાનો વેલ્યુએશન રીપોર્ટ આપી તા.૦૨/૦૯/૨૦૨૫ ના રોજ દીલીપસિંહ પરમારના નામની રૂ.૪.૫૦ લાખની ગોલ્ડ લોન કરેલ હતી. જે નાણાં બેંક દ્વારા અરજદારના ખાતામા જમા કરાવવામાં આવ્યા હતા.

બાદ ફરીવાર તા.૨૨/૦૯/૨૦૨૫ ના રોજ દીલીપસિંહ પરમાર અમારી બેંક ખાતે આવી કહેલ કે, મારે પૈસાની જરૂરત છે, જેથી મારી પાસે એક સોનાનો ચેઈન છે તે મુકી ગોલ્ડ લોન કરવી છે. જેથી મેં ફરીવાર વેલ્યુઅર નીલેશભાઈ લખમણભાઈ મારવીયાને ફોન કરી બોલાવ્યા હતા. તેમણે દાગીનાની પરખ કરી સોનાના ચેઈનનુ વજન ૫૧.૮૧ ગ્રામ હોવાનો અને ચેઈન સાચો હોવાનો વેલ્યુએશન રીપોર્ટ આપી તેના ઉપર રૂ. ૩ લાખની લોન આપી શકાય તેવો રિપોર્ટ આપ્યો હતો. જેથી રૂ. ૩ લાખની લોન બેંક દ્વારા અરજદારને આપવામાં આવી હતી. એમ કુલ બે તબક્કે બેંક દ્વારા દિલીપભાઈસિંહના ખાતામાં રૂ. ૭.૫૦ લાખ ગોલ્ડ લોન પેટે જમા કરાવવામાં આવેલ હતા.

બાદ તા.૧૦/૧૨/૨૦૨૫ ના રોજ બેંક ખાતે ત્રીમાસીક ઓડીટ હોય રીજનલ ઓફીસ, રાજકોટ તરફથી આશીતભાઈ બારભાયા ત્રીમાસીક ઓડીટ કરવા માટે આવેલ હતા. આ ઓડીટમા સોનાના ધીરાણ માટે મુકવામા આવેલ સોનાના દાગીનાની ખરાઈ કરી વજન તથા અન્ય માપદંડોની ચકાસણી કરવામાં આવતી હોય છે. જે ઓડિટ દરમિયાન દીલીપસિંહ પરમારે તા.૦૨/૦૯/૨૦૨૫ રોજ તથા તા.૨૨/૦૯/૨ ૦૨૫ ના રોજ કરેલ ગોલ્ડ લોનના તમામ સોનાના દાગીના ખોટા હોવાનું ધ્યાને આવ્યું હતું. ઓડીટ બાદ દીલીપસિંહ હરીસિંહ પરમારને બેંક ખાતે બોલાવી સોનાના દાગીના બાબતે વાત કરતા તેણે કોઈ સંતોષકારક જવાબ આપેલ ન હતો. બાદ વેલ્યુઅર નીલેશભાઈ લખમણાભાઈ મારવીયાને બેંક ખાતે બોલાવતા તેઓ પણ કાઈ જવાબ આપતા ન હતા. ઉપરાંત ગોલ્ડ લોન ભરપાઈ કરવા માટે બન્નેને સમજાવતા તેઓ સહમત થતા ન હતા.

જેથી સોનાના દાગીનાના નામે ૧૪૩.૭ ગ્રામ દાગીના બેંક ખાતે મૂકી છેતરપિંડીથી રૂ. ૭.૫૦ લાખની લોન મેળવી લેનાર દિલીપસિંહ પરમાર અને ખોટા દાગીનાને સાચા ઠરાવતો રિપોર્ટ આપનાર વેલ્યુઅર નિલેશભાઈ મારવિયા વિરુદ્ધ બેંક મેનેજરે ફરિયાદ નોંધાવી હતી.

# ગીરગઢડાના બાબરીયા ગામે ઝુંપડાનું દબાણ હટાવવા ગયેલા બે તલાટી મંત્રી પર હુમલો

## બે અજાણ્યા સહિત ચાર શખ્સોએ મારમારી ફરજમાં કરી રૂકાવટ

**અબતક, ઉના**

ગીર ગઢડા તાલુકાના બાબરીયા ગામે બે રેવન્યુ તલાટી મંત્રી ઉપર હરમડિયા ગામ ના શખ્સો એ ફરજ માં રૂકાવટ કરી લોખંડ ની પાવડી વતી માર મારી ઈજાઓ કરી ફરજ માં રૂકાવટ કર્યા ની પોલીસ સ્ટેશન મા ફરિયાદ નોંધાવી છે.

ગીર ગઢડા તાલુકાની મામલતદાર કચેરી માં રેવન્યુ તલાટી મંત્રી તરીકે ફરજ બજાવતા જયવંતસિંહ જોરસંગ ભાઈ પરમાર રે. ઉમેદપરા તા. ગીર ગઢડા એ ગીર ગઢડા પોલીસ સ્ટેશન મા ફરિયાદ નોંધાવી હતી કે તેની સાથે ફરજ બજાવતા તલાટી અર્જુન ભાઈ નાગજી ભાઈ સોલંકી ,ગીર ગઢડા ના મામલતદાર ની મૌખિક સૂચના થી ગીર ગઢડા તાલુકાના બાબરીયા ગામે ખાનગી સર્વે નબર ૧૫ ની બાજુમાં સરકારી પડતર જમીન ની જગ્યા ઉપર ગેર કાયદેસર ઝૂંપડી બાંધેલ હોય બિન વારસી ઝૂંપડી આવેલ હોય તે પાડવા મૌખિક સૂચના આપતા મજૂરો સાથે બાબરીયા ગામે આવેલ હતા ત્યારે ફરિયાદી જયવંતસિંહ એ પૂછેલ કે આ ઝૂંપડી કોની છે. તો દીપક મકવાણા રે. હારમડીયા કિશન મકવાણા અને અન્ય બે અજાણ્યા શખ્સો આવી ઝપાઝપી કરેલ અને કિશન મકવાણા એ જયવંતસિંહ ને લોખંડ ની પાવડી વતી માર મારી મૂઢ ઈજાઓ કરી હતી. અને બે અજાણ્યા લોકો એ અર્જુન ભાઈ નો ટીશર્ટ પકડી ઝપાઝપી કરી ગાળો આપી અહીંથી ચાલ્યા જાવ તેમ કહેલ તેથી તમામ આરોપીઓ એ કાયદેસર ની ફરજ માં રૂકાવટ કરી, જાહેર નામનો ભંગ કરી માર મારી ઈજા કર્યા ની ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો નોંધી આરોપીઓ ને પકડવા તજવીજ શરૂ કરી છે.

# ઉપલેટાના મેરવદર ગામેથી ટ્રેક્ટર-થ્રેસરની ચોરી : તકરાર હરેશ બાલસ ઝડપાયો

## પૈસાની જરૂરિયાત ઉભી થતાં રાત્રિના સમયે હાથફેરો કરી લીધાનું રટણ : રૂરલ એલસીબી ટીમે રૂ. ૫.૬૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

**અબતક, રાજકોટ**

ઉપલેટાના મેરવદર ગામની સીમમાં વાડીએથી ટ્રેક્ટરની ચોરી કરનાર મૂળ માંગરોળ પંથકના શખ્સને રાજકોટ એલસીબીની ટીમે ઝડપી લીધો હતો. પોલીસે આરોપી પાસેથી ટ્રેક્ટર અને થ્રેસર સહિત રૂપિયા ૫.૬૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે પુછતાછ કરતા પૈસાની તાતી જરૂરિયાત હોવાથી ચોરી કર્યાનું આરોપીએ રટણ કર્યું હતું.

ગઈ તા. ૨૦/૩/૨૦૨૬ ના રાત્રીના ભાયાવદર પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારમાં મેરવદર ગામની સીમમાં વડાળા રોડ પર આવેલી વાડીએથી ટ્રેક્ટર અને થ્રેસરની ચોરી થયાનો બનાવ બન્યો હોય જે અંગે ભાયાવદર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી.



રાજકોટ એસપી વિજયસિંહ ગુર્જર દ્વારા અનડિટેક્ટ ગુનાઓ શોધી કાઢવા માટે સૂચના આપવામાં આવી હોય જેને લઈ રાજકોટ રૂરલ એલસીબી પીઆઈ વી.વી. ઓડેદરાની રાહબરી હેઠળ ટીમે આ બનાવનો ભેદ ઉકેલવા સીસીટીવી ફૂટેજ તથા હ્યુમન સોર્સીસ ના આધારે તપાસ હાથ ધરીને ટ્રેક્ટરની ચોરી કરનાર હરેશ મોહનભાઈ બાલસ (ઉ.વ.૨૧ રહે. હાલ મેરવદર તા. ઉપલેટા, મૂળ ભાથરોટ તા. માંગરોળ) ને ઝડપી લીધો હતો.પોલીસે આરોપી પાસેથી ટ્રેક્ટર નં. જીજે ૩ એમએ ૦૨૮૩ અને થ્રેસર તથા એક મોબાઈલ સહિત કુલ રૂપિયા ૫.૬૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

પોલીસે જણાવ્યું હતું કે આરોપીએ રાત્રીના સીમ વિસ્તારમાંથી ટ્રેક્ટર અને થ્રેસરની ચોરી કરી બાદમાં તેને વેચી દેવાનો ઈરાદો હતો. પરંતુ ગ્રાહક મળે તે પહેલા જ પોલીસનો ભેટો થઈ ગયો હતો. પૈસાની તાતી જરૂરિયાત હોવાથી ચોરી કર્યાનું આરોપીએ રટણ કર્યું હતું. આ કામગીરીમાં એલસીબીપી પીઆઈ વી.વી.ઓડેદરા, પીએસઆઈ એચ.સી. ગોહિલ, આર.વી. ભીમાણી, પી.એન.ભરવાડ, એએસઆઈ બાલકૃષ્ણભાઈ ત્રિવેદી, ભાવેશભાઈ ચાવડા, અનિલભાઈ બડકોદીયા, હેડ કોન્સ્ટેબલ અરવિંદસિંહ જાડેજા, શક્તિસિંહ જાડેજા, કોન્સ્ટેબલ નિકુંજભાઈ સુતરીયા, ઈશિતભાઈ માણાવદરિયા, ભાવેશભાઈ મકવાણા, વિજયભાઈ સિંહાર, અબ્દુલભાઈ શેખ સાથે રહ્યા હતાં.

# ઉપલેટાના જામટીંબડી ગામના ખેડૂતના બેંક એકાઉન્ટમાંથી રૂ. ૯૪ હજારની ઉઠાંતરી

## ખેડૂતે ઓટીપી કે બેંક ડિટેઈલ કોઈ સાથે શેર પણ ન્હોતી કરી : સાયબર ચંચિયાઓની નવી મોડસ ઓપરેન્ડી

**અબતક, રાજકોટ**

ઉપલેટાના જામટીંબડી ગામના ખેડૂતના બેંક એકાઉન્ટમાંથી બે કટકે કટકે રૂ. ૯૪ હજારની ઉઠાંતરી કરી લેવાઈ હતી. ખેડૂતે ઓટીપી કે અન્ય કોઈ બેંક ડિટેઈલ્સ શેર નહિ કરી હોવા છતાં બે ટ્રાંઝેકશનથી બેંક એકાઉન્ટમાંથી નાણાં ઉપડી જતાં સાયબર ચાંચીયાઓએ કોઈ નવી મોડસ ઓપરેન્ડીથી ખેડૂતને છેતરી લેતા ભાયાવદર પોલિસેં તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

બનાવ અંગે મૂળ ઉપલેટાના જામ ટીંબડી ગામના રહેવાસી અને હાલ ભાયાવદર બસ સ્ટેન્ડ નજીક આસ્થા એપાર્ટમેન્ટ બ્લોક નં.-૪૦૨ માં રહેતા ૪૦ વર્ષીય યુવાન ખેડૂત કેયુરભાઈ વિઠલભાઈ પબાણીએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, મારે એચ.ડી.એફ.સી. બેંકમાં એકાઉન્ટ છે, જેના એકાઉન્ટ નંબર ૫૦૧૦૦૪૦૦૩૨૬૫૯૩ છે. હુ મારા મોબાઈલમાં ડીજીટલ પેમેન્ટનો ઉપયોગ કરૂ છે, જેમાં ગુગલ પે તથા પેટીએમ તથા ફોન-પે નો ઉપયોગ કરૂ છુ. તથા એચડીએફસી બેંકની નેટબેંકીંગ એપ્લીકેશનનો ઉપયોગ કરૂ છુ.

યુવાન ખેડૂતે ફરીયાદમાં જણાવ્યું હતું કે, ગઈ તા.૦૫/૧૨/૨૦૨૫ ના રોજ હું જામટીંબડી ગામે મારા ઘરે જમીને સુઈ ગયેલ હતો. બાદ તા.૦૬/૧૨/૨૦૨૫ રાત્રિના ત્રણેક વાગ્યાની આસપાસ જાગેલ ત્યારે મે મારા મોબાઈલમાં જોયુ તો મારા મો. નં. ૯૮૨૪૪૧૬૧૮૧ માં

એચડીએફસી બેંકમાં ૫-૧૨ ના રાત્રિના ૯:૦૭ વાગ્યે ટેક્સ્ટ મેસેજ આવેલ હતા. એક મેસેજમાં મારા એચડીએફસી બેંકના એકાઉન્ટ નંબર ૫૦૧૦૦૪૦૦૩૨૬૫૯૩ માથી રૂ.૫૦,૦૦૦ ઉપડેલ હોવાનો મેસેજ હતો. જયારે બીજા મેસેજમાં મારા બેંક ખાતામાંથી રૂ.૪૪ હજાર ઉપડી ગયાનો મેસેજ આવ્યો હતો. મેં આ નાણાં ઉપાડ્યા ન હતા.

જેથી મારા એકાઉન્ટમાથી કોઈ અજાણ્યા વ્યક્તિએ કોઈપણ રીતે પૈસા ઉપાડી લીધાની મને જાણ થઈ હતી. જેથી મેં સવારે ૧૧ વાગ્યા પછી ૧૯૩૦ માં સાયબર હેલ્પલાઈનમાં કંમ્પલેઈન કરેલ હતી. બાદમાં ભાયાવદર પોલિસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

ભાયાવદર પોલિસેં ગુનો નોંધી તપાસ હાથ ધરતા આ બંને ટ્રાંઝેકશન મારફતે ઉપડેલા નાણાં પૈકી ૫૦ હજાર એનએસડીએલ પેયમેન્ટસ બેન્ક લી. ના બેંક એકાઉન્ટ નંબર ૫૦૧૦૫૪૩૧૯૫૨૭ માં જમા થયેલ હતા જયારે રૂ.૪૪ હજાર જીઓ પેમેન્ટ બેંક લિમિટેડના એકાઉન્ટ નંબર ૦૦૩૫૨૧૭૨૧૦૫૭૧૭૪ માં જમા થયાનું ધ્યાને આવ્યું હતું. ખેડૂતે કોઈને પણ ઓટીપી કે બેંક એકાઉન્ટની કોઈપણ વિગત નહિ આપી હોવાથી સાયબર ચંચિયાઓએ ખેડૂતના મોબાઈલનો કોઈ એપ્લિકેશન કે એપિકે ફાઈલ મોકલી એક્સેસ મેળવી રૂ. ૯૪ હજારની ઉઠાંતરી કરી લીધાનું પોલિસની તપાસમાં સામે આવતા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

**રામ નવમી નિમિતે**

# ગોંડલ: રામમંદિર-તરકોષી હનુમાનજી મંદિરે વિવિધ ધાર્મિક કાર્યક્રમ

**અબતક, જીતેન્દ્ર આચાર્ય,ગોંડલ**

રામનવમી નાં પવિત્ર પર્વ પ્રસંગે ગોંડલ નાં પ્રસિધ રામજી મંદિર ખાતે રામચરિત માનસ સમુહ પાઠ તથા લઘુરામ યજ્ઞનું આયોજન કરાયું છે.રામચરિત માનસ સમુહ પાઠ પ્રખર રામાયણી પુ.શ્યામસુંદરજી મહારાજ દ્વારા સંગીતમય શૈલીમાં કરાશે.ભગવાન શ્રીરામ જન્મોત્સવ બપોર નાં ૧૨:૩૦ કલાકે ઉજવાશે.લઘુરામ યજ્ઞનું બીડુ સાંજે ચાર કલાકે હોમાશે.ઉપરોક્ત પ્રસંગે સત્સંગ, કિર્તન તથા ભંડારા નુ આયોજન કરાયું છે.શ્રીરામજી મંદિર નાં મહંત પુ.જયરામદાસ મહારાજ તથા સદગુરુ શિષ્ય પરિવાર દ્વારા ધાર્મિક લાભ લેવા યાદીમાં જણાવાયું છે.

શ્રધ્ધા નાં પ્રતિક સમા શ્રી તરકોષી હનુમાનજી મંદિર ખાતે રામનવમી પ્રસંગે સાંજે મહાઆરતી તથા મહાપ્રસાદ નાં આયોજન સાથે ફરાળ ની વ્યવસ્થા કરાઈ છે.મંદિર નાં મહંત રાજુબાપુ અગ્રાવત ની યાદીમાં જણાવાયુ છે.

# રામનવમીના તહેવાર નિમિતે શાંતિ અને સલામતી જાળવવા ધ્રાંગધ્રા પોલીસ સજ્જ

## રામનવમી નિમિત્તે પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિની બેઠક યોજાઈ: હિન્દુ-મુસ્લિમ આગેવાનો રહ્યા ઉપસ્થિત





**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા સીટી પોલીસ સ્ટેશન ખાતે આગામી રામનવમીના તહેવાર અને શોભાયાત્રાના આયોજનને ધ્યાનમાં રાખીને પીઆઈ એમ.યુ. મશીના અધ્યક્ષસ્થાને શાંતિ સમિતિની બેઠક યોજવામાં આવી હતી. ધ્રાંગધ્રા શહેરમાં દર વર્ષે વિશ્વ હિન્દુ પરિષદ અને રામ બોલ મંદિર દ્વારા બે અલગ-અલગ ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવે છે. આ તહેવાર શાંતિપૂર્ણ અને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં ઉજવાય તે હેતુથી પોલીસ પ્રશાસન દ્વારા આયોજકોને કાયદો અને વ્યવસ્થા જાળવવા અંગે જરૂરી સૂચનાઓ અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

આ બેઠકમાં હિન્દુ અને મુસ્લિમ એમ બંને સમાજના આગેવાનોએ મોટી સંખ્યામાં હાજરી આપી કોમી એકતાનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. શોભાયાત્રાના રૂટ, ટ્રાફિક વ્યવસ્થા અને સુરક્ષા જેવા વિવિધ મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. તમામ સમાજના અગ્રણીઓએ આગામી રામનવમીના પર્વને પરસ્પર ભાઈચારા સાથે ઉજવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો, જેથી શહેરમાં શાંતિ અને સલામતી જળવાઈ રહે.

# બગસરા: કાલે આપા ગીગાની જગ્યાએ રામ જન્મોત્સવ ઉજવાશે





**અબતક, સમીર વિરાણી, બગસરા**

બગસરા અહીંની પ્રાચીન સુપ્રસિદ્ધ પૂજ્ય શ્રી આપાગીગા ગાદી મંદિરમાં ભગવાન શ્રી રામ લલ્લા ના જન્મ મહોત્સવ પર્વની ભવ્ય ઉજવણી નું આયોજન કરવામાં આવેલ છે પૂજ્ય મહંત શ્રી જેરામ બાપુ ના અધ્યક્ષ સ્થાને સવારે ૬:૪૫ મંગળા આરતી ૭ કલાકે હનુમાન ચાલીસા હોમાત્મક યજ્ઞ ૧૧:૩૦ કલાકે ભગવાન શ્રી રામ લલ્લા ની પ્રાગટ્ય પૂજન ૧૨ કલાકે મહા આરતી તેમજ ભાવિકો માટે પ્રસાદ માં ( ફરાળ) ની વ્યવસ્થા કરવામાં આવેલ છે આ કાર્યક્રમ નુ ગીગેવ પરિવાર તેમજ ગાદી મંદિર ના કોઠારી શ્રી હરિબાપુ સફળ બનાવવા જહેમત ઉઠાવી રહ્યા છે તો આ ભવ્ય મહોત્સવમાં ઉપસ્થિત રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# ઉનામાં રામકૃષ્ણ જન્મ ઉત્સવ સમિતિ દ્વારા કાલે રામ જન્મોત્સવ ધામેધૂમે ઉજવાશે

**અબતક, ઊના**

ઊના મા હવેલી શેરી માં આવેલ રામજી મંદિર એ ૨૬.૩ ગુરૂવારે બપોર ના બાર કલાકે રામલલા નો પ્રાગટય ઉજવશે ત્યાર બાદ મહાઆરતી યોજાશે. તેમજ બપોર ના ત્રણ વાગ્યે રામજી મંદિર એ થી શ્રીરામકૃષ્ણ જન્મ ઉત્સવ સમિતિ, વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગદળ, તથા સનાતન હિન્દુ સમાજ દ્વારા ભવ્ય શોભા યાત્રા નો પ્રારંભ થશે.

આ શોભા યાત્રા માં ઊના શહેર અને તાલુકા ભર માંથી હજારો સનાતન ધર્મ ના લોકો જોડાશે જેમાં રામ ભગવાન ને પાલખી માં બેસાડી મંદિર થી ધામ ધૂમ પૂર્વક જય શ્રી રામ ના નારા સાથે શહેર ના મુખ્ય માર્ગ વાસાચોક, સોની બજાર, ખાઈબજાર, માલીવાડા, ધોબી વાડા, મોચીવાડા, ભોંય વાડા, માણેક ચોક, વડલા ચોક, એસ. ટી. બસ સ્ટેશન વિસ્તાર, ત્રિકોણ બાગ, રાવણા વાડી , ટાવર ચોક, પોસ્ટ ઓફિસ ચોક થઈ રામજી મંદિર એ પૂર્ણ થશે,

આ શોભાયાત્રા નું સ્વાગત કરવા શહેર ના તમામ માર્ગો ઉપર ભગવા રંગ ની કમાનો, ધજા પતાકા, કેસરી કલર ની લાઈટ સિરીઝ થી ઝગમગી ગયું છે.તેમજ વિવિધ સનાતન ધર્મ ના પ્રદશન યોજાશે.

તેમજ શોભા યાત્રા નું વિવિધ સંસ્થાઓ દ્વારા સ્વાગત કરવામાં આવશે.

# અમરેલી નજીક અજાણ્યા વાહને મોટરસાયકલને ઠોકરે લેતા નર્સિંગના છાત્રનું મોત

## સિવિલ હોસ્પિટલથી ઘરે પરત ફરતી વેળાએ અકસ્માત સર્જાયો, પરિવારમાં શોક છવાયો



**અબતક, રાજકોટ**

અમરેલીના વાંકિયા ગામ પાસે હિટ એન્ડ રનની ઘટના બની હતી, જેમાં ૨૫ વર્ષીય નર્સિંગ છાત્રનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. અજાણ્યા વાહનની ઠોકરે યુવાનનો ભોગ લેતા પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે અને પરિવારમાં માતમ છવાયો છે.

મળતી માહિતી મુજબ, અમરેલી તાલુકાના સરંભડા ગામે રહેતા ઋષિલભાઈ ભીખુભાઈ દાફડા (ઉં.વ. ૨૫) અમરેલીની નર્સિંગ કોલેજમાં અભ્યાસ કરતા હતા. ગત તા. ૧૬ માર્ચ ૨૦૨૬ના રોજ રાત્રીના સમયે તેઓ અમરેલી સિવિલ હોસ્પિટલ ખાતે પોતાના અભ્યાસ સંબંધિત કામગીરી પતાવીને મોટરસાયકલ પર સવાર થઈ પોતાના ઘરે પરત ફરી રહ્યા હતા. રાત્રિના આશરે બે વાગ્યાની આસપાસ વાંકિયા ગામ પાસે કોઈ અજાણ્યા વાહને તેમની બાઈકને જોરદાર ઠોકર મારી હતી. અકસ્માત સર્જી અજાણ્યો વાહનચાલક અંધારાનો લાભ લઈ ઘટનાસ્થળેથી નાસી છૂટ્યો હતો. ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા ઋષિલને તાત્કાલિક અમરેલી સિવિલ હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

જ્યાં ગત મોડી રાત્રે સારવાર દરમિયાન તેમણે દમ તોડ્યો હતો. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક ઋષિલ ચાર બહેનો અને બે ભાઈઓમાં સૌથી નાનો અને અપરિણીત હતો.

અમરેલી સિવિલ હોસ્પિટલમાં નર્સિંગનું અભ્યાસ કરતો હતો. આ મામલે પોલીસે અજાણ્યા વાહનચાલક વિરુદ્ધ વધુ તપાસ હાથ ધરી છે. અકસ્માત ક્યા વાહન સાથે થયો તેની કડીઓ મેળવવા માટે આસપાસના સીસીટીવી ફૂટેજ ચકાસવાની તજવીજ શરૂ કરવામાં આવી છે.

# અમરેલીમાં યુવકે ઝેરી દવા ગટગટાવી જીવન ટૂંકાવ્યું

## યુવકે આપઘાત કરતા રાજકોટની સિવિલમાં સારવાર દરમિયાન દમ તોડ્યો, કારણ અકબંધ

**અબતક, રાજકોટ**

અમરેલી શહેરના ધારી રોડ પર આવેલા કામનાથ મહાદેવ મંદિર પાસે ૧૮ વર્ષીય યુવકે અગમ્ય કારણોસર ઝેરી દવા પી લેતા ચકચાર મચી ગઈ છે. ગંભીર હાલતમાં યુવકને સારવાર અર્થે રાજકોટ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ટૂંકી સારવાર બાદ તેનું મોત નીપજતા પરિવારમાં શોક છવાયો છે. પ્રાપ્ત વિગતો મુજબ, અમરેલીના કુંકાવાવ રોડ જકાતનાકા પાસે રહેતા દેવસિંગ બહાદુરભાઈ જવ (ઉંમર ૧૮ વર્ષ) ગત તા. ૨૩ માર્ચના રોજ સાંજના ૫૩૦ વાગ્યાના અરસામાં ધારી રોડ પર સ્થિત કામનાથ મહાદેવ મંદિર પાસે હતા. આ દરમિયાન તેમણે કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા ગટગટાવી લીધી હતી. ઝેરની અસર થતા યુવકને તાત્કાલિક સ્થાનિક હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ગઈકાલે સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે તેઓ વ્યવસાયે ચાની હોટલમાં નોકરી કરીને પરિવારને મદદરૂપ થતા હતા. તેઓ ચાર બહેનો વચ્ચે એકના એક નાના ભાઈ હતા અને અપરિણિત હતા. તેમના પિતા મજૂરી કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે.ઘરના એકના એક દીકરાના મોતથી પરિવારમાં ઘેરા શોકની લાગણી ફરી વળી છે. યુવકે કયા કારણોસર આ આત્મઘાતી પગલું ભર્યું તે હજુ અકબંધ છે. હાલમાં અમરેલી પોલીસે આ અંગે અકસ્માતે મોતનો ગુનો નોંધી, આપઘાત પાછળના કારણો જાણવા વધુ તપાસ હાથ ધરી છે.

(પહેલા પાનાનું ચાલું)

### ટ્રમ્પ - મોદી...

સંબંધો મજબૂત છે, એટલે જ મોદીની સલાહ લીધા વિના આગળ વધવું તેમને જોખમી લાગ્યું હોય શકે.

વાતચીત દરમિયાન પીએમ મોદીએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતુ કે, સ્ટ્રેટ ઓફ હોર્મુઝ (જ્યાં અત્યારે ઈરાને નાકાબંધી કરી છે) ખુલ્લો રહેવો એ માત્ર ભારત માટે જ નહીં, પણ સમગ્ર વિશ્વની આર્થિક સ્થિરતા માટે અનિવાર્ય છે. ભારતે હંમેશાની જેમ યુદ્ધને બદલે 'ડાયલોગ અને ડિપ્લોમસી' પર ભાર મૂક્યો છે.

એક તરફ પાકિસ્તાનના પીએમ શહબાઝ શરીફે અમેરિકા અને ઈરાન વચ્ચે 'વચ્ચે પડીને' શાંતિ કરાવવાની લાલચ આપી છે, જેને ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા પર શેર પણ કરી છે. પરંતુ, અમેરિકાના રાજદૂત સર્જિયો ગોરે સ્પષ્ટ કર્યું કે ટ્રમ્પ પીએમ મોદીને આ સમગ્ર મામલે 'ઈન ધ લૂપ' (માહિતગાર) રાખી રહ્યા છે.

ટૂંકમાં, ભલે મંત્રણા પાકિસ્તાનમાં થવાની હોય, પણ રિમોટ કંટ્રોલ અને સલાહ તો દિલ્હીથી જ લેવાઈ રહી છે. હવે જોવાનું એ રહે છે કે ટ્રમ્પની આ નવી 'પીસ ડિપ્લોમસી'માં ભારતનું સૂચન કેટલું કામ લાગે છે.

### સરકારે બેઠક યોજી...

કરી રહ્યો છે. તેમણે સાંસદોને માહિતગાર કર્યા હતા કે આ ભૌગોલિક તણાવની સીધી અસર ભારત પર પડી રહી હોવાથી દેશની ચિંતાઓમાં પણ સ્વાભાવિક રીતે વધારો જોવા મળી રહ્યો છે.

તેમણે આ સંઘર્ષની અસરો વર્ણવતા બે મુખ્ય બાબતો તરફ ધ્યાન દોર્યું હતું. એક તરફ, ઈરાન દ્વારા સ્ટ્રેટ ઓફ હોર્મુઝ બ્લોક કરવામાં આવતા ભારતને મળતા ઊર્જા પુરવઠા પર માઠી અસર પડી રહી છે. તો બીજી તરફ, અખાતી દેશોમાં અત્યંત મોટી સંખ્યામાં ભારતીયો વસવાટ કરે છે, જેમની સુરક્ષા અને હિતો વર્તમાન પરિસ્થિતિમાં સરકારની પ્રાથમિકતા છે.

આ કારણોસર આ મુદ્દો ભારત માટે વધુ ગંભીર બની ગયો છે. નરેન્દ્ર મોદીએ સ્પષ્ટ કર્યું હતું કે આવા સમયે પક્ષભેદ ભૂલીને દેશની એકતા જાળવી રાખવી અત્યંત જરૂરી છે, અને તેથી જ સંસદમાંથી સમગ્ર વિશ્વમાં એક સમાન અને એકજૂથ અવાજ પહોંચે તે ખૂબ જ આવશ્યક છે.

### નેચરલ ગેસ...

અસરથી લાગુ કરવામાં આવ્યો છે. તે ગેસ વિતરણ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નિર્માણને વેગ આપવા માટે એક સંપૂર્ણ પારદર્શક માળખું સ્થાપિત કરે છે. આના પરિણામે સમગ્ર દેશમાં નાગરિકો અને ઉદ્યોગો સુધી સ્વચ્છ ઊર્જાની પહોંચ વધુ આસાન બનશે.

આ નીતિનો મુખ્ય ઉદ્દેશ્ય પાઈપ્ડ નેચરલ ગેસ નેટવર્કના વ્યાપક વિસ્તરણને સરળ બનાવવાનો છે. તેનાથી છેવાડાના વિસ્તારો સુધી ગેસની કનેક્ટિવિટી સુધરશે અને રાંધણ ગેસ, પરિવહન તેમજ ઔદ્યોગિક વપરાશ માટે સ્વચ્છ ઈંધણના ઉપયોગને મોટા પાયે પ્રોત્સાહન મળશે.

સ્વચ્છ ઊર્જાના આ ઝડપી પ્રસારથી દેશની ઊર્જા સુરક્ષા વધુ મજબૂત થશે તેમ સરકારે પોતાના નિવેદનમાં ઉમેર્યું હતું. પાઈપલાઈન નેટવર્ક મજબૂત બનવાથી ઈંધણ સપ્લાય ચેઈન અવિરત ચાલુ રહેશે, જે આર્થિક વિકાસ અને પર્યાવરણ બંને માટે ફાયદાકારક સાબિત થશે.

ભારતની સતત વધી રહેલી ઊર્જાની માંગ અને વૈશ્વિક ઊર્જા ક્ષેત્રે આવી રહેલા બદલાવોને આ નીતિ યોગ્ય રીતે પ્રતિબિંબિત કરે છે. સરકારના આ પગલાંથી આવનારા સમયમાં ભારતની ઊર્જા જરૂરિયાતોને આધુનિક અને સ્વચ્છ રીતે પૂરી કરવામાં મોટી મદદ મળશે.

(છેલ્લા પાનાનું ચાલુ)

### વિધાનસભા સત્ર...

ચૂંટણી પાછી ઠેલાઈ છે. ગત સોમવારે ચૂંટણી પંચ દ્વારા પ્રાથમિક મતદાર યાદી પ્રસિધ્ધ કરવામાં આવી છે. આગામી ૩૦મી માર્ચના રોજ આખરી મતદાર યાદી પ્રસિધધ કરવામાં આવશે. ત્યારબાદ ચૂંટણી જાહેર કરવામાં આવે તેવું હાલ દેખાય રહ્યુ છે.

આગામી ૩૧મી માર્ચના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી પણ માદરે વતન ગુજરાતની મૂલાકાતે આવી રહ્યાના વાવડ મળી રહ્યા છે. વાવ-થરાદ જિલ્લામાં તેઓના હસ્તે કરોડો રૂપીયાના વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત કરવામાં આવનાર છે. આ ઉપરાંત જાહેર સભાનું પણ આયોજન ગોઠવાય રહ્યું છે. જો ચૂંટણીની તારીખ જાહેર કરી દેવામાં આવે તો આચાર સંહિતા અમલમાં આવી જાય આવામાં વડાપ્રધાનનો ગુજરાતનો પ્રવાસ રદ કરવો પડે. હાલના સંજોગોમાં એવું લાગી રહ્યુ છે કે ૧ એપ્રીલે સ્થાનિક સ્વરાજયની ચૂંટણીનું એલાન થઈ શકે છે.

જો વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો ગુજરાત પ્રવાસ કોઈ કારણોસર રદ થાય તો આગામી ૨૭મી માર્ચના રોજ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ રાજકોટ સહિત કેટલીક મહાપાલીકામાં વિકાસ કામોના ખાતમુહુર્ત માટે આવી રહ્યા છે. તેઓનો આ કાર્યક્રમ પૂરો થતાની સાથે જ શનિવારે સાંજ અથવા સોમવારે ચૂંટણી પંચ દ્વારા ચૂંટણક્ષની તારીખ જાહેર કરી દેવામા આવશે. વિધાનસભાનું બજેટ સત્ર પૂર્ણ થતાની સાથે જ હવે સ્થાનિક સ્વરાજયની ચૂંટણીની તારીખ જાહેર કરવાનો માર્ગ મોકળો થઈ ગયો છે.

### ડ્રાફ્ટ અને ફાઈનલ મતદાર યાદી...

મતદાર યાદી સરળતાથી ઑનલાઇન જોઈ શકાય અને ડાઉનલોડ કરી શકાય તેવી વ્યવસ્થા પણ કરાઈ નથી. જે બદઈરાદો છતો કરે છે.

દરેક નાગરિક પોતાનું નામ મતદારયાદીમાં ઓનલાઈન જોઈ શકે, મતદાર યાદી ઓનલાઈન ડાઉનલોડ થઈ શકે તેવી વ્યવસ્થાને બદલે માત્ર મતદારયાદીને ફાઈનલ કરવાની ઉતાવળ 'વોટ ચોરી'ની શંકાને મજબૂત કરે છે. તેમ કોંગ્રેસ પ્રવકતા ડો. મનિષ દોશીએ જણાવ્યું હતુ.

### વંદે માતરમ...

આધારિત સાંસ્કૃતિક કાર્યક્રમ, નિબંધ સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધાઓનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

રાજ્ય સરકાર દ્વારા આયોજિત ''વંદે માતરમ૧૫૦વર્ષ '' બીજા તબક્કાના વિવિધ કાર્યક્રમોમાં વધુમાં વધુ યુવાનો- નાગરિકોને ઉત્સાહપૂર્વક જોડાઈ રાષ્ટ્રપ્રેમ અને એકતાની ભાવનાને વધુ મજબૂત બનાવવા માટે સહભાગી થવા યુવક, સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

### જિલ્લા કલેકટર સાથે વીસી...

અફવાઓના કારણે વેચાણમાં થોડો ઉછાળો જોવા મળ્યો હતો, પરંતુ રાજ્ય સરકાર દ્વારા ઈંધણનો સમયસર પુનઃ પુરવઠો આપવામાં આવી રહ્યો છે.

દરેક જિલ્લામાં આવશ્યક ઈંધણનો પુરવઠો અવિરતપણે જળવાઈ રહે અને નાગરિકોને કોઈ પણ પ્રકારની હાલાકી ન પડે તે માટે વહીવટીતંત્રને સતત દેખરેખ રાખવા અને પૂરતું સંકલન સાધવા કલેકટરઓને જરૂરી સૂચનાઓ આપી.

રાજ્યના નાગરિકોને નમ્ર અપીલ છે કે રાજ્યમાં પેટ્રોલ-ડીઝલ અને ગેસનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે, માટે ઈંધણની અછત અંગેની કોઈપણ અફવાઓથી દૂર રહેવું અને ગભરાટમાં આવીને બિનજરૂરી ખરીદી ન કરવી.

### મુખ્યમંત્રી...

વડાપ્રધાનનું જે વિઝન 'વિકસિત ભારત -૨૦૪૭'માટે વિકસિત ગુજરાત' ને સાકાર કરવા આપણે સૌએ ડિજિટલ ક્ષેત્રે મહત્તમ આગળ વધવું છે. યુ.પી.આઈનો સૌથી વધુ ઉપયોગ નાના ફેરીયા અને શાકવાળા જેવા ઓછું ભણેલા લોકો કરી રહ્યા છે.ડિઝીટલ સરળીકરણ થકી નાગરીક સેવાઓ વધુને વધુ સરળ બનાવી છે.

વર્તમાનમાં સર્જાયેલી વૈશ્વિક પરિસ્થિતિ અંગે તેમણે જણાવ્યું હતું કે,આજે રાજ્યમાં ડીઝલ, પેટ્રોલ કે ગેસની કોઈ જ અછત નથી, બધું જ પૂરતા પ્રમાણમાં મળી રહ્યું છે અને મળતું રહેશે. સરકાર 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌના પ્રયાસ'ના કાર્ય મંત્ર સાથે સરકાર વિકસિત ગુજરાત માટે કામ કરી રહી છે.

બધા સાથે છીએ તો કોઈને તકલીફ પડશે નહીં.

વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી મંત્રી અર્જુન મોઢવાડિયાએ કહ્યું કે, ડિજિટાઈઝેશન એ વર્તમાન ભારત, વર્તમાન ગુજરાત અને વર્તમાન નેતૃત્વની દેન છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે નાગરિકો અને સરકાર વચ્ચેનું અંતર કેમ ઘટે એવા પ્રયાસો શરૂ કરવામાં આવ્યા હતાં. નાગરિકોને જનહિતલક્ષી સુવિધાઓ સરળતાથી મળે તે માટે સિંગલ વિન્ડો સિસ્ટમ શરુ કરવામાં આવી હતી.

ગામડાની અંદર સીએચસી,પીએચસી સેન્ટરો અને શહેરી વિસ્તારોમાં જનસેવા કેન્દ્રો મારફત આ સેવાઓ ઝડપથી મળે એવા પ્રયાસો કરવામાં આવી રહ્યાં હતાં. મુખ્ય મંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત એડમિનિસ્ટ્રેટિવ રિફોર્મ કમિશનના અહેવાલ મુજબ બધી જ નાગરિક કેન્દ્રિત સેવાઓ ડિજિટલ બનાવવાની શરૂઆત કરી છે.

### યુસીસી...

આવી છે ત્યારે રાજકીય એજન્ડા માટે બિલ લવાયું છે. જસ્ટીસ રંજના દેસાઈનો રિપોર્ટ સાર્વજનિક કરવા અને ઉતાવળે લવાયેલા બિલને પ્રવર સમિતિને સોંપી આવતા વર્ષે રજૂ કરવાની માગણી કરી હતી.

મુખ્યમંત્રીએ ઉમેર્યું કે, જો સત્ય એક જ હોય તો ધર્મ ભલે અનેક હોય પણ ન્યાય એક જ હોવો જોઈએ. ડો. આંબેડકર રચિત બંધારણની વાતને ટાંકીને તેમણે કહ્યું કે, બંધારણની કલમ ૪૪ મુજબ રાજ્યને સમાન નાગરિક સંહિતા તરફ આગળ લઈ જવાની દિશા આપે છે ત્યારે આઝાદી પછી આટલા વર્ષો સુધી રાજકીય ઈચ્છાશક્તિના અભાવે કોઈને તેનો વિચાર ન આવ્યો. આઝાદીના સાત દશક પછી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્ત્વમાં દેશના રાજ્યોમાં સમાન નાગરિતાનો અમલ એ રાષ્ટ્રને એક તાંતણે બાંધવાનો માર્ગ છે.

મુખ્યમંત્રીએ સ્પષ્ટ કર્યું કે,યુસીસીનો અમલ એ નાગરિકો વચ્ચે એમના ધર્મ કે જાતિના આધારે વિભાજિન કે ભેદભાવની કોઈ નીતિ કે વિવાદને અસ્વીકાર કરશે. યુસીસી કોઈ ધર્મ કે જાતિ વિશેષને ધ્યાનમાં લીધા સિવાય સૌને લાગુ પડશે. યુસીસીની અન્ય બાબતોમાં પણ સમાનતાનો અને સુમુચિત ન્યાયનો સિદ્ધાંત અપનાવવામાં આવ્યો છે. એ અર્થમાં યુસીસી ૨૦૨૬ ગુજરાતના નાગરિકોને સમાન ન્યાય માટેની અપેક્ષાઓ, આકાંક્ષાઓ અને ઈચ્છાઓનું પ્રતિબિંબ પાડતું બિલ છે. બિલમાં લગ્ન, છૂટાછેડાની નોંધણી, વારસાગત મિલકતો જેવા મુદ્દાઓ પર તમામ ધર્મ અને સમુદાય માટે ક્યાંય કોઈને અન્યાય ન થાય તે ધ્યાનમાં રાખી સમાન કાયદાકીય માળખુ સૂચવાયું છે.

વિકાસની દોડમાં મહિલાઓ પણ એક સરખી ભાગીદાર બને, એમને જાતિ ભેદના કારણે કોઈ અન્યાય ન થાય માટે દરેક લગ્નનું ફરજિયાત રજિસ્ટ્રેશન, લીવ ઈન સંબંધોનું રજિસ્ટ્રેશન, છૂટાછેડાના સમાન નિયમો અને નોંધણી, દીકરો કે દીકરી બધાને સમાન વારસાગત મિલકતમાં હક્ક અને આ જોગવાઈના પાલન માટે દંડ, સજાની જોગવાઈ સાથે કડક અમલની જોગવાઈઓ કરવામાં આવી છે. ફરજિયાત લગ્ન નોંધણીમાં ચૂક કરનારને ૧૦ હજારનો દંડ, બળજબરી કે ધાકધમકી, છેતરપિંડીથી લગ્ન કરનારને સાત વર્ષ સુધીની સજા, એકથી વધુ લગ્ન કરવાન કિસ્સામાં સાત વર્ષથી વધુની સજાની જોગવાઈનો ઉલ્લેખ મુખ્યમંત્રીએ કર્યો હતો. છુટાછેડા કોર્ટ દ્વારા જ માન્ય રહેશે, એ સિવાયના કિસ્સામાં ત્રણ વર્ષની સજાની જોગવાઈ છે.

કલમ ૩૮૪ હેઠળ લીવ ઈન રિલેશન એ કોઈની આઝાદીને છીનવવા માટે નથી, પણ દીકરીઓને કાનૂની સુરક્ષા આપવા માટે છે. ઓળખ છુપાવીને લગ્ન કરવા, કે છેતરપિંડી કરવાવાળાઓ માટે હવે ગુજરાતમાં કોઈ સ્થાન નથી તેવું તેમણે સ્પષ્ટ કર્યું હતું. છુટાછેડાના નિયમો હવે તમામ ધર્મ, સમુદાય માટે સમાન રહેશે. નિભાવ, કસ્ટડી અને છુટાછેટાના નિયમો એક જ લિગલ ફ્રેમવર્ક હેઠળ આવરી લેવાયા છે.

# બાર કાઉન્સિલના વિજેતા ઉમેદવાર અનિરુદ્ધસિંહ અને જજ વચ્ચે ઉગ્ર બોલાચાલી

## ભાવનગર ખાતે વિજય સરઘસમાં ઘોંઘાટ થતાં ન્યાયિક પ્રક્રિયામાં ખલેલ પહોંચતા જજ દ્વારા વાંધો ઉઠાવવામાં આવ્યો: ગુજરાત જ્યુડિશિયલ સર્વિસ એસોસિએશને હાઈકોર્ટ અને બાર કાઉન્સિલ ઓફ ગુજરાતને ઉદ્દેશી પત્ર લખી પગલા લેવા માંગ

**અબતક, રાજકોટ**

ભાવનગર ડિસ્ટ્રિક્ટ કોર્ટના પ્રાંગણમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. ગુજરાત બાર કાઉન્સિલની ચૂંટણીમાં ભવ્ય જીત મેળવ્યા બાદ એડવોકેટના સ્વાગત દરમિયાન ઢોલ નગારા વગાડવા મુદ્દે જજ અને એડવોકેટ વચ્ચે ઉગ્ર બોલાચાલી થતા કોર્ટ સંકુલમાં ગરમાવો વ્યાપી ગયો હતો. આ સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયુવેગે વાઈરલ થયો છે. ઉલ્લેખનીય છે કે, આ મામલે હજુ સુધી કોઈ પોલીસ ફરિયાદ નોંધાવાઈ નથી.ગુજરાત બાર એસોસિએશનના સભ્ય તરીકે વિજેતા બનેલા જાણીતા એડવોકેટ અનિરૂદ્ધસિંહ ઝાલાનું ભાવનગર શહેરના રૂપમ ચોકથી કોર્ટના ગેટ સુધી વિજય સરઘસ નીકળ્યું હતું. કોર્ટની કાર્યવાહી ચાલુ હોવાથી ન્યાયિક પ્રક્રિયામાં ખલેલ પહોંચતા જજ દ્વારા વાંધો ઉઠાવવામાં આવ્યો હતો. કોર્ટની મર્યાદા અને શાંતિ જાળવવાના મુદ્દે જજ અને વકીલ વચ્ચે થયેલી ઉગ્ર દલીલો ના દૃશ્યો ઉપસ્થિત લોકોએ કેમેરામાં કેદ કર્યા હતા.ગુજરાત જ્યુડિશિયલ સર્વિસ એસોસિએશને હાઈકોર્ટ અને બાર કાઉન્સિલ ઓફ ગુજરાતને ઉદ્દેશીને પત્ર લખ્યો છે. જેમાં ભાવનગરમાં બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ચૂંટણીના વિજેતા ઉમેદવાર એડવોકેટ અનિરૂદ્ધસિંહ ઝાલાના વિજય સરઘસ વખતે કોર્ટની કાર્યવાહીમાં ખલેલ પડતા ડિસ્ટ્રિક્ટ જજે તેઓને રોક્યા હતા. જેમાં અનિરુદ્ધસિંહ ઝાલાએ ડિસ્ટ્રિક્ટ જજ સાથે અણછાજતું વર્તન કર્યું હતું. ગુજરાત જ્યુડિશિયલ સર્વિસ એસોસિએશને ગુજરાત હાઈકોર્ટને એડવોકેટ અનિરુદ્ધસિંહ ઝાલા સામે કન્ટેમ્પ કાર્યવાહી હાથ ધરવા અને બાર કાઉન્સિલને અનિરુદ્ધસિંહ ઝાલા સામે કડક પગલા લેવા માંગ કરી છે.'' ડિસ્ટ્રિક જજ સાથે અણછાજતું વર્તન ન્યાયિક ગરીમાનું હનન કરનારું છે. તેનાથી યુવા વકીલ પેઢીમાં ખોટો સંદેશ જાય તેમ છે. વળી જજીસ ભય મુક્ત વાતાવરણમાં કામ કરી શકે તેની પણ તકેદારી રાખવી જરૂરી છે.

# સાબરકાંઠા: નવી રેલવે લાઈન માટે ફંડ મંજુર કરવા સાંસદની રજુઆત

## હિંમતનગર - ખેડબ્રહ્મા રેલ લાઈન ચાલુ કરવા માટે માંગણી

**અબતક, સંજય દિક્ષીત, સાબરકાંઠા**




સાબરકાંઠા-અરવલ્લીના સાંસદ શોભના બારૈયાએ બંને જીલ્લાની રેલવે સેવા મામલે રેલ્વે મંત્રીને રજૂઆત કરી છે.ખેડબ્રહ્માથી-હડાદ-અંબાજી સુધીની નવી રેલવે લાઈન માટે તાત્કાલિક ફંડ મંજૂર કરવા સાંસદે ભાર મૂક્યો હતાં. હિંમતનગર-ખેડબ્રહ્મા રેલવે લાઈન ચાલુ કરવા અને મુંબઈ સુધી સીધી રેલ સેવા શરૂ કરવા માંગણી કરી હતી.

સાંસદે જે રેલવે મંત્રીને રજૂઆત કરી તેમાં જણાવાયું છે કે ખેડબ્રહ્માથી-હડાદ-અંબાજી સુધીની નવી રેલવે લાઈન માટે જે ડી.પી.આર મંજૂર કરવામાં આવી છે તેનો અંદાજ (એસ્ટિમેન્ટ) તાત્કાલિક તૈયાર કરવામાં આવે અને તેની રકમ ઝડપથી મંજૂર થાય તેમજ હિંમતનગર-ખેડબ્રહ્મા રેલવે લાઈન પર સી.આર.એસ અને પી.સી.ઈ.ઈ દ્વારા નિરીક્ષણ સફળતાપૂર્વક પૂર્ણ થયું છે જેથી આ રેલવે લાઈન વહેલી તકે કાર્યરત થાય તે માટે પણ લેખિત રજૂઆત કરી છે વધુમાં સાંસદે સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના નાગરિકોને વડોદરા,સુરત,વાપી,વલસાડ અને મુંબઈ જવા માટે અમદાવાદ જઈને ટ્રેન પકડવી પડે છે જે લગભગ ૮૦ કિમી દૂર છે જેથી આ બંને જીલ્લા ના મુસાફરો અમદાવાદ,સુરત,વાપી, વલસાડ,મુંબઈ જવા માટે પ્રાઈવેટ સાધનોનો ઉપયોગ કરવો પડે છે જેના કારણે મુસાફરોને સમય અને પૈસાનો વ્યય થાય છે તેથી ખેડબ્રહ્મા થી મુંબઈ સીધી ટ્રેન શરૂ કરવા માટે પણ રજૂઆત કરી હતી જ્યારે સંસદ શોભના બારૈયાની રજૂઆત બાદ આ મામલે રેલ્વે મંત્રીએ કાલુપુર રેલવે સ્ટેશનનું કામ પૂર્ણ થયા બાદ ટ્રેનો શરૂ કરવા અંગે ખાતરી આપી હતી આ સાથે મુંબઈથી અમદાવાદ આવતી અનેક ટ્રેનો અમદાવાદમાં ૧૦ થી ૧૨ કલાક સુધી રોકાય છે તેથી તેમાંથી કોઈ એક ટ્રેનને હિંમતનગર અથવા ખેડબ્રહ્મા સુધી વિસ્તૃત કરવા પણ જણાવ્યું હતું. નડિયાદ-કપડવંજ-બાયડ-મોડાસા રેલવે લાઈન પર આવેલા ૫૩ જેટલા રેલવે ફાટકના કારણે અગાઉ ચાલતી નડીયાદ-મોડાસા રેલવે ખુબ ધીમી ગતીએ ચાલતી હતી જેના કારણે મુસાફરો મળતા ન હતા જેથી રેલવેની ઝડપ વધે તે માટે નાના ગ્રામ્ય માર્ગો પર રેલવે અંડરપાસ તેમજ સ્ટેટ હાઈવે વાળા ફાટકો પર ફ્લાય ઓવર બ્રિજ તેમજ બે નજીક નજીકના અંડર પાસ પાસે આર.સી.સી સર્વિસ રોડ બનાવવા માટે પણ રેલવે મંત્રીને રૂબરૂ મળી રજૂઆત કરી છે

# હિંમતનગરમાં કાર બાઈક વચ્ચે ગંભીર અકસ્માત

## ઓવર સ્પીડના કારણે બાઈક ચાલકે કાબુ ગુમાવ્યો

**અબતક, સંજય દીક્ષીત, સાંબરકાંઠા**



સાબરકાંઠા જીલ્લાના મુખ્ય મથક એવા હિંમતનગરમાં સિંચાઈ કર્મચારી સોસાયટી આગળના રોડ પર કાર અને બાઈક વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો હતો આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી જેમાં બંને વાહનોને નુકસાન થયું હતું પ્રાથમિક તપાસમાં બાઈકની ગતિ વધુ હોવાનું જણાયું હતું

આ અંગે મળતી વિગતો મુજબ હિંમતનગરના મહાવીરનગર ચાર રસ્તેથી ઈન્દ્રનગર તરફ જતા આ રોડ પર સિંચાઈ કર્મચારી સોસાયટી આવેલી છે આ રોડ પર તીવ્ર વળાંક હોવા છતાં વાહનચાલકો ઘણીવાર વધુ ઝડપે વાહન ચલાવે છે જેના કારણે અહીં અવારનવાર અકસ્માતો સર્જતા હોય છે.આ ઘટના મંગળવારે બપોરે બની હતી જેમાં ઈન્દ્રનગર તરફથી મહાવીરનગર તરફ જઈ રહેલી એક અલ્ટો કાર અને મહાવીરનગર તરફથી ઈન્દ્રનગર તરફ આવી રહેલા એક બાઈક વચ્ચે ટક્કર સર્જાઈ હતી સીસીટીવી ફૂટેજ મુજબ બાઈક ચાલકે વધુ ઝડપને કારણે કાબૂ ગુમાવ્યો હતો અને સામેથી આવતી અલ્ટો કાર સાથે અથડાયો હતો. આ અકસ્માતમાં સદનસીબે કોઈ જાનહાનિ થઈ ન હતી પરંતુ બંને વાહનોને નોંધપાત્ર નુકસાન થયું હતું આ ઘટના અંગે પોલીસને જાણ કરાઈ હતી અને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

# જામજોધપુર ચેક રીટર્ન કેસમાં આરોપીને એક વર્ષની સજા

## તબીબને રૂ.૩.૫૦ લાખ ચુકવવા આપેલો પરત ફર્યો તો

**અબતક, ભરત ગોહેલ, જામજોધપુર**

જામ -જોધપુર ના રહીશ ડો. આશુતોષ ધીરજલાલ અગ્રવાતે વડોદરા સ્થિત અર્પિત કુમાર હિતેષ ભાઈ બ્રહ્મભટને રૂ. ૩,૫૦,૦૦૦ હાથ ઉછીના આપેલ જે હાથ ઉછીના લ્હેણા બદલ અર્પિત કુમાર દ્વારા ચેક આપવામાં આવેલ હતો જે ચેક બેંક માંથી રિટન થતા ડો. આશુતોષ દ્વારા તેમના વકીલ સી. એસ. ગોસ્વામી મારફત જામ-જોધપુર અદાલતમાં ફરીયાદ કરેલ જે કેસ ચાલી જતા ફરીયાદી તરફે રજુ થયેલ પુરાવાઓ સાબિત માની તથા ફરીયાદી વકીલની ધારદાર દલીલો તથા હાઈકોર્ટ તથા સુપ્રિમ કોર્ટના ચુકાદાને ધ્યાનમાં રાખી આરોપી નો ગુનો સાબિત માનીને અદાલત દ્વારા એક વર્ષની જેલ સજા અને ચેક મુજબ ની રકમ ચુકવવાનો હુકમ ફરમાવેલ આ કેસમાં ફરીયાદી તરફે જામ -જોધપુર ના એડવોકેટ સી.એસ.. ગોસ્વામી રોકાયેલ.

# દુઃખદ અવસાન

## સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**રાજકોટ:** જોડીયા હાલ રાજકોટ નિવાસી કૌશિકરાય જાની (રેલવે વાળા) તે સ્વ. નવલશંકર અંબારામ જાનીના પુત્ર, શારદાબેન લીલાબેન ત્રિવેદી, ચાયનાબેન રાવલ, જીતેન્દ્રભાઈ, સ્વ. લલીતભાઈ, સ્વ. ગોપાલભાઈના ભાઈ, લતાબેનના પતિ, પ્રકાશ, પાયલ પરેશકુમાર દવેના પિતાનું તા. ૨૩ ના રોજ અવસાન થયેલ છે. જેમનું બેસણું તા. ૨૬ ને ગુરુવારના રોજ સાંજે ૪ થી ૬ ઘેલા રામજીની વાડી જયંત કેજી મેઈન રોડ, આનંદ બંગલા ચોક રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** સ્વ. રમણલાલ દયાળજી અઢીયા (ઉં.વ.૮૯) (ન્યુઝ પેપર એજન્ટ) તે હેમલતાબેન અઢીયા, તરૂલતાબેન અઢીયાના ભાઈ, જયેશભાઈ, કમલેશભાઈ, રવીન્દ્રભાઈના પિતા, સ્વ. વિરલ, વત્સલ, દર્શ, રૂતુલના દાદાનું તા. ૨૩ ને સોમવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું ઉઠમણું તા. ૨૬ ને ગુરુવારે સાજે ૪.૩૦ થી ૫.૩૦ દરમિયાન સોમેશ્વર મહાદેવ મંદિર, વિતરાગ સોસાયટી, ગાંધીગ્રામ, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** વઢવાણ નિવાસી હાલ રાજકોટ શીવલાલ ભુદરભાઈના પુત્ર પ્રવિણચંદ્ર શીવલાલ શાહ તે ચેતનભાઈ, કલ્પેશભાઈ, રેખાબેનના પિતા, અક્ષત, આયુષીના દાદા, ભીખાલાલ ન્યાલચંદ શાહના જમાઈ, જયંતભાઈ ભીખાલાલના બનેવીનું તા. ૨૪ ને મંગળવારના રોજ અવસાન થયેલ છે. તેમનું ઉઠમણું તા. ૨૬ ને ગુરુવારે સવારે ૯.૩૦ દરમિયાન વર્ધમાનનગર જૈન ઉપાશ્રય, પેલેસ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** સ્વ.જયસુખભાઈ પરસોત્તમભાઈ ગોપાણી તે સાગરભાઈ જયસુખભાઈ ગોપાણી તે રમેશભાઈ, દામજીભાઈના ભાઈનું તા. ૨૪ ને મંગળવારના રોજ અવસાન થયું છે. સદગતનું બેસણું તા. ૨૬ ને ગુરુવારે સવારે ૮ થી ૧૦ કલાક દરમિયાન સુવર્ણભૂમિ બેન્ડવેટ હોલ, સ્પીડવેલ પાર્ટી પ્લોટ ચોક અંબિકા ટાઉન શીપ રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** રાજકોટ નિવાસી સ્વ. કાંતિલાલ લાલજીભાઈ વડગામા (જસ્મીન મોટર્સવાળા) ના પત્ની કુસુમબેન (ઉં.વ.૯૩) તે સ્વ. જસ્મીનભાઈ, સ્વ. સમીરભાઈ, બિનાબેન દિપકકુમર સીતાપરા (કલ્યાણ), કોકીલાબેન પ્રદીપકુમાર ગજ્જર (જામનગર), શીલાબેન ધીરેનકુમાર છનીયારા (ગાંધીનગર), પ્રજ્ઞાબેન પ્રફુલકુમાર દુધૈયા (લંડન)ના માતા, વૈશાલીબેન જસ્મીનભાઈ વડગામાના સાસુ, દક્ષેશના દાદી, સ્વ. અરજણભાઈ દેવજીભાઈ સીનરોજાના દિકરીનું તા. ૨૨ ને રવિવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૨૬ ને ગુરુવારે સાંજે ૫ થી ૬ દરમિયાન રાજકોટ વિશ્વકર્મા કેળવણી મંડળ ૭/૧૦ ભકિતનગર સ્ટેશન પ્લોટ, ગોંડલ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** સ્વ. મીનાક્ષીબેન યોગેશભાઈ ત્રિવેદી (ઉં.વ.૬૬) તે સ્વ. યોગેશભાઈ ગુણવંતરાય ત્રિવેદીના પત્ની, સ્વ. વિરેન્દ્રભાઈ ડી પંડયા (જામનગર)ના પુત્રી, પ્રો. નીનાબેન પંડયા (જામનગર), સંધ્યાબેન દીપકભાઈ ત્રિવેદી, જીતેન્દ્ર ડી. પંડયા, ડો. ચેતન ડી. પંડયા (વ્યારા)ના બેનનું તા. ૨૫ ને બુધવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૨૬ ને ગુરુવાર સાંજે ૪ થી ૬ દરમિયાન સત્યેશ્વર મહાદેવ મંદિર, સત્યમ શિવમ સુંદરમ, એમઆરએફ શો-રુમ સામે, જામનગર રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# પ્રભાસ પાટણમાં રામ મંદિર ખાતે યોજાયો માનસિક સ્વાસ્થ્ય જાળવણીનો સેમિનાર

## સુરક્ષા જવાનો માનસિક તંદુરસ્તી સાથે ફરજ બજાવે તેવા આયોજનની સરાહના



**અબતક, જયેશ પરમાર, સોમનાથ**

દેશમાં લોકોને સલામતી માટે કાર્યરત અલગ અલગ સુરક્ષા દળો માં સૈન્ય, નોકા દળ, વાયુદળ, કેન્દ્રીય, રાજ્ય, અને પ્રાદેશિક સુરક્ષા પોલીસ દળ ના અધિકારી કર્મચારી પોતાની ફરજ દરમિયાન કાર્યભારના કારણે માનસિક તણાવ માં રહેતા હોય તેમના પરિવારજનો પણ મુશ્કેલી અનુભવતા હોય આવી સ્થિતિમાંથી બહાર લાવવા જવાનો માટે મેન્ટલ હેલ્થ માટે કંઈક કરવું જોઈએ, તેવા વિચાર સાથે જુનાગઢ રેન્જ ડીઆઈજી રાજેન્દ્રસિંહ ચુડાસમા, ગીર સોમનાથ એસપી જયદીપસિંહ જાડેજા, પોલીસ અધિક્ષક વી,આર ખેંગાર વેરાવળ વિભાગ દ્વારા મેન્ટલ હેલ્થ વેલ બી ઈન્ગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું ગીર સોમનાથ પોલીસ દળમાં ફરજ બજાવતા કર્મચારીઓના માનસિક તંદુરસ્તી માટે એસપી જયદીપસિંહ જાડેજા એ પ્રભાસ પાટણ માં આવેલ રામ મંદિર ઓડિટોરિયમ હોલ ખાતે ૨૨માર્ચના રોજ ૪વાગે પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીયા વિદ્યાલય સોમનાથના સહયોગથી મેન્ટલ હેલ્થ વેલ બીઈંગ કાર્યક્રમ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વેરાવળ સીટી, પ્રભાસ પાટણ, સોમનાથ મરીન, મહિલા પોલીસ સ્ટેશન, સોમનાથ મંદિર સુરક્ષા, તાલાલા ,સુત્રાપાડા ,એલસીબી ,ગીર સોમનાથ ,તથા એસોજી શાખા ના ત્રણસો અધિકારી કર્મચારીઓએ હાજરી આપી હતી આ કાર્યક્રમમાં પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલય સોમનાથના બ્રહ્મકુમાર બ્રહ્મકુમારીઓ દ્વારા સુરક્ષા ફરજો દરમિયાન પોલીસ માનસિક તણાવ મુકત રહી ભાવનાત્મક અને મનોવિજ્ઞાનિક સામાજિક સુખાકારી કેવી રીતે મેળવી શકે? નકારાત્મક વિચારોને હતાશાથી દૂર રહી સકારાત્મક વિચારસરણી કેળવી માનસિક તંદુરસ્તી મેળવી કેવી રીતે કાર્યક્ષમ રહી ફરજો બજાવી શકાય? તેનું યોગાત્મક મેડીટેશન માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

### શહીદ દિનની ભાવભેર ઉજવણી

# જૂનાગઢમાં વીર શહીદોને અપાયા શ્રધ્ધાસુમન



**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

દેશના સ્વતંત્રતા સંઘર્ષના અમર વીર શહીદો ભગતસિંહ, રાજગુરૂ અને સુખદેવને ૨૩ માર્ચ ૧૯૩૧ના રોજ અંગ્રેજ શાસકોએ ફાંસી આપી શહીદ કર્યા હતા. તેમના આ અવિસ્મરણીય બલિદાનને યાદ કરતાંજૂનાગઢના સેજના ઓટા ખાતે શહીદ દિવસ નિમિત્તે એક ભાવભીની શ્રદ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત આગેવાનો અને નાગરિકોએ શહીદોના ચિત્રોને પુષ્પાંજલિ અર્પણ કરી, બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું હતું. સાથે જ સૌએ સંકલ્પ લીધો કે દેશની એકતા, અખંડિતતા અને પ્રગતિ માટે સતત પ્રયત્નશીલ રહી શહીદોના સપનાઓને સાકાર બનાવશે. આ કાર્યક્રમમાં બટુકભાઈ મકવાણા, વહાબ ભાઈ કુરેશી, જિશાન હાલેપોતરા, અયુબ ખાન દરબાર, શીતલબેન જોશી, કે.ડી. સગારકા, ખાન ભાઈ (બેકરી વાળા), યુસુફ હાલેપોતરા, રેહાન બાપુ કાદરી, મનોજભાઈ ભટ્ટ અને સોહેલ સિદ્દીકી સહિત મોટી સંખ્યામાં સમાજના આગેવાનો અને નાગરિકોએ હાજરી આપી હતી.

# ધોરાજી: રખડતા ઢોરનો આતંક યથાવત



ધોરાજીમાં ઘણા સમયથી શહેર નાં મુખ્ય માર્ગે અને મુખ્ય ચોક,વિસ્તારમાં લોકોને ભારે હાડમારી વેઠવી પડે છે. અડીંગો જમાવીને રખડતા ઢોર બેસી રહેતા જેમાં વખત આખલા યુદ્ધ સર્જાતા પણ જોવા મળે છે અને રસ્તા ઉપર ઢોરના કારણેથી નાનાં મોટાં અકસ્માતો સર્જાતા રહે છે. અને તેનો ભોગ રાહદારીઓ અને વાહન ચાલકો ને બનવું પડે છે પણ ધોરાજી નગરપાલિકા તંત્ર દ્વારા ઘણા વર્ષોથી ઢોર કે પશુ ઓ માટે કોઈ નક્કર કામગીરી કરવામાં આવી નથી અને જેને કારણે શહેરના વિવિધ વિસ્તારોમાં ઢોર અને રખડતાં પશુઓ આતંક વધી રહ્યો છે. લોકો માં ભારે રોષ ઉઠી રહ્યો છે ત્યારે સ્થાનિક આગેવાનો દ્વારા ધોરાજી નગરપાલિકા તંત્ર પાસે એક જ માંગ કરી રહ્યા છે કે કાગળ પર નહીં પરંતુ સાચી રીતે આ બાબતે યોગ્ય કામગીરી હાથ ધરાઈ તે જરૂરી છે.

# રાષ્ટ્રને આત્મનિર્ભર બનવા જેટલી જરૂરિયાત કલેકટરની છે એટલી જ કડિયા અને પ્લમ્બરની પણ હોય...!!

## પડધરી કવિ શ્રી દાદ સરકારી કોલેજની એન. એસ. એસ શિબિરમાં કોલેજીયનોને શીખવાયા જીવન ઘડતરના પાઠ




**અબતક, ભૌમિક તળપદા, પડધરી**

પડધરીની કવિશ્રી દાદ સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ખાતે વિદ્યાર્થીઓને જીવન ઘડતરના પાઠ ભણાવવા માટે રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ દ્વારા સમાજ ઉત્કર્ષ જ્ઞાનમૂલ વર્ધન અને ગ્રામ સંસ્કૃતિ થી વાકેફ કરવા આત્મવિરબર ભારત એમ પાવર રીંગ આખી માલ આધારિત એક ખાસ વાર્ષિક શિબિર યોજાઈ હતી૧૨માર્ચના રોજ મેટોડા ના લેવા પટેલ સમાજ વાડી શિબીર નું ઉદઘાટન નામના સરપંચ કિશોરભાઈ સોજીત્રા ના હાથે કરાવવામાં આવ્યું હતું

ઉદઘાટન સત્ર ના અધ્યક્ષ કોલેજના આચાર્ય ડો, કમલ છાયા મુખ્ય અતિથિ માતૃશ્રી વીરબાઈ માં મહિલા સાયન્સ કોલેજ રાજકોટના આચાર્ય કે જે ગણાત્રા, માતૃશ્રી વીરબાઈ મહિલા સાયન્સ કોલેજ આચાર્ય જયાલક્ષ્મીબેન જાડેજા લેઉવા પટેલ સમાજના પ્રમુખ હર્ષદભાઈ પીપળીયા, મેટોડા સરકારી શાળાના આચાર્ય અમીનાબેન સમા, શિક્ષક આદિત્ય ભાઈ પંડ્યા, તલાટી મંત્રી અંકિતાબેન વિસાણા ઉપસરપંચ હથાભાઈ ચાનિયા અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. તમામ બહેનો મહેમાનોનું ખાદીના રૂમાલ આપીને સ્વાગત કરવામાં આવ્યું વિદ્યાર્થીઓને સાત દિવસની શિબિર ના હેતુ અંગે સમજાવાયું હતું ડોક્ટર અશ્વિનકુમાર પરમારે જણાવ્યું હતુ કે ગાંધીજીના એક વ્રતો જેવા સત્ય અહિંસા સત્ય અપરિગ્રહ બ્રહ્મચર્ય અથવા સ્વદેશી અભય પુશ્યતા નિવારણ અને જાત મહેનત અને ગાંધીજીએ બતાવેલા સાથ આપો માં સિદ્ધાંત વિનાનું રાજકારણ નૈતિકતા મીનાનો વેપાર પરમ વિનાની સંપત્તિ ત્યાગ વગરની પૂજા ચરિત્ર વિનાનું જ્ઞાન અને માનવતા વિધાનો વિજ્ઞાન અને સમાનતા મહિનાનો આનંદનો કોઈ અર્થ રહેતો નથી શાળાના શિક્ષક આદિત્યભય પંડ્યા એ વિદ્યાર્થીઓને સ્કિલ પર ભાર મૂકવાનો અનુરોધ કર્યો હતો અને જણાવ્યું હતુંકે રાષ્ટ્રને આત્મ નિર્ભર બનવા માટે જેટલી જરૂર એક કલેક્ટરની હોય છે એટલી જ જરૂર એક કુશળ કડિયા અને પ્લમ્બરની પણ છે કોલેજના આચાર્ય ડો,કમલ છાયા એ શિબિર નો લાભ લેવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. આ શિબિરમાં બાળલગ્ન અટકાયત ,નશા મુક્ત ભારત અભિયાન ,અંતર્ગત વ્યાખ્યાનો યોજાયા હતા આ શિબિરસફળ બનાવવા માટે અને કાર્યક્રમનું આયોજન માટે કોલેજના આચાર્ય ડો કમલ છાયા ના માર્ગદર્શન રાષ્ટ્રીય સેવા યોજનાના પ્રોગ્રામ ઓફિસર અશ્વિનકુમાર પરમારે ખૂબ જ હેમત ઉઠાવી શિબિર ને સફળ બનાવી હતી.

# જૂનાગઢ સ્થાનકવાસી જૈન સંઘની ચૂંટણીમાં હિતેશ સંઘવીની પેનલનો જંગી બહુમતીથી વિજય

## પ્રમુખ હિતેશ સંઘવીની સેવાકાર્યોની કદર રૂપે ટીમને અપાવી જીત



**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢમાં રવિવારે જુનાગઢ સ્થાનકવાસી જૈન સંઘની ખૂબ જ શાંતિપૂર્ણ માહોલમાં પરંતુ રસાકસી ભરી ચૂંટણી યોજાઈ હતી, જેમાં જુનાગઢ સમસ્ત જૈન સંઘના કોઈપણ સભ્યોને કોઈપણ જાતની મુશ્કેલી હોય ત્યારે તેઓ ખડે પગે ઊભા રહેતા, જીવદયા પ્રેમી તથા માંગનાથ રોડ વેપારી એસોસિએશનના ઉપપ્રમુખ હિતેશભાઈ સંઘવીની પેનલની જંગી બહુમતીથી જીત થયેલ છે.

રવિવારે સ્થાનકવાસી જૈન સંઘ જૂનાગઢની કારોબારી સભ્ય માટેની સ્થાનકવાસી જૈન સંઘ એ.સી. વિજયા વાડી, મહેતા નિદાન કેન્દ્ર પાસે સવારના ૮ થી બપોરના ૧ વાગ્યા સુધી ચૂંટણી યોજાઈ હતી, જેમાં સમાજના કુલ ૪૨ ઉમેદવારોએ દાવેદારી નોંધાવી હતી, ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ, મત ગણતરી હાથ ધરાઈ હતી, જેમાં સંઘવી હીતેશભાઈ વસંતલાલ, અવલાણી કમલેશભાઈ શરદચંદ્ર, મોદી ધર્મેન્દ્રભાઈ શશીકાંતભાઈ, શાહ વિમલભાઈ જયંતીલાલ, માવાણી હિરેનભાઈ રમણીકલાલ, દોશી લલીતભાઈ વૃજલાલ, સંઘવી યશભાઈ હિતેશભાઈ, દોશી કેતનભાઈ ક્રષ્ણકાંતભાઈ, કોઠારી ધર્મેશભાઈ ઈશ્વરલાલ, કોઠારી જયેશભાઈ જયંતીલાલ, અવલાણી અશ્વિનભાઈ શાંતિલાલ, મોદી અમિતભાઈ ધીરજલાલ, શાહ રાજેન્દ્રભાઈ વાડીલાલ, કામદાર બીપીનભાઈ પ્રભુદાસભાઈ, ખેતાણી વિપુલભાઈ દલપતરાય, ચોકસી કેતનભાઈ કીરીટભાઈ, અવલાણી ભાવેશભાઈ દલીચંદભાઈ, સંઘાણી રૂપેશભાઈ સુરેશભાઈ, દોશી રાજેન્દ્રભાઈ છગનલાલ, અવલાણી નૈમિષભાઈ અશોકભાઈ, ઉદાણી મહેન્દ્રભાઈ પ્રવીણભાઈ વિજેતા જાહેર થયા હતા.

સ્થાનકવાસી જૈન સંઘ જૂનાગઢની ચૂંટણીના પરિણામ જાહેર થતાં, હિતેશભાઈ સંઘવીની પેનલના ૧૨ ઉમેદવારો વિજેતા જાહેર થતાં હિતેશભાઈ સંઘવી અને તેમની પેનલના વિજેતાઓને સમાજના અગ્રણીઓ, માંગનાથ રોડ વેપારી એસોસિએશન તથા વેપારીઓ દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

હિતેશભાઈ સંઘવી ગત ટ્રમમાં પણ સંઘના પ્રમુખ હતા, અને ત્યારે ચૂંટણી થઈ ના હતી, પરંતુ સમરસ કારોબારી નિયુક્ત થઈ હતી, અને હિતેશભાઈ સંઘવીની સંઘના પ્રમુખ તરીકે પસંદગી થઈ હતી, અને તેમના કાર્યકાળ દરમિયાન સંઘ માટે અનેક સુંદર કાર્યો કર્યા હતા, અને તેમની આ સફળ કામગીરી બદલ સંઘના સભ્યો દ્વારા તેમને તથા તેમની ટીમને વિજય મળ્યો હતો, ત્યારે હિતેશભાઈ સંઘવી એ જણાવ્યું હતું કે, આ સેવાની જિત થય છે.

### વિશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટ દ્વારા

# બગસરાના મોટા માંડવડા ગામે દડિયા પરિવારના સહયોગથી મેડિકલ સાધન સહાય સેન્ટરનો પ્રારંભ



**અબતક, સમીર વિરાણી, બગસરા**

બાળ કેળવણી મંદીર બગસરાની ભગીની સંસ્થા, વિશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટ બગસરા દ્વારા મોટા માંડવડા ગામે આઠમું મેડીકલ સાધન સેવા સહાય સેન્ટર નો શુભારંભ કરવામાં આવેલ છે. બગસરા તાલુકાના જુના ઝાંઝરીયા, જુની હળિયાદ હામાપુર હડાળા સાપર, નાઝાપુર અને મોટા લીલીયા તાલુકાના ઈંગોરાળા ગામે દડિયા પરીવાર ના સહયોગથી સરસ આરોગ્ય સેવા ચાલી રહી છે. બગસરા ના વતની અને હાલ મુંબઈ નિવાસી કિશોરભાઈ હરીભાઈ દડીયા એક સાચા અર્થમાં સેવાના ભેખધારી છે. કિશોરભાઈના સ્નેહી અને બગસરાના વતની અનીલભાઈ અને દિનેશભાઈ દડીયા અમેરિકાના આર્થિક સહયોગથી, માતુશ્રી કંચનબેન ખીમચંદભાઈ દડિયાના સ્મરણાર્થે, રામબાપુ રસોઈઘર મોટા માંડવડા ગામે, સમસ્ત ગ્રામજનોની ઉપસ્થિતિમાં એક નૂતન મેડીકલ સાધન સહાય સેન્ટરનો શુભારંભ કરવામાં આવેલ છે.

# સુરેન્દ્રનગર વણીક રાજનૈતિક ચેતના મંચની પ્રથમ બેઠક મળી

## સામુહિક ચર્ચામાં સક્ષમ આગેવાનને પ્રતિનિધિત્વ સોંપવા લેવાયો નિર્ણય



**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

નવનાત વણિક સમાજ ના આગેવાનો તથા વ્યાપારી મહામંડળના પ્રતિનિધીઓ તથા સેવાકીય સંસ્થાના હોદેદાર ભાઈઓ અને બહેનો સારી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર સૌરાષ્ટ્ર અને ગુજરાતના શહેરો અને જીલ્લામાં જે રીતે ખુલ્લા મંચમાં દરેકના વિચાર વિમર્શ જાણી મુકત મને નિખાલસ ચર્ચાઓ કરવામાં આવી હતી એ પધ્ધતી થી અહીં સુરેનૂદ્ર નગર શહેર માં પણ ચર્ચા કર્યા બાદ બહુમત સાથેએ વિચારને પ્રાધાન્ય આપવાનું ઠરાવવામાં આવ્યું કે જે વિચાર થકી જો કોઈ પણ પક્ષ નવનાત વણિક સમાજનાં સક્ષમ અને યોગ્ય પ્રતિનિધીને ઉમેદવાર તરીકે ફાઈનલ કરશે તો સમાજ તે ઉમેદવારને પુરે પુરું સમર્થન આપશે અને તેઓની પસંદગી યોગ્ય થઈ છે તે સાબીત કરવાનો પ્રયત્ન કરશે અને તેને વિજેતા બનાવવામાં સમગ્ર સમાજ ખડે પગે ઉભો રહેશે.

### મેરે ભારત કા બચ્ચા-બચ્ચા, જય જય શ્રી રામ બોલેગા

# ધ્રોલના રાજમાર્ગો પર કાલે મર્યાદા પુરૂષોત્તમની ભવ્ય શોભાયાત્રા

**અબતક, સંજય ડાંગર, ધ્રોલ**

સનાતન ધર્મના આસ્થાના પ્રતીક અને મર્યાદા પુરુષોત્તમ પ્રભુ શ્રી રામના જન્મોત્સવ 'શ્રી રામનવમી'ના પાવન અવસરને વધાવવા માટે ધ્રોલ નગરી થનગની રહી છે. આવતીકાલે ધ્રોલ ખાતે હિન્દુ સેના દ્વારા એક અત્યંત ભવ્ય અને શિસ્તબધ્ધ શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. "મેરે ભારત કા બચ્ચા-બચ્ચા, જય જય શ્રી રામ બોલેગા..." ના નાદ સાથે સમગ્ર પંથકને રામમય બનાવવાની તૈયારીઓ તેજ કરી દેવામાં આવી છે. ધ્રોલ ખાતે હિન્દુ સેના દ્વારા એક ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. "સંસ્કાર, સેવા, સંયમ, સ્વાભિમાન અને સુરક્ષા" ના પવિત્ર મંત્ર સાથે નીકળનારી આ શોભાયાત્રા ધ્રોલના રાજમાર્ગો પર આસ્થાનું કેન્દ્ર બનશે. આ શોભાયાત્રાનું પ્રસ્થાન આંબા ભગતની જુની જગ્યા, દરબારગઢ પાસે, ધ્રોલ ખાતેથી બપોરે ૪:૦૦ કલાકે થશે. શોભાયાત્રાની પૂર્ણાહુતિ બાદ તમામ ભક્તો માટે મહાપ્રસાદનું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું છે. હિન્દુ સેના ધ્રોલ આયોજિત આ ભવ્ય શોભાયાત્રામાં જોડાવા માટે ધ્રોલના તમામ રામભક્તોને સહપરિવાર, મિત્રમંડળ અને સગા-સ્નેહીઓ સાથે પધારવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આ સાથે જ આયોજકો દ્વારા ધ્રોલના તમામ વેપારી મિત્રોને ખાસ નમ્ર વિનંતી કરવામાં આવી છે કે, આ પાવન દિવસે પોતાના વ્યવસાયિક એકમો બંધ રાખી ભકિતમય વાતાવરણમાં સહભાગી થાય અને શોભાયાત્રામાં જોડાઈને ધર્મલાભ લે. ભગવાન શ્રી રામના જયઘોષ સાથે સમગ્ર ધ્રોલ નગરી રામમય બનવા જઈ રહી છે. આ કાર્યક્રમ અંગે વધુ વિગત માટે નિમંત્રક હિન્દુ સેના, ધ્રોલ (મો. ૯૯૦૯૦ ૫૦૭૦૦) નો સંપર્ક કરી શકાય છે તેમ યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# ઉપલેટા: નોબલહુડ સ્કુલમાં એવોર્ડ સેરેમની ઉજવાઈ



**અબતક, કિરીટ રાણપરીયા, ઉપલેટા**

નોબલહૂડ સ્કૂલ, ઉપલેટા દ્વારા શૈક્ષણિક સત્ર ૨૦૨૫-૨૬ માટે તાજેતરમાં ભવ્ય એવોર્ડ સેરેમનીનું આયોજન ઉત્સાહ અને ગૌરવ સાથે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓની શૈક્ષણિક તેમજ સહ-પાઠ્ય પ્રવૃત્તિઓમાં પ્રાપ્ત સિદ્ધિઓને સન્માનિત કરવામાં આવી હતી અને તેમના પ્રતિભાનું સુંદર પ્રદર્શન જોવા મળ્યું હતું.

કાર્યક્રમનું સફળ આયોજન શિક્ષકમંડળના સુયોગ્ય આયોજન, સમર્પણ અને ટીમવર્કનું ઉત્તમ પ્રતિબિંબ હતું. આકર્ષક એન્કરિંગ, સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમો અને સુવ્યવસ્થિત આયોજનને કારણે સમગ્ર કાર્યક્રમ યાદગાર બન્યો હતો.

આ કાર્યક્રમને સફળ બનાવવા શાળાના ચેરમેન ભરતભાઈ વઘાસિયા, ઈંગ્લિશ મિડિયમ પ્રિન્સિપાલ હિતેન રાઠોડ તથા ગુજરાતી મિડિયમ પ્રિન્સિપાલ ભરત સોલંકી ના માર્ગદર્શન અને સહકારનું મહત્વપૂર્ણ યોગદાન રહ્યું હતું. શાળાના મેનેજમેન્ટ દ્વારા તમામ શિક્ષકો અને સ્ટાફના નોંધપાત્ર સહકાર અને સમર્પણ બદલ હાર્દિક આભાર વ્યક્ત કરવામાં આવ્યો.

# ગોંડલમાં ફોરેસ્ટ યુથ કલબ દ્વારા વિશ્વ કવિતા દિવસની ઉજવણી

## વિદ્યાર્થિનીઓએ કવિતા પઠન કર્યું, વિજેતાઓને ભેટ અપાઈ



**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ગોંડલ ફોરેસ્ટ યુથ કલબ અને સાહિત્ય વર્તુળ સંસ્થા દ્વારા વિશ્વ કવિતા દિવસ ની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી.

સરસ્વતી શિશુ મંદિર સ્કૂલ ના પ્રાર્થના ખંડ ખાતે ઓપન ગોંડલ ધોરણ ૭ થી ૧૨ ના વિધાર્થી ભાઈ બહેનો માટે સ્વરચિત અથવા કોઈપણ લેખક ની કવિતા નું કવન પઠન કરવા ના આયોજન માં ભાગ લેનાર સ્પર્ધકોએ સ્વરચિત અને નામી અનામી કવિઓની કવિતા ની સફળ રજૂઆત કરી હતી.

કવિતા કવન પઠન કરનાર શ્રેષ્ઠ ત્રણ સ્પર્ધકો વિદિશા વ્યાસ, હીરવા વાજા અને યજ્ઞદેવ હુંબલ ને વોટર બોટલ,રોકડ ઈનામ,સર્ટિફિકેટ, પુસ્તક તથા બોલપેન ની ભેટ આપવામાં આવેલ. તેમજ સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને વોટબોટલ, બોલપેન, રોકડ પુરસ્કાર અને સર્ટિફિકેટ ડો.દીપક લંગાલિયા, આર. ડી. મહેતા, યોગેન્દ્રસિંહ ઝાલા, વીરભદ્રસિંહ જાડેજા, કિશોર ધડુકના હસ્તે ભેટ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

વિશ્વ કવિતા દિવસ ઉજવણી કાર્યક્રમ માં તમામ વિધાર્થીઓને ડો. લક્ષિત સાવલિયા ક્રિષ્નમ ચેરી. ટ્રસ્ટ તરફથી સર્ટિફિકેટ,સાહિત્ય વર્તુળ તરફથી વોટર બોટલ,ધીરજલાલ બુધ્ધદેવ તરફથી રોકડ પુરસ્કાર,સંકેત જેઠવા તરફથી તેમના દ્વારા રચીત પુસ્તક, વિરભદ્રસિંહ જાડેજા અને આર.ડી.મહેતા તરફથી બોલપેન અને પુસ્તક ભેટ આપવામાં આવ્યા હતા.

કાર્યક્રમ અન્વયે ડો.દીપક લંગાલિયા,વીરભદ્રસિંહ જાડેજા અને રાજેશભાઈ મહેતા અને યોગેન્દ્રસિંહ ઝાલા દ્વારા પ્રાસંગિક પ્રવચન આપવામાં આવ્યું.સ્પર્ધાના કવન પઠન ના નિર્ણાયક તરીકે

મહિલા કોલેજ નાં વાઈસ પ્રિન્સિપાલ ડો.આશાબેન પંડ્યા તથા સરકારી શાળા નાં પ્રિન્સિપાલ રાજેશભાઈ મહેતા એ સેવાઓ આપી હતી. કાર્યક્રમ નું સંચાલન હિતેશ દવે અને ગૌરાંગ ત્રિવેદી એ કર્યુ હતું.

આ તકે સરસ્વતી શિશુ મંદિર સ્કૂલ ના પ્રધાન આચાર્ય યોગેન્દ્રસિંહ ઝાલા ને હિતેષભાઈ દવે તરફથી પાણી બચાઓ ના પોસ્ટર ની ભેટ આપવામાં આવી હતી.

નાણાંની ટંકશાળ સર્જતું ક્રિકેટ ફક્ત રમત રહ્યું નથી

# ફક્ત ૮ વર્ષમાં અધધ ૧૪૯૫ ટકાના ગ્રોથ સાથે આરસીબીને ટાઈમ્સ-બિરલા ગ્રુપે ખરીદ્યું

## આર્યમન વિક્રમ બિરલાને આરસીબીના ચેરમેન તરીકે જ્યારે ટાઈમ્સ ઈન્ટરનેટના ચેરમેન સત્યન ગજવાની વાઈસ-ચેરમેન તરીકે સેવા આપશે

**અબતક, રાજકોટ**

નાણાંની ટંકશાળ સર્જતું ક્રિકેટ ફક્ત રમત રહ્યું નથી કેમ કે ફક્ત ૮ વર્ષમાં અધધ ૧૪૯૫ ટકાના ગ્રોથ સાથે આરસીબીને ટાઈમ્સ-બિરલા ગ્રુપે ખરીદું લીધું છે.તાજેતરમાં જ રાજસ્થાન રોયલ્સે સૌથી મોંઘી ટીમ બનવાનો રેકોર્ડ બનાવ્યો હતો, પરંતુ હવે ગત વર્ષની ચેમ્પિયન ટીમ રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ આ રેકોર્ડ તોડી નાખ્યો છે. અબજોપતિ ઉદ્યોગપતિ કુમાર મંગલમ બિરલાના નેતૃત્વવાળા 'આદિત્ય બિરલા ગ્રુપ' અને અન્ય રોકાણકારોના કન્સોર્ટિયમે ૧.૮ બિલિયન ડોલર એટલે કે આશરે ૧૬૮૯૬ કરોડ રૂપિયાની રેકોર્ડ-બ્રેકિંગ ડીલમાં આરસીબીને ખરીદી લીધી છે. આ સાથે જ આરસીબી હવે આઈપીએલ ના ૧૮ વર્ષના સમૃદ્ધ ઈતિહાસમાં વેચાયેલી અત્યાર સુધીની સૌથી મોંઘી ફ્રેન્ચાઈઝી બની ગઈ છે.

આ ઐતિહાસિક ડીલમાં માત્ર આદિત્ય બિરલા ગ્રુપ જ એકલું નથી. કેટલાક અહેવાલો મુજબ, આ કન્સોર્ટિયમ (ગ્રુપ) માં અમેરિકાના જાણીતા સ્પોર્ટ્સ રોકાણકાર ડેવિડ બ્લિટ્ઝર, યુએસ પ્રાઈવેટ ઈક્વિટી ફર્મ 'બ્લેકસ્ટોન' અને ભારતની પ્રખ્યાત મીડિયા કંપની 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા' નો પણ સમાવેશ થાય છે. આ અગાઉ, કાલ સોમાણીની આગેવાનીવાળા ગ્રુપે ૧.૬૩ બિલિયન ડોલર (લગભગ ૧૫૩૦૦ કરોડ રૂપિયા) માં રાજસ્થાન રોયલ્સ ખરીદી હતી, પરંતુ આરસીબીની ૧.૮ બિલિયન ડોલરની ડીલે તે રેકોર્ડ પણ તોડી નાખ્યો છે.




નોંધનીય છે કે, આખી દુનિયાના ક્રિકેટ ઈતિહાસમાં આ અત્યાર સુધીનું સૌથી મોટું વેચાણ છે.આઈપીએલના ઈતિહાસમાં આરસીબી અને રાજસ્થાનએ બે જ એવી ટીમો બની છે જે ૧ અબજ ડોલરથી વધુની કિંમતે વેચાઈ હોય. આ પહેલા વર્ષ ૨૦૨૨ માં સંજીવ ગોએન્કાએ લખનૌ સુપર જાયન્ટ્સને ૯૪૦ મિલિયન ડોલર (તે સમયના ૭૦૫૦ કરોડ રૂપિયા) માં ખરીદી હતી. એવું જાણવા મળ્યું છે કે આદિત્ય બિરલા ગ્રુપ અગાઉ રાજસ્થાન રોયલ્સ ખરીદવાની રેસમાં પણ હતું. પરંતુ ગયા અઠવાડિયે જ તેમણે આરસીબી માટે વિજેતા બોલી લગાવીને બાજી મારી લીધી હતી.

હવે આ નવું ગ્રુપ ડ્રિંક્સ કંપની 'ડિયાજીઓ' (જેની પેટાકંપની યુનાઈટેડ સ્પિરિટ્સ છે) નું સ્થાન લેશે, જે અત્યાર સુધી આરસીબીની માલિકી ધરાવતી હતી. વર્ષ ૨૦૦૮ માં જ્યારે આઈપીએલ ની પહેલી સિઝન શરૂ થઈ ત્યારે આરસીબીને ૧૧.૬ મિલિયન ડોલર (તે સમયના વિનિમય દર મુજબ ૪૪૬ કરોડ રૂપિયા) માં ખરીદવામાં આવી હતી અને તે બીજી સૌથી મોંઘી ટીમ હતી. આજે ૧૮ વર્ષ પછી આ ડીલ સાબિત કરે છે કે ટીમની કિંમતમાં ૧૬ ગણો જંગી વધારો થયો છે.

### આરસીબીને "વિરાટ" બનવવામાં કોહલીનું મહત્વપૂર્ણ યોગદાન

રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (આરસીબી) અને વિરાટ કોહલીનું નામ આજે એકબીજા સાથે અવિભાજ્ય બની ગયું છે. જ્યારે પણ આરસીબીની વાત આવે છે, ત્યારે વિરાટ કોહલીની છબી તરત જ મનમાં આવી જાય છે. આરસીબીને વિરાટ બનાવવામાં, એટલે કે ટીમને એક આઈકોનિક બ્રાન્ડ અને વિશ્વસ્તરીય ઓળખ આપવામાં વિરાટ કોહલીનું યોગદાન અત્યંત મહત્વપૂર્ણ છે. ૨૦૦૮માં આઈપીએલની શરૂઆતથી જ તેઓ આ ફ્રેન્ચાઈઝી સાથે જોડાયેલા છે અને ૧૮ વર્ષથી વધુના આ લાંબા પ્રવાસમાં તેમણે માત્ર રન જ નહીં, પરંતુ ટીમને એક અનોખી ઓળખ અને ભાવનાત્મક જોડાણ આપ્યું છે.વિરાટનું યોગદાન માત્ર બેટિંગ સુધી મર્યાદિત નથી.તેઓ ટીમમાં એક લીડર, મોટિવેટર અને એનર્જીનો સ્રોત છે.૨૦૨૫ની આઈપીએલમાં આરસીબીએ પોતાની પ્રથમ ટાઈટલ જીતી ત્યારે વિરાટ કોહલીનું યોગદાન અમૂલ્ય હતું. તેમણે ૧૫ મેચમાં ૬૫૭ રન બનાવ્યા, જેમાં સરેરાશ ૫૪.૭૫ અને સ્ટ્રાઈક રેટ ૧૪૪.૭૧ હતો. આ પ્રદર્શનથી ટીમને ફાઈનલ સુધી પહોંચવામાં મદદ મળી અને અંતે ટ્રોફી મળી. વિરાટે ૧૮ વર્ષની મહેનત, ઉતાર-ચઢાવ અને અથાગ પ્રયાસ પછી આ સફળતા મેળવી.



### ફિનિક્સ પક્ષીની જેમ રાખમાંથી ઉડતું રોયલ ચેલેન્જ બેંગ્લોર "આકાશ"ને આંબ્યુ!!!

આરસીબીની સફર ક્યારેય સરળ નહોતી. ૨૦૦૮થી શરૂ થયેલી આ ફ્રેન્ચાઈઝી વિરાટ કોહલી, એબી ડિવિલિયર્સ, ક્રિસ ગેલ જેવા મહાન ખેલાડીઓ સાથે પણ ટ્રોફીની નજીક પહોંચીને વારંવાર હાથમાંથી સરકી જતી. પ્લેઓફમાં પહોંચવું, ફાઈનલ સુધી પહોંચવું પણ છેલ્લી લાઈનમાં હારી જવું. આ રીતે ૧૮ સીઝન વીતી ગઈ. પરંતુ ૨૦૨૫માં બધું બદલાઈ ગયું.રજત પટીદારની કેપ્ટન્સી હેઠળ, વિરાટ કોહલીના અનુભવ, જોશ હેઝલવુડની બોલિંગ અને ટીમના સંપૂર્ણ સંતુલન સાથે આરસીબીએ પંજાબ કિંગ્સને હરાવીને ૬ રને ઐતિહાસિક વિજય મેળવ્યો.આજે આરસીબી ફરી એક વખત આકાશને આંબવા માટે તૈયાર છે. ફિનિક્સ પક્ષીની જેમ ઊડતું આ ટીમ હવે પોતાની વારસાને વધુ ઊંચા સ્તરે લઈ જશે.

### દિવગંત ક્રિકેટ ફેન્સને લઈ ચિદમ્બરમમાં ૧૧ સીટ ખાલી રહેશે

આઈપીએલની ૧૯મી સીઝન શરૂ થાય તે પહેલાં, રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ ફ્રેન્ચાઈઝે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. ફ્રેન્ચાઈઝે ગયા વર્ષે ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં થયેલી ભાગદોડમાં મૃત્યુ પામેલા ૧૧ લોકોના સન્માનમાં આ મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. ૪ જૂન, ૨૦૨૫ ના રોજ આરસીબીના પ્રથમ આઈપીએલ ટાઈટલ જીતના ઉજવણી દરમિયાન થયેલી ભાગદોડમાં જીવ ગુમાવનારા ૧૧ લોકોની યાદમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. સિઝન શરૂ થાય તે પહેલાં ફ્રેન્ચાઈઝે ઘણા મહત્વપૂર્ણ નિર્ણયો લીધા છે.દરેક મેચ દરમિયાન ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં ૧૧ બેઠકો ખાલી રહેશે. ૪ જૂનના રોજ, ચિન્નાસ્વામી સ્ટેડિયમની બહાર મોટી ભીડ વચ્ચે એક દુઃખદ ઘટના બની, જેનાથી સમગ્ર ક્રિકેટ જગત ચોંકી ગયું. નિર્ણયના ભાગ રૂપે, ફ્રેન્ચાઈઝે સામાન્ય દર્શકો માટે સ્ટેડિયમના મુખ્ય સ્ટેન્ડમાંથી ૧૧ બેઠકો દૂર કરવાનો નિર્ણય લીધો છે. આ બેઠકો હવે કબજે કરવામાં આવશે નહીં અને આઈપીએલ અને આંતરરાષ્ટ્રીય મેચ સહિત દરેક મેચ દરમિયાન ખાલી રહેશે. આરસીબીના આ પગલાની વ્યાપક પ્રશંસા થઈ રહી છે.

# મયુર ડાયકેમમાં આઈ.ટી.ની તપાસમાં રૂ. ૫૦ કરોડનો દલ્લો પકડાયો

## ૪૦ કરોડના દાગીના અને ૧૦ કરોડની રોકડ કબ્જે ,સંજય પટેલને ત્યાંથી ૩૩ દારૂની બોટલ મળી આવી

**અબતક,રાજકોટ**

અમદાવાદમા ગત સપ્તાહે મયુર ડાયકેમના માલિક મયુર પટેલ અને તેના ભાગીદાર સંજય પટેલને ત્યાં આવકવેરા વિભાગે દરોડા પાડ્યા હતા. આ તપાસ હજુ ચાલી રહી છે. આઈ ટી ને આ તપાસ દરમયાન ૪૦ કરોડના દાગીના અને રૂપિયા ૧૦ કરોડની રોકડ મળી આવી છે જે કબ્જે લેવામાં આવી છે. આ ઉપરાંત સંજય પટેલ ને ત્યાંથી ૩૩ બોટલ દારૂ મળી આવતા તે કબ્જે લેવાઈ છે અને પોલીસે આ પ્રકરણમાં તપાસ શરૂ કરી છે.આ અંગે આવકવેરાના અધિકારીના જણાવ્યા મુજબ મયુર ડાયકેમ પેઢીમાં ટેક્સ ચોરી થતી હોવાની આવકવેરાને મહિતી મળી હતી. જેના આધારે આ તપાસ કરવામાં આવી હતી. આ સર્ચ ઑપરેશનમા આવક વેરા ને ટેક્સ ચોરી ઝડપી લેવામાં સફળતા મળી છે.વટવા જીઆઈડીસીમાં આવેલી મયુર ડાયકેમ કંપનીની ઓફિસ, રહેણાંક અને ફેક્ટરી પર ૧૦૦થી વધુ પોલીસ જવાનોના ચુસ્ત બંદોબસ્ત સાથે આઈટીની તપાસ કરવામાં આવી હતી.આ દરોડામા કંપનીના માલિક મયુર પટેલ, તેમના ભાગીદારો અને સ્વજનોના અમદાવાદ તેમજ વડોદરાના પાદરા સ્થિત નિવાસસ્થાનો પર પણ આઈ ટી ના અધિકારીઓ પહોંચ્યા હતા.તપાસ દરમિયાન મોટા પ્રમાણમાં બિનહિસાબી રોકડ રકમ અને સોના-ચાંદીના દાગીના મળી આવ્યા છે, અને આ ઉપરાંત અનેક બેંક લોકર્સ પણ સીલ કરવામાં આવ્યા છે.

### ડિજિટલના ડેટા અને ડાયરીમાંથી શંકાસ્પદ વ્યવહારો મળી આવ્યા

મયુર ડાયકેમની કંપનીની પ્રાથમિક તપાસમાં જ કરોડો રૂપિયાના એવા વ્યવહારો મળી આવ્યા છે જેનો કોઈ હિસાબ કંપનીના ચોપડે નથી.આ ઉપરાંત ડિજિટલ ડેટા અને ડાયરીઓમાંથી મળેલી અનેક શંકાસ્પદ વ્યવહારો મળી આવ્યા છે. આ વિગતોના આધારે અધિકારીઓ અત્યારે મયુર પટેલ અને તેમના ભાગીદારોની પૂછપરછ કરી રહ્યા છે. આ દરોડામા હજુ અન્ય લોકો-ટેકસ ચોરોને ત્યાં આવકવેરાના અધિકારીઓ તપાસ હાથ ધરે તેવી સંભાવના છે.

### ટેક્સ બચાવવા બોગસ બીલો બનાવ્યા હોવાની અને હવાલા એન્ટ્રી પાડી હોવાની સંભાવના

મયુર ડાયકેમ ખાસ પ્રકારના કેમિકલનું ઉત્પાદન કરે છે અને મોટા પાયે વિદેશમાં નિકાસ કરે છે. આઈટી વિભાગ અત્યારે ખાસ કરીને કંપની દ્વારા કેટલી નિકાસ કરવામાં આવી અને તેના બદલામાં કેવી રીતે પેમેન્ટ મેળવવામાં આવ્યું તેની એક્સપોર્ટ એન્ટ્રીઓ તેમજ ટેક્સ બચાવવા માટે બોગસ બિલો કે હવાલા એન્ટ્રીઓ પાડવામાં આવી હોવાની પણ સભાવના છે. આ દિશામાં તપાસ ચાલી રહી છે. આ સાથે જ, ગુજરાતના અન્ય મોટા કેમિકલ ઉત્પાદકો અને વેપારીઓ પણ મયુર ડાયકેમ સાથે સીધા સંકળાયેલા હોવાની વિગતો સામે આવી રહી હોવાથી આગામી સમયમાં આ તપાસનો વ્યાપ વધુ વધી શકે તેવી શક્યતા છે.


# એમેઝોનના સ્થાપક જેફ બેઝોસના પૂર્વ પત્ની મેકેન્ઝી યુનિવર્સિટીને રૂ.૩૫૦ કરોડનું કર્યુ દાન

## જેફ બેઝોસ અને એલોન મસ્ક જેવા અબજોપતિઓના કુલ દાન કરતા પણ મેકેન્ઝી સ્કોટે વધુ રકમ આપી

**અબતક નવી દિલ્હી**

વિશ્વની દિગ્ગજ ઈ-કોમર્સ કંપની એમેઝોનના સ્થાપક જેફ બેઝોસના પૂર્વ પત્ની અને જાણીતા પરોપકારી મેકેન્ઝી સ્કોટે ફરી એકવાર પોતાની ઉદારતાથી દુનિયાને ચોંકાવી દીધી છે. મેકેન્ઝી સ્કોટે એલિઝાબેથ સિટી સ્ટેટ યુનિવર્સિટી ને ૪૨ મિલિયન ડોલર આશરે ₹૩૫૦ કરોડનું રેકોર્ડબ્રેક દાન આપવાની જાહેરાત કરી છે.

એમેઝોનમાં પોતાના હિસ્સાનો મોટો ભાગ વેચ્યા બાદ મેકેન્ઝી સતત સામાજિક કાર્યોમાં મોટું યોગદાન આપી રહ્યા છે. યુનિવર્સિટીના ચાન્સેલર એસ. કીથ હરગ્રોવના જણાવ્યા અનુસાર, કોઈપણ 'હિસ્ટોરિકલી બ્લેક કોલેજ એન્ડ યુનિવર્સિટી' ને અત્યાર સુધીમાં મળેલું આ સૌથી મોટું પ્રતિ-વિદ્યાર્થી દાન છે. આ રકમ ૨૦૨૦માં આ જ યુનિવર્સિટીને મળેલી સહાય કરતા લગભગ ત્રણ ગણી વધારે છે. આ દાન એવા સમયે આવ્યું છે જ્યારે યુનિવર્સિટી પોતાનો પાંચ વર્ષનો વ્યૂહાત્મક પ્લાન લોન્ચ કરી રહી છે.



મેકેન્ઝી સ્કોટે વર્ષ ૨૦૧૯માં જેફ બેઝોસ સાથેના છૂટાછેડા બાદ અત્યાર સુધીમાં ૨,૫૦૦ થી વધુ સંસ્થાઓને કુલ ૨૬.૪ બિલિયનડોલર નું દાન કર્યું છે. માત્ર ૨૦૨૫ ના વર્ષમાં જ તેમનું દાન ૭.૨ બિલિયન ડોલર સુધી પહોંચી ગયું છે. નવાઈની વાત એ છે કે, આ આંકડો એલોન મસ્ક, લેરી પેજ અને તેમના પૂર્વ પતિ જેફ બેઝોસના જીવનભરના કુલ દાન કરતા પણ વધારે છે.

જોકે, મેકેન્ઝીના આ દાન કરવાની પદ્ધતિની ટીકા પણ થઈ રહી છે. તાજેતરમાં ટેક જગતના અગ્રણી ગેરી ટેને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર આ દાનને 'ખરાબ' ગણાવ્યું હતું. તેમણે દલીલ કરી હતી કે યોગ્ય દેખરેખ વગર આટલી મોટી રકમ આપવાથી ગેરવહીવટ અને અરાજકતા ફેલાઈ શકે છે. વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ એલોન મસ્કે પણ આ વાતમાં સૂર પુરાવતા ગેરી ટેનની પોસ્ટ પર સહમતી દર્શાવી હતી.

# ગોંડલમાં મકાનમાં જુગાર રમતા છ ઝડપાયા : એકની શોધખોળ

## રૂ.૧.૯૦ લાખનો મુદ્દામાલ એલ સી બીએ કર્યો કબ્જે

**અબતક, રાજકોટ**

ગોંડલમાં આવેલા વેરી દરવાજા પાસે મકાનમાં મકાનમાં ચાલતા જુગાર ધામ પર રાજકોટ ગ્રામ્ય એલસીબી ની ટીમે દરોડો પાડી, જુગાર રમતા છ શખ્સોને ઝડપી લઈએ,જુગારના પટમાંથી રોકડ,ચાર મોબાઈલ અને બે બાઈક મળી રૂ ૧.૯૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. જ્યારે દરોડા દરમિયાન એક શખ્સ નાશી જતા તેની શોધ ખોળ હાથ ધરી છે.

પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ગ્રામ્ય એલસીબી ની ટીમ ગોંડલ શહેર વિસ્તારમાં પેટ્રોલિંગમાંથી તે દરમિયાન તેઓને બાકી મળી હતી કે, વેરી દરવાજા પાસે આવેલ બેઠી ધાબી પાસે રહેતો દિલાવર ઉર્ફે દિલો કાદરભાઈ ઠેબા નામનો શખ્સ તેના મકાનમાં જુગાર નો અખાડો ચલાવી રહ્યો છે. બાતમીના પગલે



એલસીબી ની ટીમ જુગાનો દરોડો પાડી જુગાર રમતો દિલાવર ઉર્ફે દિલો કાદરભાઈ ઠેબા, રવિ ભુપતભાઈ દુદાણી, રાજકોટનો અશોકભાઈ શંભુભાઈ જોતાંગીયા , મનોજ વેરાવણભાઈ સુવા અને ઉમેશ પરબતભાઈ ચંદ્રવાડીયા નામના શખ્સોને ઝડપી લઈ,જુગારના પટમાંથી ૭૦ હજારની રોકડ, ચાર મોબાઈલ અને બે બાઈક મળી ૧.૯૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. દરોડા દરમિયાન દિલીપ ઉર્ફે મુન્નો જયંતીભાઈ ભાલાળા નામનો શખ્સ નાસી જતા તેની શોધ ખોળ હાથ ધરી છે. દરોડાની કામગીરી એલસીબી પીઆઇ વી વી ઓડેદરા, પીએસઆઇ કે એમ ચાવડા એચસી ગોહિલ આરવી ભીમાણી પી એન ભરવાડ એ.એસ.આઇ બાલકૃષ્ણ ભાઈ ત્રિવેદી ઈન્દ્રસિંહ જાડેજા જયવીર સિંહ રાણા અનિલભાઈ ગુજરાતી હેડ કોન્સ્ટેબલ સી રાઠોડ અને ભગીરથસિંહ જાડેજા સહિતના સ્ટાફે બજાવી છે.

જ્યારે જુગારનો બીજો દરોડો જેતપુર તાલુકા પોલીસે ડેડર વાડી રૂપાવટી જવાનો માર્ગે મા જુગારનો દરોડો પાડી, જુગ રમતા મિલન ચીમનભાઈ ચાવડા મગન રામજીભાઈ મુડીયા ચીમન રવજીભાઈ રાઠોડ સંજય ગોરધનભાઈ મકવાણા જીતેન્દ્ર ચીમનભાઈ ચાવડા અને રણજીત ઉર્ફે સિક્કી પરસોત્તમભાઈ દેદાણીયા ગામના શખ્સોને ઝડપી લઈ જુગારના પટમાંથી રૂ.૧૨ હજારની રોકડ કબ્જે કરી છે.

# અમરેલી ગેંગરેપના ફરાર કેદી ઝડપાયા

## રાજકોટ મધ્યસ્થ જેલમાંથી ફર્લો રજા બાદ ફરાર હતો કેદી

**અબતક, હર્ષ ઠાકર અમરેલી**

રાજકોટ મધ્યસ્થ જેલમાંથી ફર્લો રજા પર છૂટ્યા બાદ સમયસર જેલમાં હાજર ન થતા ફરાર થયેલા ગેંગરેપના ગુનામાં સજા ભોગવી રહેલા પાકા કામના કેદીને અમરેલી પોલીસની પેરોલ-ફર્લો સ્કવોર્ડે ઝડપી પાડ્યો છે.રાજકોટ ગેંગરેપનો. ઈમરાન ઉર્ફે ઈમુ સોલંકી ઉં.વ.૩૦ નામનો કેદી ફર્લો રજા પરથી હાજર નહીં થતા અમરેલી જિલ્લા પોલીસ વડા સંજય ખરાતના માર્ગદર્શન હેઠળ અને એલ.સી.બી. પો.ઈન્સ્પેક્ટર એ.ડી. ચાવડાના માર્ગદર્શન હેઠળ પેરોલ-ફર્લો સ્કવોર્ડ દ્વારા વિશેષ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.તપાસ કરતા કેદી જેલમાં સમયસર હાજર ન થવા માટે આત્મહત્યાનો પ્રયાસ કર્યો હોવાનુ જાણવા મળ્યું હતુ તેણે બ્લેડથી પોતાના હાથની નસ કાપી નાખતા તેને સારવાર માટે અમરેલી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો અને ત્યાંથી ભાગવાની કોશિશમાં હતો. આ માહિતી મળતા જ પેરોલ-ફર્લો સ્કવોર્ડની ટીમ તાત્કાલિક હોસ્પિટલ ખાતે પહોંચી વોચ ગોઠવી ઝડપી પાડ્યો હતો.



# તેરા તુજકો અર્પણ: ધોરાજીમાં ગુમ થયેલા ૧૦ મોબાઈલ શોધી કાઢી મુળ માલીકને પરત કર્યા

**અબતક, રમણીક ટોપીયા ધોરાજી**

ધોરાજીમાં ગુમ થયેલા રૂા.૨.૧૦ લાખના ૧૦ મોબાઈલ શોધી કાઢી મુળ માલીકને સોંપેલ છે.જેઓને મોબાઈલ સોપી આપેલ છે.આ અંગેની વિગતો મુજબ નાયબ પોલીસ મહા નિરીક્ષક નિર્લિપ્ત રાય (રાજકોટ રેન્જ) તેમજ વિજયસિંહ ગુર્જર (પોલીસ અધિક્ષક રાજકોટ ગ્રામ્ય)એ સરકારના સીઈઆઈઆર પોર્ટલનો વધુમાં વધુ ઉપયોગ કરી નાગરીકોના ગુમ/ ચોરાયેલા મોબાઈલની રીકવર કરવા સુચના કરેલ હોય જે અન્વયે મદદનીશ પોલીસ અધિક્ષક સિમરન ભારદ્વાજ (ધોરાજી વિભાગ)ના માર્ગદર્શન હેઠળ ધોરાજી સીટી પોલીસ સ્ટેશનના વિસ્તારમાંથી ગુમ થયેલ મોબાઈલ ફોનની અરજીઓ આવેલ હોય જે અરજીઓ અંગે કાર્યવાહી કરી મોબાઈલ રીકવર કરવા સુચના કરેલ હોય જે અંગે પોર્ટલમાં એન્ટ્રી કરી તેના પર સતત મોનીટરીંગ રાખી જેમાંથી ગુમ થયેલ આ કુલ ૧૦ મોબાઈલ ફોનને શોધી રીકવર કરવામાં આવેલ છે.

# ગાંધીધામ: ઓનલાઈન ઠગાઈના ગુનામાં વોન્ટેડ સુરતથી ઝડપાયો

**અબતક, ભારતી માખીજાણી ગાંધીધામ**

પૂર્વ કચ્છ પોલીસ અધિક્ષક સાગર બાગમાર તરફથી સાયબર ક્રાઈમ હેઠળ બનતા ગુના અટકાવવા તથા વણશોધાયેલ ગુનાઓને શોધવા જરૂરી સુચના આપેલ હોવાથી અને છઝઘ ચલણ નામની લીંક દ્વારા મોબાઈલમાં ડેટા હેક કરી રૂપિયા ઉપાડી લેવાની ઓનલાઇન છેતરપિંડી કરવાના કિસ્સાઓ તાજેતરમાં ખુબ વધુ બનતા હોવાનુ ધ્યાને આવતા જે બાબતે ગાંધીધામ બી ડિવીઝન




પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવેલ હોવાથી જે ગુનાના ફરીયાદીને આરોપી દ્વારા મોબાઈલ મારફતે આરોપીએઆરટીઓ ચલણ નામની લીંક દ્વારા મોબાઈલ હેકીંગ કરી ફરીયાદીના ખાતામાંથી ૩,૫૯,૧૫૨/- રૂપિયાની ઓનલાઈન નાણાકીય છેતરપીંડી કરેલ હોવાથી જે ગુનામા સંડોવાયેલ આરોપીને પકડવા બાબતે ટેકનિકલ સોર્સ આધારે માહીતી પ્રાપ્ત કરી તપાસ કરતા આ ગુના કામે સંડોવાયેલ આરોપી બિક્રમ દિગમ્બર ખટાઇ સુરત શહેરના અમરોલી વિસ્તારમાં હોવાનું ધ્યાને આવતા એક પોલીસ ટીમ સુરત શહેર ખાતે મોકલી ત્યાંથી આરોપી બિક્રમ દિગમ્બર ખટાઇને પકડી પાડી તેની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# 'બ્રાસ સિટી' પર એલપીજી અછતનું ગ્રહણ: ૨૦૦૦થી વધુ પિત્તળના એકમોને લાગ્યાં તાળા

## કામદારોનું વતન તરફ પલાયન શરૂ થતા અર્થતંત્રને કરોડોનો ફટકો :ફોર્જિંગ વિભાગો બંધ થતા ઉત્પાદન સાંકળ ખોરવાઈ





વિશ્વવિખ્યાત જામનગરનો પિત્તળ ઉદ્યોગ હાલમાં ગેસના ગંભીર સંકટમાં ફસાયો છે.

એલપીજી ગેસના પુરવઠામાં સર્જાયેલી ભારે અછતને કારણે શહેરના નાના-મોટા ૮,૦૦૦ યુનિટો પૈકી અંદાજે ૨,૦૦૦ જેટલા એકમો સંપૂર્ણપણે બંધ થઈ ગયા છે, જ્યારે મોટા ઉદ્યોગોમાં પણ ઉત્પાદન ક્ષમતામાં ૩૦ થી ૪૦ ટકાનો ધરખમ ઘટાડો નોંધાયો છે. છેલ્લા ૧૦ દિવસથી ગેસના અભાવે મશીનો થંભી જતાં પિત્તળ ઉદ્યોગની આર્થિક કરોડરજ્જુ તૂટી રહી છે.

ગલ્ફ દેશોની અસ્થિરતાને કારણે દેશભરમાં એલપીજીની તંગી સર્જાઈ છે, જેની સીધી અસર જામનગરના સ્થાનિક ઉત્પાદન પર પડી છે. એક તરફ ઉત્પાદન ઠપ્પ થતા ઉદ્યોગપતિઓને નાણાકીય નુકસાન વેઠવાનો વારો આવ્યો છે, તો બીજી તરફ પરપ્રાંતિય કામદારો માટે સ્થિતિ વધુ કપરી બની છે. ગેસના અભાવે કામદારોને રસોઈ બનાવવામાં પણ મુશ્કેલી પડી રહી છે, જેના કારણે રોજગારી ગુમાવી રહેલા શ્રમિકોએ હવે વતન તરફ પલાયન કરવાનું શરૂ કર્યું છે. જો આગામી દિવસોમાં ગેસનો પુરવઠો સામાન્ય નહીં થાય, તો જામનગરનો મુખ્ય ઉદ્યોગ વધુ ગંભીર કટોકટીમાં ધકેલાય તેવી ભીતિ સેવાઈ રહી છે.

## ફોર્જિંગ યુનિટો ઠપ્પ: એસોસિએશન પ્રમુખ વૃંદાવન અજુડિયા



અબતક સાથેની વાતચીતમાં ગુજરાત બાથ ફિટિંગ મેન્યુફેકચરર્સ એસોસિયેશન પ્રમુખ, વૃંદાવન અજુડિયા જણાવ્યું હતું કે યુદ્ધની જે પરિસ્થિતિ સર્જાઈ છે, તેના લીધે હાલમાં એલપીજી ગેસનો પૂરતો જથ્થો મળવો અત્યંત મુશ્કેલ બની ગયો છે. જામનગરના પ્રખ્યાત બ્રાસ ઉદ્યોગની આર્થિક કરોડરજ્જુ સમાન 'ફોર્જિંગ' વિભાગમાં એલપીજી ગેસ મુખ્ય ઈંધણ તરીકે વપરાય છે. આ ગેસના અભાવે ફોર્જિંગ ખાતાઓ એક પછી એક ઠપ્પ થઈ રહ્યા છે, જેના કારણે સમગ્ર બ્રાસ ઉદ્યોગને કરોડો રૂપિયાનું આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. જો આ ઈંધણ કટોકટી જલ્દી ઉકેલાશે નહીં, તો નાના એકમોનું અસ્તિત્વ ટકાવવું પણ અશક્ય બની જશે."

## એલપીજીના અછતે બ્રાસ ઉદ્યોગના શ્રમિકોના ચૂલા ઠાર્યા:રાજકુમાર શીંગ



અબતક સાથેની વાતચીતમાં બ્રાસ ઉદ્યોગ સુપરવાઈઝર રાજકુમાર શીંગ જણાવ્યું હતું કે ગેસની અછતને કારણે માત્ર ઉદ્યોગ જ નહીં, પણ અહીં કામ કરતા હજારો શ્રમિકોના ઘરના ચૂલા પણ ઠરી ગયા છે. ખાસ કરીને પરપ્રાંતિય કામદારો માટે એલપીજી ગેસ વગર રસોઈ બનાવવી અશક્ય બની ગઈ છે. કામકાજ બંધ હોવાથી આવક ઘટી છે અને ઉપરથી જમવાની આ ગંભીર સમસ્યાને કારણે મજબૂર થઈને શ્રમિકો હવે જામનગર છોડીને પોતાના વતન તરફ પાછા ફરી રહ્યા છે. જો ગેસનો પુરવઠો તાત્કાલિક નહીં સુધરે, તો કારખાનાઓ ચલાવવા માટે માણસો પણ નહીં મળે.જો ગેસનો પુરવઠો તાત્કાલિક ધોરણે સામાન્ય નહીં થાય, તો આગામી દિવસોમાં ઉદ્યોગ પાસે કામ કરવા માટે કુશળ માણસોનો દુષ્કાળ સર્જાશે અને આખું બ્રાસ સિટી પાયમાલ થઈ જશે."

# ગુજરાતની ૫૫૦ આઈ.ટી.આઈ. વચ્ચેની સ્પર્ધામાં જામનગરની આઈ.ટી.આઈ. તૃતીય ક્રમે વિજેતા

## શ્રેષ્ઠ કામગીરી બદલ રાજ્ય સરકાર દ્વારા રૂ.૫ લાખનું અનુદાન પ્રાપ્ત : આઈ.ટી.આઈ.એ ૧૫૦માંથી ૧૨૭ ગુણ મેળવી જામનગરનું ગૌરવ વધાર્યું



જામનગરની સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાએ ગુજરાત રાજ્યની કુલ ૫૫૦ આઈ.ટી.આઈ. વચ્ચે યોજાયેલી શ્રેષ્ઠત્તમ સંસ્થાની સ્પર્ધામાં રાજ્યકક્ષાએ તૃતીય સ્થાન પ્રાપ્ત કરીને જામનગરનું ગૌરવ વધાર્યું છે. ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગ હેઠળ કાર્યરત રાજકોટ, અમદાવાદ, સુરત અને વડોદરા એમ ચાર વિભાગોની કુલ ૫૫૦ સંસ્થાઓમાંથી જામનગર આઈ.ટી.આઈ.એ આ સિદ્ધિ હાંસલ કરી છે. આ સ્પર્ધાના પ્રથમ તબક્કે રાજકોટ વિભાગની કુલ ૯૯ આઈ.ટી.આઈ. માંથી જામનગરની સંસ્થા પ્રથમ ક્રમે ઉત્તીર્ણ થઈ હતી, ત્યારબાદ રાજ્યની પસંદ થયેલી શ્રેષ્ઠ ૧૨ સંસ્થાઓ વચ્ચેની આખરી સ્પર્ધામાં જામનગરે સમગ્ર રાજ્યમાં ત્રીજું સ્થાન મેળવ્યું છે. આ ભવ્ય સફળતા બદલ રાજ્ય સરકાર દ્વારા સંસ્થાને પ્રોત્સાહન રૂપે રૂપિયા પાંચ લાખનું અનુદાન પણ એનાયત કરવામાં આવ્યું છે.

શ્રેષ્ઠ આઈ.ટી.આઈ.ની પસંદગી માટે કુલ ૩૦ જેટલા વિવિધ કઠિન માપદંડો નિર્ધારિત કરવામાં આવ્યા હતા, જેમાં સંસ્થાની સફાઈ, તાલીમની ગુણવત્તા, ઓન જોબ ટ્રેનિંગ, એફિલેશન, ડ્યુઅલ સિસ્ટમ ઓફ ટ્રેનિંગ અને તાલીમાર્થીઓના પાસ આઉટ રેશિયો જેવી બાબતોનો સમાવેશ થાય છે. આ તમામ પાસાઓમાં ૧૫૦ ગુણમાંથી ૧૨૭ ગુણ મેળવીને જામનગર આઈ.ટી.આઈ.એ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે. સંસ્થા દ્વારા માત્ર પુસ્તકીય જ્ઞાન જ નહીં પરંતુ તાલીમાર્થીઓના સર્વાંગી વિકાસ માટે થેલેસેમીયા ટેસ્ટ, બ્લડ ડોનેશન કેમ્પ, કેન્સર અવેરનેસ સેમિનાર, વૃક્ષારોપણ અને વિવિધ ઈન્ડસ્ટ્રીયલ વિઝિટ જેવા રચનાત્મક કાર્યક્રમોનું સતત આયોજન કરવામાં આવ્યું. આ ઉપરાંત પર્યાવરણ જાગૃતિ માટે ગીર, નરારા અને પોલો ફોરેસ્ટમાં શૈક્ષણિક શિબિરો તેમજ ફાયર સેફ્ટી અને સિવિલ ડિફેન્સની તાલીમ પણ આપવામાં આવી હતી.જામનગર આઈ.ટી.આઈ.ની આ સફળતા જિલ્લાના યુવાનો માટે ટેકનિકલ શિક્ષણ ક્ષેત્રે નવા દ્વાર ખોલનારી સાબિત થશે

### શારદાપીઠ કોલેજના પ્રોફેસરે હિન્દુ ધર્મ વિરૂધ્ધ: ટિપ્પણી કરી હતી

# દ્વારકામાં હિન્દુ સમાજ દ્વારા પ્રાંત અધિકારીને આવેદન પત્ર



**અબતક, મહેન્દ્ર કક્કડ**
**દ્વારકા**

દ્વારકા શારદાપીઠ કોલેજના પ્રોફેસર દ્વારા થોડા સમય પહેલા સોશ્યલ મીડીયામાં કથિત રીતે હિન્દુ સમાજ વિરોધી કરેલ પોસ્ટના સખ્ત વિરોધમાં હિંદુ સમાજ દ્વારકા - ઓખા મંડળ દ્વારા દ્વારકા પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવી વિરોધ દર્શાવ્યો હતો. આવેદનપત્રમાં જણાવ્યાનુસાર આ પ્રોફેસર દ્વારા કરાયેલ પોસ્ટ અંગે યોગ્ય તપાસ કરવા પણ માંગ કરાઈ છે. હિંદુ સંગઠન દ્વારા શારદાપીઠ કોલેજમાં પણ આવેદનપત્ર પાઠવી વિરોધ વ્યક્ત કર્યો હતો.

# ભાણવડમાં પોલીસ કર્મીઓ માટે યોજાયેલા મેડિકલ કેમ્પનો ૧૮૩ જવાનોએ લીધો લાભ




**અબતક, મહેન્દ્ર કક્કડ**
**દ્વારકા**

ભાણવડ પોલીસ સ્ટેશન તેમજ ભાણવડ તાલુકા હેલ્થ કચેરીના સંયુકત ઉપક્રમે ભાણવડ પોલીસ લાઈન ખાતે પોલીસ અધિકારીગણ તેમજ કર્મચારીગણ માટે મેડીકલ કેમ્પ યોજવામાં આવેલ. આ મેડીકલ કેમ્પમાં પોલીસ અધિકારીઓ તથા કર્મચારીઓના પરિવારજનો તેમજ હોમગાર્ડઝ, જી.આર.ડી., ટી.આર.બી.ના જવાનો સહિત કુલ ૧૮૩ લોકોના આરોગ્યનું ચેકઅપ કરવામાં આવેલ. આ મેડીકલ કેમ્પમાં જિલ્લા પોલીસ વડા જયરાજસિંહ વાળા સહિતના અધિકારીગણ અને બહોળી સંખ્યામાં પોલીસ કર્મચારીગણ જોડાયો હતો.

# રાજકીય અગ્રણીના ભત્રીજા પર ખુની હુમલો કરનાર છ શખ્સની ધરપકડ

## જુની અદાવતનો ખાર રાખી ઘાતક હથિયારો વડે માર મારી ફાયરીંગ કર્યુ હતું: પૂર્વ કોર્પોરેટર સહિત છની શોધખોળ



જામનગર તાલુકાના વસઈ ગામ નજીક પરમદીને રાત્રે બનેલા ફાયરિંગના બનાવમાં પોલીસે ઝડપી કાર્યવાહી કરીને ૬ આરોપીઓને પકડી પાડ્યા છે, જ્યારે ૬ આરોપીઓની શોધખોળ શરૂ કરવામાં આવી છે.આ બનાવ અંગે જામનગરના માજી કોર્પોરેટર અસલમભાઈ કરીમભાઈ ખીલજી દ્વારા સિક્કા પોલીસ મથકે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમના ભત્રીજા શાહનવાઝ મહમદ હનીફભાઈ ખીલજી તથા અન્ય સાથીદારો પર અજાણ્યા શખ્સોએ ગોળીબાર કર્યો હતો.ઘટના સમયે શાહનવાઝ પોતાની થાર જીપમાં જામનગર-દ્વારકા હાઈવે પર તુલસી હોટલ પાસે પહોંચ્યા હતા, ત્યારે પાછળથી થાર જીપ અને બલેનો કારમાં આવેલા આરોપીઓએ પીછો કરીને ગોળીબાર કર્યો હતો. બાદમાં વસઈ ગામ પાસે તેમની ગાડીને ટક્કર મારી, જેમાં શાહનવાઝ અને રઉફ ગુલામહુશેનને ગંભીર ઈજાઓ પહોંચી હતી. પરિણામે પોલીસે મોસીન ઉર્ફે મુસો મહેબુબભાઈ રુમી, હમીદ ઉર્ફે રાંઝો જાનમહમદ બ્લોચ, તબરેજ રફીકભાઈ હાલાણી, નુરમામદ ખલીલભાઈ સિદીકી, તોહીદખાન ઉર્ફે પપ્પુ ફિરોઝખાન શેખ અને વિજય ઉર્ફે ગોનો ધેલાભાઈ સીંગરખીયા સહિત ૬ આરોપીઓને ઝડપી લીધા છે.

આરોપીઓ પાસેથી બે તમંચા, ૩ જીવતા કારતૂસ, સહિતના હથિયારો તેમજ બલેનો કાર અને થાર જીપ મળી કુલ રૂ. ૧૮,૧૦,૪૪૦ નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. મુખ્ય કાવતરાખોર તરીકે પૂર્વ કોર્પોરેટર અલ્તાફ ગફાર ખફીનું નામ સામે આવ્યું છે. તેની સાથે અનવર ગફાર ખફી, ટોપી અબ્બાસ કુરેશી સહિતના ૬ આરોપીઓ હાલ ફરાર છે પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે ગત ૨૦ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ થયેલી મારામારીની ઘટનાનો બદલો લેવા માટે આ ફાયરિંગ કરવામાં આવ્યું હતું. પોલીસે સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે.


# દ્વારકામાં સુજલામ સુફલામ જળ અભિયાના અમલીકરણ માટે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ



**અબતક, મહેન્દ્ર કક્કડ**
**દ્વારકા**

સુજલામ સુફલામ જળ અભિયાન ૨૦૨૬ ના અમલીકરણ અંગે દેવભૂમિ દ્વારકા જિલ્લા સેવા સદન ખાતે કલેકટર રાજેશ તન્નાની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી. બેઠકમાં લોક ભાગીદારી તથા એનજીઓના સહયોગથી કરવામાં આવનાર વિવિધ જળસંચયને લગતા કામોની ચર્ચા કરવામાં આવી હતી. આ તકે બેઠકમાં જિલા ગ્રામ વિકાસ એજન્સી નિયામક હેતલ જોશી, કાર્યપાલક ઈજનેર ક્ષાર અંકુશ વિભાગ ખંભાળીયા જે.જે.પટેલ, જિલ્લાની અગ્રણી કંપનીઓના સીએસઆર પ્રતિનિધિઓ, ગીર ગંગા ફાઉન્ડેશન ટ્રસ્ટ તેમજ સમિતિના અન્ય સભ્યો ઉપસ્થિત રહયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે વરસાદી પાણીનો સંગ્રહ થાય અને ભૂગર્ભ જળસ્તર વધે તે ઉદ્દેશ્યથી ૩૧ મે ૨૦૨૬સુધી સુજલામ સુફલામ અભિયાન અંતર્ગત ચોમાસા પહેલા તળાવો, ચેકડેમ વગેરેની સંગ્રહ ક્ષમતા વધારવા ડીપનિંગ વગેરે રેઈન વોટર હાર્વેસ્ટિંગના કામો હાથ ધરવામાં આવશે.

# દ્વારકાધીશ મંદિરે ઠાકોરજીને ૧૯૦૦ ગ્રામ ચાંદીના ધનુષબાણ અર્પણ કરાયા



**અબતક, મહેન્દ્ર કક્કડ**
**દ્વારકા**

હિન્દુ સંપ્રદાયમાં ચૈત્ર માસના મહત્વપૂર્ણ તહેવારોમાંના પ્રમુખ એવા રામનવમી ઉત્સવ પૂર્વે યાત્રાધામ દ્વારકાના દ્વારકાધીશ મંદિરમાં ગઈકાલે મુંબઈના પરમ વૈષ્ણવ ગૃપ ઈલાઈટ ઈલેકટ્રોનીકસ કોર્પોરેશન દ્વારા રાજાધિરાજ દ્વારિકાધીશને અંદાજિત ૧ કિલો ૮૯૯ ગ્રામ ચાંદીના ધનુષ તેમજ ત્રણ બાણ અર્પણ કરવામાં આવ્યા હતા.

# દ્વારકા: એલ.સી.બી.એ ગૌમાંસના પ્રકરણમાં વધુ બે આરોપીને ઉઠાવી લીધા

## રૂપેણ બંદરમાંથી દોઢ માસ પૂર્વે ગૌમાંસનો જથ્થો પકડાયો હતો



**અબતક, મહેન્દ્ર કક્કડ**
**દ્વારકા**


દ્વારકાના રૂપેણ બંદર વિસ્તારમાંથી ગૌમાંસના ઝડપાયેલ જથ્થા પ્રકરણે દ્વારકા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ગુન્હાના કામે દેવભૂમિ દ્વારકા એલસીબી ટીમે હાથ ધરેલ તપાસમાં રૂપેણ બંદર વિસ્તારના અન્ય બે આરોપીઓની સંડોવણી હોવાનું જણાઈ આવતા રૂપેણ બંદર નવી મસ્જીદ પાસે રહેતા મુસાભાઈ અલારખાભાઈ રાડીયા તથા રૂપેણ બંદરના નવી નિશાળ બાજુમાં રહેતા મહંમદહનીફ ઉર્ફે મુન્નાબાપુ અહમદમિંયા સૈયદની વિધિવત ધરપકડ કરવામાં આવી છે. બન્ને આરોપીઓને સાથે રાખી એલસીબી તથા દ્વારકા પોલીસના ડી-સ્ટાફ દ્વારા આરોપીઓ દ્વારા ગેરકાયદેસર રીતે માંસના જથ્થાનું વેચાણ કરતી જગ્યાએ જઈ ઘટના સ્થળનું વિગતે પંચનામુ કરી જીણવટ ભરી તપાસ કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. આ ગુન્હાની તપાસ જિલ્લા પોલીસ વડા જયરાજસિંહ વાળાના માર્ગદર્શનમાં એલસીબી પીઆઈ બી.જે.સરવૈયાની રાહબરીમાં એલસીબી પીએસઆઈ બી.એમ.દેવમુરારી ચલાવી રહયા છે.

# વિધાનસભા સત્રનો આજે છેલ્લો દિવસઃ હવે ગમે ત્યારે ચૂંટણીનું એલાન

## છેલ્લા દિવસે ગૃહમાં ચાર વિધેયક રજૂ કરાયાઃ ૧ એપ્રિલે ચૂંટણીની તારીખ જાહેર કરાય તેવી શકયતા

**અબતક, રાજકોટ**

ગુજરાત વિધાનસભામાં ચાલતા બજેટ સત્રનો આજે અંતિમ દિવસ છે. આજે સરકાર દ્વારા અલગ અલગ ચાર વિધેયક ગૃહમાં રજૂ કરવામાં આવશે સત્ર પૂર્ણ થતાની સાથે જ હવે સ્થાનિક સ્વરાજયની ચૂંટણીની તારીખ જાહેર કરવાનો માર્ગ મોકળો બની જશે.



આગામી ૩૦મી માર્ચ આખરીમતદાર યાદી પ્રસિધ્ધ થવાની હોય અને ૩૧મીએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના પ્રવાસે આવી રહ્યા હોય સંભવત ૧ એપ્રિલના રોજ ચૂંટણીની તારીખ જાહેર કરવામાં આવે તેવું હાલ લાગી રહ્યું છે. રાજયની મહાનગરપાલીકા, જિલ્લા પંચાયત, નગરપાલીકા અને તાલુકા પંચાયતમાં ચૂંટાયેલી બોડીની મૂદત પૂર્ણ થવા પામી છે. હાલ સ્થાનીક સ્વરાજયની સંસ્થામાં વહીવટદાર શાસન અમલમાં છે.

કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા મતદાર યાદી સુધારણા કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો હતો. એસઆઈઆરની કામગીરીના કારણે સ્થાનિક સ્વરાજયની (અનુ. આઠમા પાને)

## ડ્રાફ્ટ અને ફાઈનલ મતદાર યાદી વચ્ચે માત્ર સાત દિવસનો જ સમય

### મતદારોનો મતાધિકાર છીનવવાનો પ્રયાસઃ કોંગ્રેસ

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનની ચૂંટણીમાં મતદાર યાદીનો ડ્રાફ્ટ પ્રસિદ્ધ કરીને ફાઈનલ કરવામાં માત્ર સાત દિવસનો સમય આપીને ચુપચાપ નાગરિકોના મતના અધિકાર ઉપર તરાપ મારવાનો ખેલ શરૂ કરાયો છે.

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના ઈલેક્શન ડિપાર્ટમેન્ટ દ્વારા સોમવારે અગામી સમયમાં યોજનારી અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનની સામાન્ય ચૂંટણી ૨૦૨૬ માટે ' ડ્રાફ્ટ મતદાર યાદી પ્રસિદ્ધ કરી દીધી પણ હજુ સુધી રાજકીય પક્ષને આ યાદીની કોપી આપી નથી.

હવે તા.૩૦ માર્ચ ૨૦૨૬ સુધીમાં ફાઈનલ મતદાર યાદી પ્રસિદ્ધ કરી દેવાશે. હવે અમદાવાદ શહેરના મસ્ટર સ્ટેશન, સબ ઝોનલ કચેરીઓ, વોર્ડ ઓફિસ, ઝોનલ કચેરીઓ અને અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના કંટ્રોલ રુમ સહિત જુદી જુદી ૫૮ કચેરીઓ ખાતે જઈને નાગરિકોને પોતાના નામોની ચકાસણી કરવાનું કહેવાયું છે પણ વાસ્તવમાં અમદાવાદના લાખો લોકો માત્ર સાત દિવસમાં ૫૮ કચેરીઓમાં જઈને પોતાના નામ ચકાસી શકે ખરા ?

શહેરના શ્રમજીવી વિસ્તારો, ચાલીઓ, પોલો, મધ્યમવર્ગીય વસાહતો અને અન્ય વિસ્તારોમાં રહેતા નાગરિકો એલપીજી સિલિન્ડર મેળવવાની લાઇનમાં અને પેટ્રોલ મેળવવાની લાઇનમાં ઊભા છે તેવા સંજોગોમાં માત્ર સાત દિવસનો સમય આપીને નામ ચકાસણીના નામે નાગરિકોને મતના અધિકારથી વંચિત રાખવાનું કાવતરું રચાયું હોય તેવી સ્થિતિ છે. તાકીદે મતદારયાદીનો ડ્રાફ્ટ રાજકીય પક્ષોને આપો અને મતદારોને નામ ચકાસણી માટે વધુ સમય આપો.

આ સિવાય, અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા ઓનલાઈન ચકાસણી અંગે કોઈ માહિતી જાહેર કરી નથી તે પણ શંકાસ્પદ છે. આખી (અનુ. આઠમા પાને)

# નયારાનું ૩૫ દિવસનું શટડાઉન પેટ્રોલ-ડીઝલની "મોકાણ" સર્જશે?

## વાડીનાર રિફાઈનરીના ૩૫ દિવસના શટડાઉનથી ભારતની કુલ રિફાઈનિંગ ક્ષમતામાં લગભગ ૮ ટકાનો ઘટાડો થઈ શકે

**અબતક, રાજકોટ**

નાયરા એનર્જી ભારતની મુખ્ય ખાનગી તેલ રિફાઈનિંગ કંપનીઓમાંની એક છે. વાડીનારમાં આવેલી રિફાઈનરીની ક્ષમતા ૪૦૦,૦૦૦ બેરલ પ્રતિ દિવસ (લગભગ ૨ કરોડ ટન પ્રતિ વર્ષ) છે. આ રિફાઈનરી ભારતની કુલ રિફાઈનિંગ ક્ષમતાનો લગભગ ૮% હિસ્સો ધરાવે છે અને દેશભરમાં ૬,૫૦૦થી વધુ પેટ્રોલ પંપો ચલાવે છે. કંપનીની મોટા ભાગની માલિકી રશિયન કંપની રોશનેફ્ટ પાસે છે.

રિફાઈનરીઓને સલામતી અને કાર્યક્ષમતા જાળવવા માટે દર ચાર વર્ષે લગભગ ૩૦થી ૫૦ દિવસનું મેઈન્ટેનન્સ શટડાઉન (બંધાણ) કરવું પડે છે. નાયરાની છેલ્લી મેઈન્ટેનન્સ નવેમ્બર ૨૦૨૨માં થઈ હતી, તેથી આ વખતે તે ફેબ્રુઆરી ૨૦૨૬માં નક્કી કરવામાં આવી હતી.

પરંતુ યુરોપિયન યુનિયન દ્વારા નાયરા પર લગાવેલા પ્રતિબંધોને કારણે યુરોપિયન કોન્ટ્રાક્ટર્સ અને સપ્લાયર્સ કામ કરવા તૈયાર નથી. આ પ્રતિબંધો રશિયા-યુક્રેન યુદ્ધ અને રોશનેફ્ટ સાથેના સંબંધને કારણે લાગુ પડ્યા છે. પરિણામે કંપનીએ મેઈન્ટેનન્સને એપ્રિલ ૨૦૨૬ સુધી મુલતવી રાખવાનો નિર્ણય કર્યો છે. જો કે, જ્યારે બંધાણ થશે ત્યારે તે લગભગ ૩૫ દિવસ ચાલી શકે છે.

ભારત વિશ્વનું ચોથું સૌથી મોટું તેલ રિફાઈનર છે. દેશમાં કુલ લગભગ ૫.૬ મિલિયન બેરલ પ્રતિ દિવસની રિફાઈનિંગ ક્ષમતા છે. નાયરાની ૪૦૦,૦૦૦ બેરલ/દિવસની ક્ષમતા આમાંથી ૮% જેટલી છે.જો ૩૫ દિવસ માટે આ રિફાઈનરી સંપૂર્ણપણે બંધ રહે તો દરરોજ ૪૦૦,૦૦૦ બેરલનું ઉત્પાદન અટકી જશે.કુલ રિફાઈનિંગ આઉટપુટમાં લગભગ ૮%નો ઘટાડો થઈ શકે છે.

# મારૂતિ વધુ અઢી લાખ વાહનો સાણંદ પાસે બનાવશે

## વાર્ષિક ઉત્પાદન ક્ષમતા ઉમેરવા માટે રૂ. ૧૦,૧૮૯ કરોડના રોકાણને મંજૂરી પ્રથમ તબક્કાનું કામ ૨૦૨૯ સુધીમાં પૂર્ણ થવાની અપેક્ષા

**અબતક, રાજકોટ**

ભારતની સૌથી મોટી કાર નિર્માતા કંપની મારૂતિ સુઝુકી ઈન્ડિયા લિમિટેડએ ગુજરાતના સાણંદ નજીક ખોરાજ ઔદ્યોગિક વિસ્તારમાં વધારાની ૨.૫ લાખ વાહનોની વાર્ષિક ઉત્પાદન ક્ષમતા ઉમેરવા માટે રૂ. ૧૦,૧૮૯ કરોડના રોકાણને મંજૂરી આપી છે. આ પ્રથમ તબક્કાનું કામ ૨૦૨૯ સુધીમાં પૂર્ણ થવાની અપેક્ષા છે, જે બજારની સ્થિતિને આધારે આગળ વધશે.

આ રોકાણ મારૂતિ સુઝુકીના ગુજરાતમાં બીજા મોટા પ્લાન્ટના વિકાસનો ભાગ છે. કંપનીએ જાન્યુઆરી ૨૦૨૬માં સાણંદ (ખોરાજ)માં આશરે ૧૭૫૦ એકર (લગભગ ૭ મિલિયન ચો.મી.) જમીન ખરીદવા માટે રૂ. ૪,૯૬૦ કરોડની મંજૂરી આપી હતી. આ નવા પ્લાન્ટમાં કુલ ૧૦ લાખ વાહનોની વાર્ષિક ક્ષમતા વિકસાવવાની યોજના છે, જેમાં ચાર અલગ અલગ યુનિટ્સ બનાવવામાં આવશે, દરેકની ક્ષમતા અઢી લાખ વાહનોની. પ્રથમ તબક્કામાં જ ૨.૫ લાખ વાહનોની ક્ષમતા ઉમેરાશે.

મારૂતિ સુઝુકીનો હાલનો હંસલપુર પ્લાન્ટ (સાણંદમાં) વાર્ષિક ૭.૫ લાખ વાહનોનું ઉત્પાદન કરે છે. આમાં વધારાની ૨.૫ લાખ વાહનોની ક્ષમતા ઉમેરાતાં કુલ ૧૦ લાખ વાહનોનું ઉત્પાદન થઈ શકશે. આ વિસ્તાર ગુજરાતને દેશના મુખ્ય ઓટોમોબાઈલ હબ તરીકે મજબૂત બનાવશે અને મેક ઈન ઈન્ડિયા તેમજ મેડ ફોર ધ વર્લ્ડ વિઝનને વેગ આપશે.

કંપનીએ આ વિસ્તાર માટે આંતરિક ભંડોળનો ઉપયોગ કરવાનો છે. આમાં વાહન નિર્માણ લાઈન્સ તેમજ સામાન્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો સમાવેશ થાય છે, જેથી ભવિષ્યમાં વધુ વિસ્તાર સરળ બને. આ વિસ્તાર મુખ્યત્વે ઘરેલુ માર્કેટની વધતી માંગ તેમજ નિકાસની તકોને પહોંચી વળવા માટે કરવામાં આવ્યો છે.

# વંદે માતરમ @૧૫૦ વર્ષની બીજા તબકકાની ૩૧મી સુધી ઉજવણી

## દેશભક્તિ અને રાષ્ટ્રીય એકતાને વધુ મજબૂત બનાવવા જનભાગીદારી થકી વ્યાપક અભિયાન

**અબતક, રાજકોટ**

દેશવાસીઓની રાષ્ટ્રીય ભાવનાને પ્રેરણા આપતું અમર રાષ્ટ્રીય ગીત 'વંદે માતરમ'ને ૧૫૦ વર્ષ પૂર્ણ થવાની ઉજવણી અંતર્ગત 'વંદે માતરમ ૧૫૦ વર્ષ'ના બીજા તબક્કામાં વિવિધ કાર્યક્રમોની ઉજવણી ૩૧ માર્ચ,૨૦૨૬ દરમિયાન કરવામાં આવશે. જેનો મુખ્ય ઉદ્દેશ નાગરિકોમાં રાષ્ટ્ર ભાવનાને વધુને વધુ ઉજાગર કરવાનો છે.

આ અભિયાન અંતર્ગત જિલ્લા, તાલુકા, નગરપાલિકા,મહાનગરપાલિકા અને ગ્રામીણ સ્તરે વંદે માતરમના સમૂહ ગીતનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વિદ્યાર્થીઓ,યુવાનો,સરકારી અધિકારીશ્રીઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ અને નાગરિકોની વિશાળ જનભાગીદારી સુનિશ્ચિત કરવામાં આવશે.

વધુમાં, દેશભક્તિનો સંદેશ વ્યાપક સ્તરે પહોંચે તે હેતુથી વિવિધ સ્થળોએ રેલી,પદયાત્રા અને જાહેર સભાનું આયોજન પણ કરવામાં આવશે. આ ઉપરાંત શાળાઓ અને કોલેજોમાં વંદે માતરમ- દેશભક્તિ (અનુ. આઠમા પાને)

# ઈંધણની અછતની અફવાઓ વચ્ચે સીએમની તમામ જિલ્લા કલેકટર સાથે વીસી

## પુરવઠો અવિરત જળવાય રહે અને લોકોને હાલાકી ન પડે તેવી વ્યવસ્થા કરવા તાકીદ

**અબતક, રાજકોટ**

રાજયભરમાં છેલ્લા ત્રણ દિવસથી ઈંધણની અછતની અફવાએ જોર પકડયું છે. રાજય સરકાર દ્વારા વારંવાર બાહેધરી આપવામાં આવતી હોવા છતાં પેટ્રોલ પમ્પ પર વાહન ચાલકોની લાંબી કતારો જોવા મળી રહી છે. વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખી મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે ગઈકાલે રાજયના તમામ જિલ્લા કલેકટરો સાથે વીડીયો કોન્ફરન્સ યોજી હતી. અવિરત પુરવઠો જળવાય રહે તેવી વ્યવસ્થા કરવાની સુચના આપવામાં આવી હતી.



મુખ્ય મંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે ગાંધીનગરથી વીડિયો કોન્ફરન્સના માધ્યમથી રાજયના તમામ જિલ્લાના કલેક્ટર સાથે બેઠક યોજી હતી. રાજ્યમાં પેટ્રોલ, ડીઝલ અને એલપીજી જથ્થાની વર્તમાન સ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી. સમગ્ર રાજયમાં હાલએલપીજી, પીએનજી અને પેટ્રોલ-ડીઝલની સ્થિતિ સામાન્ય છે અને પુરવઠો પૂરતા પ્રમાણમાં છે. રાજયના અમુક સ્થળોએ (અનુ. આઠમા પાને)

# નેતાઓ અને અધિકારીઓ સાથે મળીને કામ કરે તો અદભુત પરિણામ મળેઃ મુખ્યમંત્રી

## આપણો મુખ્ય ઉદ્દેશ્ય એક જ હોવો જોઈએ કે પ્રજાજનોના કામ સરળ થાય,જેટલી સરળતાથી લોકોનું કામ થશે, એટલો જ તંત્ર અને સરકારને વધુ સંતોષ મળશેઃ ભૂપેન્દ્ર પટેલ

**અબતક, રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ગરિમામય ઉપસ્થિતિમાં મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે રાજ્યના વહીવટી તંત્રને વધુ આધુનિક અને નાગરિક-કેન્દ્રી બનાવવાના ઉદ્દેશ્ય સાથે 'સુગમ ડિજિટલ ગુજરાત' પહેલનો વિધિવત પ્રારંભ કરવામાં આવ્યો હતો.

મુખ્યમંત્રીએ 'સુગમ ડિજિટલ ગુજરાત' અનાવરણ કાર્યક્રમ અંતર્ગત જણાવ્યું હતું કે,આપણે ઘણા બધા કાર્યક્રમો કરતા હોઈએ છીએ, અને કાર્યક્રમ એક એવું માધ્યમ છે, જેના દ્વારા સરકાર જે કાર્યો કરે છે તે લોકો સુધી પહોંચે છે. એટલું જ નહીં, પણ જે કાર્ય કર્યું છે એમાં કોઈ રહી ન જાય અને પ્રેસના માધ્યમથી તે માહિતી ઘરે-ઘરે પહોંચે તો, જે નાગરિકો સરકારી યોજનાઓને પાત્ર હોય, તેઓ તેનો પૂરો લાભ લઈ શકે એવો સરકારનો હંમેશા પ્રયત્ન હોય છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૦૨માં 'સ્વાગત ઓનલાઈન' શરૂ કરીને ટેકનોલોજીના ઉપયોગને હંમેશા પ્રાથમિકતા આપી છે. એ જ પ્રાથમિકતાના આધારે આજે આપણે ખૂબ સારું પરિણામ મેળવી રહ્યા છીએ અને ૨૦ જેટલી નવી સેવાઓ 'લાઈન'માંથી 'ઓનલાઈન' કરવા જઈ રહ્યા છીએ.

તમામ લોકોને ઘરે બેઠા સુવિધા મળે તે માટે ફેસલેસ, કેશલેસ અને પેપરલેસ સેવાઓ પૂરી પાડવા ગુજરાત સરકાર સતત પ્રયત્નશીલ છે. આ ડિજિટલ પ્રક્રિયામાં જો નાગરિકોને ક્યાંય પણ મુશ્કેલી જણાય, તો તેના નિવારણને સૌથી વધુ મહત્ત્વ આપવામાં આવે છે તે પણ તેમણે જણાવ્યું હતું.

ગ્રામજનો સૌથી પહેલા કોઈના સંપર્કમાં આવતા હોય તો તે તલાટી અથવા વીસીઈ -વિલેજ કોમ્પ્યુટર એન્ટરપ્રેન્યોર છે તેનો ઉલ્લેખ કરતાં તેમણે ઉમેર્યું હતું કે, આ તમામ સેવાઓ ઓનલાઈન કેવી રીતે મળે છે, તેનો આપણે સૌ જેટલો પ્રચાર અને પ્રસાર કરીશું એટલો જ પ્રજાને અને તંત્રને ફાયદો થશે. તમે જે નોકરી કે સેવાનું કાર્ય કરો છો, તેનો મુખ્ય ઉદ્દેશ્ય એક જ દિશામાં હોવો જોઈએ કે પ્રજાજનોના કામ સરળ થાય. આપણા મનમાં એ જ લક્ષ્ય હોવું જોઈએ કે જેટલી સરળતાથી લોકોનું કામ થાય એટલો આપણને સંતોષ મળે.જ્યારે પ્રજાના પ્રતિનિધિઓ અને સરકારી અધિકારીઓ તમામ સ્તરે સાથે મળીને એકજ દિશામાં કામ કરે છે, ત્યારે તેનું પરિણામ અદભૂત આવે છે. ગુજરાતમાં આપણે સૌએ જોયું છે કે, ગમે તેવી પરિસ્થિતિ હોય, જો આપણે સાથે મળીને કામ કર્યું છે તો તેના સચોટ પરિણામો મળ્યા છે.

વધુમાં મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે,જ્યારે વડાપ્રધાનએ ડિજિટલ પેમેન્ટની વાત કરી હતી, ત્યારે ઘણા બધા લોકોને એવું લાગતું હતું કે, આ કેવી રીતે શક્ય બનશે? પરંતુ આજે આખા દેશમાં સૌથી વધુ ડિજિટલ પેમેન્ટનો ઉપયોગ સામાન્ય અને નાના માણસો કરી રહ્યા છે. આમાં પ્રજાનો પણ મોટો સહકાર મળ્યો છે. જ્યારે સરકાર સમસ્યાઓના સમાધાન માટે આગળ વધતી હોય, ત્યારે પ્રજાનો સાથ હંમેશા મળતો રહ્યો છે. આજે ૨૦ સેવાઓ ઓનલાઈન કરી છે અને ભવિષ્યમાં પણ આ ક્ષેત્રે ધ્યાન આપી નાગરિકો માટે વધુ સુવિધા ઉપલબ્ધ કરાવવા સરકાર તત્પર હોવાનું પણ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું.

તેમણે અનાવરણ થઈ રહેલ પહેલને કારણે ઊભી થનારી વ્યવસ્થામાં ડેટા ડિજિટલ હોવાને કારણે નાગરિકે દરેક નવી સેવા માટે ફરી-ફરીને એના એ જ પેપરો આપવા નહીં પડે તેની વિગત આપતા કહ્યું કે, આ માટે ડિજિટલ લોકરની પણ શરુઆત થઈ રહી છે. ટેકનોલોજીના આ ઉપયોગનો લાભ જન-જન સુધી પહોંચે તે માટે આપણે સૌએ સાથે મળીને કામ કરવાનું છે.

(અનુ. આઠમા પાને)

# યુસીસી લાગુ કરનારૂ ગુજરાત બનશે દેશનું બીજુ રાજય

## વિધાનસભામાં યુસીસી બિલ બહુમતીથી પ્રસારઃ કોંગ્રેસે વિરોધ કરી વોક આઉટ કર્યો

**અબતક, રાજકોટ**

ગુજરાત સમાન નાગરિક સંહિતા ૨૦૨૬ વિધેયક ગુજરાત વિધાનસભામાં બહુમતીથી પસાર કરવામાં આવ્યું છે. ઉત્તરાખંડ બાદ ગુજરાત યુસીસી લાગુ કરનારૂ દેશનું બીજુ રાજય બનશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી દ્વારા રાજયની બહેનો, માતાઓ અને દિકરીઓને મોટી ભેટ આપવામાં આવી છે. બિલ અધુરૂ હોવાની વાત સાથે કોંગ્રેસે વોક આઉટ કર્યું હતુ.

ભાજપના પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માએ યુસીસી બીલ પ્રસાર કરવા બદલ રાજય સરકારને અભિનંદન પાઠવ્યા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ બિલ રજૂ કર્યા બાદ સતત સાડા સાત કલાક સુધી બિલ પર ચર્ચા થઈ હતી ત્યારબાદ વિધેયકને મતદાન પર મૂકવામાં આવ્યું હતુ. બહુમતીથી આ બિલ પાસ થયું છે.

ગુજરાત સમાન નાગરિક સંહિતા ૨૦૨૬નું બિલ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગૃહમાં ચર્ચા માટે રજૂ કર્યું ત્યારે શાસક પક્ષ ભાજપના તમામ સભ્યોએ જય જય શ્રી રામ, ભારત માતા કી જયના બુલંદ નારા લગાવ્યા હતા. મુખ્યમંત્રીએ સ્પષ્ટ કર્યું હતું કે, સનાતન ધર્મ, સંસ્કૃતિ, ઋગ્વેદ અને વસુધૈવ કુટુમ્બકમની ભાવના, બંધારણ તેમજ વિવિધ કોર્ટના ચુકાદા, અવલોકનો તેમજ વિશ્વના દેશોના આવા કાયદાના અભ્યાસ, સમાજના વિવિધ વર્ગો સાથે લંબાણપૂર્વક ચર્ચા, સૂચનોનો અભ્યાસ કરી આ બિલ લવાયું છે. આ બિલ કોઈ કાયદાકીય પ્રક્રિયા નથી, પરંતુ એક સમાનતા, ન્યાય અને એકતાના રાજ્ય સંકલ્પને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્ત્વમાં વધુ મજબૂત કરવાનો મક્કમ નિર્ધાર છે. જોકે, આ બિલ લાવવાના સમય પર કોંગ્રેસે પ્રશ્ન ઉઠાવી કહ્યું કે, ચૂંટણીઓ (અનુ. આઠમા પાને)

